



વર્ષ : ૩૯ ◆ અંક : ૨

ફેબ્રુઆરી - ૨૦૧૫

Retail Price Rs. 10/- Each


શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

# दिव्यध्वनि

આધ્યાત્મિક મુખપત્ર

## શ્રી ગિરનારજી તીર્થક્ષેત્ર


**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)

કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯, ૨૩૨૭૬૪૮૩-૮૪ ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

E-mail : mail@shrimadkoba.org, Web.: www.shrimadkoba.org

# ચિંતન

(૧) આ જગતમાં પ્રતિકૂળતાના કે અનુકૂળતાના સંયોગોમાં રાત્રિ-દિવસ રોકાઈ, જિંદગી ખતમ કરે છતાં તેને તેમાંથી આત્માના સ્વાદનું સેવન ન થાય, માટે ધૂળના ઢગલા છોડ. બ્રહ્મદત્ત ચક્રવર્તીએ આ વાત માની નહીં, તેથી તે નરકે ગયો. એકે સમય પહેલાં છ ખંડનો અન્નદાતા તે એક સમય પછી અન્ન-જળ વગરની, મહાદુઃખદાયક એવી ૩૩ સાગરોપમની સ્થિતિવાળી સાતમી નરકે ગયો.

(૨) અધમાધમને પણ પ્રભુ અપનાવે છે. પરદેશીરાજા તથા અર્જુનમાળી જેવાને પણ પ્રભુએ અપનાવ્યા. માત્ર દીનતા એટલે નમ્રતા અને શરણની સાચી ધગશ જોઈએ. પહાડ જેવા પાપના પુંજને એક ક્ષણમાં ભસ્મકરી નાખે તેવી સર્વજ્ઞ પ્રભુની અજબ શક્તિ છે. તેની કૃપાદૃષ્ટિના કટાક્ષથી દોષોના દરિયા પણ સુકાઈ જાય છે. એની એક જ અમૃતધારાથી અનાદિના આધિ-વ્યાધિ-ઉપાધિના તાપ છેદાય જાય છે, અનાદિના સંશયો નિવૃત્ત થાય છે અને કલ્યાણના થર બંધાય છે.

(૩) ત્રિભુવન તારકના શરણે જા. રમા, ભોગ, ધૂળના ઢગલાના શરણે શું પડ્યો છે ? પ્રભુની વિશાળ છાયામાં વિચર-વિચર. પ્રભુના પ્યારા ભગવત્ જીવોનો સંગ કર. પ્રભુનું નામસ્મરણ દુઃખને ભસ્મ કરનાર છે. તેમનું ચિંતવન ચિંતામણિ સમાન છે. ભક્તવત્સલ ભગવાન કલ્યાણના કલ્પતરુ છે, કરુણાના ભંડાર છે. તેઓ શરણે આવેલાને બચાવે છે.

(૪) જૈન સિદ્ધાંત કહે છે (૧) જ્ઞાનીના ભૂંડા (અવર્ણવાદ) બોલે, (૨) જ્ઞાનીનો ઉપકાર ઓળવે, (૩) જ્ઞાનીની અશાતના કરે, (૪) જ્ઞાન ભણવામાં અંતરાય પાડે, (૫) જ્ઞાની ઉપર દ્વેષ કરે, (૬) જ્ઞાની સાથે ખોટાં ઝઘડાં કરે – આ છ બોલથી જીવ એવા કર્મો બાંધે છે કે તે નિગોદમાં ચાલ્યો જાય છે. ટાણાં મળ્યા છે, સમજી જાઓ. અનંતોકાળ નિગોદમાં હતો ત્યાંથી શાશ્વત સુખ મેળવવા અહીં આવ્યા છો. પાછો ત્યાં જવા માટે અહીં આવ્યો નથી.

(૫) ઇન્દ્રિયસુખમાં ત્રણ કાળમાં સત્સુખ છે નહીં, પણ દુઃખનું રૂપાંતરણ હોવાથી તેની રુચિ, ઇચ્છા, તૃષ્ણાની દાહને તજીને આત્મસુખમાં રુચિવાન, પ્રીતિવાન, શ્રદ્ધાવાન થાય તે મુમુક્ષુ જીવ છે. આમાં જેઓ ઉદ્યમકરતાં નથી તે ભિખારી છે. સમજી લેજો કે ઇન્દ્રિયસુખને લઈને બધા ઝઘડાં ઊભા છે.

(૬) ઘરમાં સાટા પડ્યા છે છતાં રામપાતર લઈને ઘેર ઘેર વિષયભોગની ભીખ માગે છે. હવે તો શરમા !

(૭) અતીન્દ્રિય સુખની શ્રદ્ધા મહાભાગીને થાય છે. જે સત્સુખને પ્રગટ અનુભવી રહ્યા છે તેના દર્શને, સમાગમે મુમુક્ષુ જીવને સત્સુખની પ્રતીતિ સુલભ રીતે થાય છે. વિષયભોગના ભિખારીને પ્રતીતિ ન થાય.

(૮) મોક્ષને માટે શુદ્ધ જ્ઞાન સ્વભાવની રમણતા કરીને આત્મિક આનંદનો સ્વાદ લેવો. આત્મિક આનંદનું વેદન કરવું તે જ મોક્ષનું અનંતસુખ છે. સમ્યક્ દૃષ્ટિ શ્રાવક કે મુનિ તે જ શરણને સાચું શરણ માને છે. જ્યાં સહેજ પણ શુભક્રિયા તરફ ઉપયોગનો ઝુકાવ છે ત્યાં પોતાના પરમસ્વરૂપના અનુભવથી દૂર થવા જેવું છે. પોતાના સ્વભાવથી બહાર નીકળવું તે પણ બંધનો માર્ગ છે તેમ માનજે. તેમ માનીશ તો બહારથી પાછો ઘરમાં આવવાનો પુરુષાર્થ ઉપડશે.

(૯) તત્વજ્ઞાની માત્ર નિજતત્ત્વમાં રમે છે. કદાચ ઉપયોગની સ્થિરતા ન હોવાથી 'ઉપયોગ' બહાર આવે તો પણ ત્યાંથી તરત જ પાછો ફરીને સ્વાનુભવમાં રહેવાની ચેષ્ટા કરે છે. અમૃતનો સાગર નિજ આત્મા છે. એ અમૃતના પાન છોડીને કયો બુદ્ધિમાન મનુષ્ય કષાયરૂપ ઉપયોગના ખારા પાણી પીએ ?

(પૂજ્યશ્રી કેશવલાલજી મહારાજ 'છ જીવનો અધિકાર'માંથી સાભાર)

સંકલન : આદ. શ્રી નિરૂપમાબેન શાહ, કોઈમ્બતુર

# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા


(૧) શ્રી સદ્‌ગુરુપ્રસાદ ........... શ્રીમદ્ રાજચંદ્રજી ..... ૫

(૨) સાધના : સફળતાની મુખ્ય ચાવી . પૂ.શ્રી આત્માનંદજી ...... ૬

(૩) ભવોભવની ભૂલ સુધારીએ ... ડૉ. કુમારપાળ દેસાઈ ...... ૮

(૪) સમાધિતંત્ર-અમૃતરસપાન .... પ્રા.ચંદાબહેન પંચાલી .... ૧૧

(૫) સ્થિતપ્રજ્ઞ મહાત્માના લક્ષણો ... પૂજ્ય બહેનશ્રી .... ૧૪

(૬) શ્રી આનંદઘન ચોવીશી... શ્રી અશોકભાઈ શાહ .... ૧૬

(૭) શ્રી ભક્તામર સ્તોત્ર .... શ્રી મહેન્દ્રભાઈ ખંધાર .... ૨૦

(૮) સમ્યગ્દર્શન ...............બા.બ્ર.શ્રી સુરેશજી .... ૨૫

(૯) આત્મા-અનંત શક્તિઓનો ભંડાર...શ્રી વલભજી હીરજી ... ૨૮

(૧૦) સાક્ષીભાવ ............... શ્રી ચંદ્રહાસ ત્રિવેદી .... ૩૦

(૧૧) જે થાય તે યોગ્ય ....... શ્રી રમેશભાઈ ખંધાર .... ૩૨

(૧૨) પ્રશમરતિ ................ શ્રી ધૂની માંડલિયા .... ૩૪

(૧૩) જન્મદિવસ - મૃત્યુ દિવસ . શ્રી મધુભાઈ પારેખ .... ૩૫

(૧૪) પુસ્તક સમાલોચના ...... શ્રી મિતેશભાઈ શાહ .... ૩૬

(૧૫) બાળ વિભાગ ........... શ્રી મિતેશભાઈ શાહ .... ૩૭

(૧૬) Yuva Times .................................................. ૩૯

(૧૭) સમાજ-સંસ્થા દર્શન ............................ ૪૦



**વર્ષ : ૩૯ ફેબ્રુઆરી, ૨૦૧૫ અંક - ૨**

-: પ્રેરક :-

**શ્રદ્ધેયશ્રી આત્માનંદજી**

-: તંત્રી - સંપાદક :-

**શ્રી મિતેશ એ. શાહ**

-: સ્વત્વાધિકારી :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

-: મુદ્રક-પ્રકાશક :-

**ડૉ. શ્રી શર્મિષ્ટાબેન એમ. સોનેજી**

ટ્રસ્ટી, શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

-: પ્રકાશન સ્થળ :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

કોબા - ૩૮૨ ૦૦૭

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯

૨૩૨૭ ૬૪૮૩/૮૪

ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

-: લવાજમ શ્રેણી :-

**ભારતમાં**

ત્રિવાર્ષિક રૂા. ૪૦૦

આજીવન રૂા. ૨૦૦૦

**પરદેશમાં**

By Air Mail

ત્રિ-વાર્ષિક : Rs. 4000

$-80, £-60

આજીવન : Rs. 15000

$-300, £-220



**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**

કોબા - ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯/૪૮૩/૮૪

ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

mail@shrimadkoba.org

www.shrimadkoba.org

## લેખકો / ગ્રાહકો / વાચકોને

- ☞ 'દિવ્યધ્વનિ' દર મહિને પ્રગટ થાય છે.
- ☞ કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.
- ☞ ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.
- ☞ ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા'**ના નામનો મોકલવો.
- ☞ સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.
- ☞ ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.
- ☞ સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.
- ☞ કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.
- ☞ લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.

**: મુદ્રણસ્થાન :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન : ૨૨૧૬ ૭૬૦૩



# પ્રાર્થના

**હે પરમકૃપાળુદેવ !**

ચંદનવૃક્ષના વનનો જ્યાં સુધી અનુભવ ન થાય ત્યાં સુધી એનું માહાત્મ્ય પણ શું સમજાય ? માત્ર ચંદનનું લાકડું સુગંધી છે, શ્રેષ્ઠ છે અને તે શુભ કાર્યોમાં વપરાય છે, એવો ખ્યાલ હોય છે. પરંતુ જ્યારે ચંદનવનની નજીક જવાનું થાય છે ત્યારે એની સુગંધનો - એની માદકતાનો ખ્યાલ આવે છે. અધ્યાત્મ વિશે અમારો ખ્યાલ પણ એવો જ હતો. 'અધ્યાત્મ વિના ઉદ્ધાર નહીં' એવી વાત સાંભળી હતી, પરંતુ કોઈ મહત્પુણ્યના ઉદયથી અને કોઈ એક નિમિત્તના જોગે, આપના વિષે સાંભળવાનું બન્યું અને પ્રત્યક્ષ સદ્ગુરુદેવના ચરણશરણનો લાભ મળ્યો. પછી તો ચંદનવનમાં જતાં જેવો અનુભવ થાય તેવો અનુભવ અમને પણ થવા માંડ્યો. આપની વાણી, વિચાર અને વર્તના(દશા)નો અનુભવ થતાં અમને એની અપૂર્વતાનો ખ્યાલ આવતો ગયો. ચંદનવૃક્ષને જેમ સર્પો વીંટળાઈ રહે છે, તેમ આપની વાણી અને વચનોમાં અમે પણ મગ્ન થઈ ગયા છીએ અને એનો નશો દિનપ્રતિદિન વધતો જ જાય છે. કહેવાનું મન થાય છે કે,

"અહો ! રાજવાણી જેણે જાણી, તેહના દોહગ ટળ્યા,
અહો ! રાજવાણી જેણે માણી, તેહના સુખ ઉમટ્યા,
આત્મા તણો રણકાર જેમાં, વાણી એવી વાણી છે;
અહો ! રાજવાણી જેણે જાણી, જાણી તેણે જાણી છે."

આપના અમૃતવચનો અને દશા માટે તો શું કહીએ ? એને વ્યક્ત કરવા માટે પૂરતા શબ્દો પણ અમારી પાસે નથી.


એથી આપના જ શબ્દોમાં કહીશું –

"દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;
તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત."

**॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥**

# શ્રી સદ્‌ગુરુપ્રસાદ

## શ્રીમદ્ રાજચંદ્રજી



### પત્રાંક - ૨૫

કારતક, ૧૯૪૩

૧ પ્રમાદને લીધે આત્મા મળેલું સ્વરૂપ ભૂલી જાય છે.

૨ જે જે કાળે જે જે કરવાનું છે તેને સદા ઉપયોગમાં રાખ્યા રહો.

૩ ક્રમે કરીને પછી તેની સિદ્ધિ કરો.

૪ અલ્પઆહાર, અલ્પવિહાર, અલ્પનિદ્રા, નિયમિત વાચા, નિયમિત કાયા, અને અનુકૂળ સ્થાન એ મનને વશ કરવાનાં ઉત્તમ સાધનો છે.

૫ શ્રેષ્ઠ વસ્તુની જિજ્ઞાસા કરવી એ જ આત્માની શ્રેષ્ઠતા છે. કદાપિ તે જિજ્ઞાસા પાર ન પડી તો પણ જિજ્ઞાસા તે પણ તે જ અંશવત્ છે.

૬ નવાં કર્મ બાંધવાં નહીં અને જૂનાં ભોગવી લેવાં, એવી જેની અચળ જિજ્ઞાસા છે તે, તે પ્રમાણે વર્તી શકે છે.

૭ જે કૃત્યનું પરિણામ ધર્મ નથી, તે કૃત્ય મૂળથી જ કરવાની ઇચ્છા રહેવા દેવી જોઈતી નથી.

૮ મન જો શંકાશીલ થઈ ગયું હોય તો 'દ્રવ્યાનુયોગ' વિચારવો યોગ્ય છે; પ્રમાદી થઈ ગયું હોય તો 'ચરણકરણાનુયોગ' વિચારવો યોગ્ય છે; અને કષાયી થઈ ગયું હોય તો 'ધર્મકથાનુયોગ' વિચારવો યોગ્ય છે; જડ થઈ ગયું હોય તો 'ગણિતાનુયોગ' વિચારવો યોગ્ય છે.

૯ કોઈ પણ કામની નિરાશા ઇચ્છવી; પરિણામે પછી જેટલી સિદ્ધિ થઈ તેટલો લાભ; આમ કરવાથી સંતોષી રહેવાશે.

૧૦ પૃથ્વી સંબંધી કલેશ થાય તો એમ સમજી લેજે કે તે સાથે આવવાની નથી; ઊલટો હું તેને દેહ આપી જવાનો છું; વળી તે કંઈ મૂલ્યવાન નથી. સ્ત્રી સંબંધી કલેશ, શંકાભાવ થાય તો આમ સમજી અન્ય ભોક્તા પ્રત્યે હસજે કે તે મળમૂત્રની ખાણમાં મોહી પડ્યો, (જે વસ્તુનો આપણે નિત્ય ત્યાગ કરીએ છીએ તેમાં !) ધન સંબંધી નિરાશા કે કલેશ થાય તો તે ઊંચી જાતના કાંકરા છે એમ સમજી સંતોષ રાખજે; ક્રમે કરીને તો તું નિઃસ્પૃહી થઈ શકીશ.

૧૧ તેનો તું બોધ પામ કે જેનાથી સમાધિમરણની પ્રાપ્તિ થાય.

૧૨ એક વાર જો સમાધિમરણ થયું તો સર્વ કાળનાં અસમાધિમરણ ટળશે.

૧૩ સર્વોત્તમ પદ સર્વત્યાગીનું છે.

### પત્રાંક - ૭૬

મોહમયી, આસો વદી ૧૦, શનિ, ૧૯૪૫

બીજું કાંઈ શોધ મા. માત્ર એક સત્પુરુષને શોધીને તેના ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા. પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે.

સત્પુરુષ એ જ કે નિશદિન જેને આત્માનો ઉપયોગ છે; શાસ્ત્રમાં નથી અને સાંભળ્યામાં નથી, છતાં અનુભવમાં આવે તેવું જેનું કથન છે; અંતરંગ સ્પૃહા નથી એવી જેની ગુપ્ત આચરણા છે. બાકી તો કંઈ કહ્યું જાય તેમ નથી અને આમ કર્યા વિના તારો કોઈ કાળે છૂટકો થનાર નથી; આ અનુભવપ્રવચન પ્રમાણિક ગણ.

એક સત્પુરુષને રાજી કરવામાં, તેની સર્વ ઇચ્છાને પ્રશંસવામાં, તે જ સત્ય માનવામાં આખી જિંદગી ગઈ તો ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ પંદર ભવે અવશ્ય મોક્ષે જઈશ.

વિ૦ રાયચંદના પ્રણામ.

# સાધના : સફળતાની મુખ્ય ચાવી

પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી



**ભૂમિકા :**

કોઈ પણ મહાન કાર્ય થવામાં જોકે એક પ્રેરકબળ મુખ્ય હોય છે, છતાં પણ અનેકના સહયોગથી જ તેની સિદ્ધિ થાય છે. ન્યાયશાસ્ત્રનો સિદ્ધાંત છે કે પાંચ સમવાય કારણો પરસ્પરને પૂરક બનીને કાર્યને ત્વરાથી અને સમયસર રીતે સફળતાપૂર્વક પાર પાડે છે. આ જ સિદ્ધાંત અધ્યાત્મજીવનની સફળતામાં કેવી રીતે કાર્યરત થાય છે, તે આપણે સંક્ષેપમાં વિચારીશું.

**સાધનાનું સામાન્ય સ્વરૂપ :**

સાધના પોતાના જીવનમાં બે ધ્યેય રાખે છે; એક તો પોતાના દોષો-દુર્ગુણોનો વિનાશ અને બીજું પોતાનામાં લૌકિક અને લોકોત્તર ગુણોનો વિકાસ. આ કાર્ય કરવા માટે તેની પાસે નીચેનાં સાધનો છે :

(૧) પોતાની શ્રદ્ધાશક્તિ, વિચારશક્તિ અને સંકલ્પબળ.

(૨) શરીર અને વાણી.

(૩) સદ્‌ગુરુ, સત્શાસ્ત્ર આદિ બાહ્ય ઉપકારી સાધનો.

પહેલા મુદ્દામાં જણાવેલાં સાધનો તેનાં પોતાનાં છે, બીજા મુદ્દામાં જણાવેલાં સાધનો કથંચિત્ તેને વશ છે અને ત્રીજા મુદ્દામાં જણાવેલાં સાધનો પર તેનો મુખ્યપણે હક નથી. આમ હોવાથી પહેલા મુદ્દાનાં સાધનોનો વિકાસ તે તેની નિશ્ચયસાધના છે અને બીજા બે મુદ્દાનાં સાધનોના અવલંબને તેની વ્યવહાર સાધના છે એમ સામાન્યપણે જાણવું. બંને પ્રકારની સાધના એકબીજાને પૂરક અને અન્યોન્યાશ્રિત છે અને તે જ અપેક્ષાનો જ્ઞાની ભગવંતોએ સ્વીકાર કર્યો છે. વીતરાગદર્શનમાં આ બંને પ્રકારોનો સ્વીકાર કરીને તેને ભેદાભેદરત્નત્રયની સાધના કહેવામાં આવેલ છે. બંને પ્રકારની સાધનાનો ઉદ્દેશ એક જ છે; અજ્ઞાન અને રાગદ્વેષનો નાશ તથા આત્મજ્ઞાન અને આત્મસમાધિની પ્રાપ્તિ દ્વારા પૂર્ણ મોક્ષની પ્રાપ્તિ.

**વ્યવહાર-સાધના :**

જીવમાત્રને અનાદિકાળથી કર્તૃત્વના અને ભેદવાસનાના સંસ્કાર પડેલા છે. આ હકીકતને ખ્યાલમાં રાખીને અને પ્રથમ ભૂમિકાના જીવોની યોગ્યતાને જોઈ-તપાસીને, જ્ઞાની ભગવંતોએ મોક્ષમાર્ગની પ્રાથમિક ભૂમિકાની સાધનામાં પ્રભુદર્શન, ગુરુસેવા, તીર્થયાત્રા, સેવા, પરોપકાર, નામસ્મરણ, મંત્રજાપ, ઉપવાસ-એકાસણાં, ઊણોદરી, સાદાં વસ્ત્રપાત્રનો જીવનમાં ઉપયોગ અને મોજશોખની વસ્તુઓના ત્યાગનું વિધાન કરેલ છે. મોટાભાગના મનુષ્યોને, આ પ્રમાણે વર્તવાથી સ્વાર્થત્યાગની સિદ્ધિ, કષાયની મંદતા અને સત્સંગના પ્રભાવની અસરથી વૈરાગ્યની વૃદ્ધિ થાય છે અને આમ આગળની સાધના કરવા માટે તેમનામાં યોગ્યતા-પાત્રતાની વૃદ્ધિ થાય છે.

આ ભૂમિકામાં ઉપદેશદાતા પુરુષ જો આત્મજ્ઞાની હોય અને આ સાધના દરમ્યાન શિષ્યવર્ગને આત્માદિ પ્રયોજનભૂત તત્ત્વોનો બોધ

આપે તો તે સાધકની દૃષ્ટિ પોતાના ઉપયોગ પ્રત્યે જાય છે અને તેને સમજાય છે કે પરમાર્થથી તો આ બધાં અનુષ્ઠાન-જપ-તપ-વ્રતાદિ આત્મશુદ્ધિના લક્ષે અને આત્મશુદ્ધિની સિદ્ધિ માટે કરવાનાં છે. જ્યારે આમ ખરેખર સમજાય ત્યારે તે સાધકની દૃષ્ટિમાં 'ઉપયોગ', 'ઉપયોગશુદ્ધિ', 'ચિત્તશુદ્ધિ', 'નિર્મળ અભિપ્રાય' વગેરે ભાવો ભાસ્યમાન થવા લાગે છે અને જ્યાં વૃત્તિનું ભાવભાસન થયું ત્યાં લોકોત્તર સાધનોનો પ્રારંભ ખરેખર થઈ જાય છે. આમ, ભાવોની નિર્મળતા સાથે જ્યારે સાધક શરીરની અને વાણીની પ્રવૃત્તિને પણ સાત્ત્વિક બનાવે છે અને ભાવો યથાર્થપણે વિશુદ્ધ બને તેવા પ્રયત્નો સહિત, તેને અનુરૂપ, અનુકૂળ બાહ્ય સંયોગોમાં પોતાને સંયોજે છે ત્યારે દેવ-ગુરુ-ધર્મ પ્રત્યેના ભક્તિભાવો વધે છે અને તેનું જીવન ધર્મપ્રવૃત્તિમય બની જાય છે.

**નિશ્ચય-સાધના :**

સ્વાધ્યાય-ધ્યાન વગેરે અંતરંગ તપરૂપ ભાવોની અહીં મુખ્યતા છે. નિશ્ચય-સાધના સાક્ષાત્ સંવર-નિર્જરા દ્વારા ત્વરાથી મોક્ષનું સાધન બને છે. ગમે તે પ્રકારની ધર્મપ્રવૃત્તિ વખતે પણ તે સાધકનો લક્ષ પોતાના ભાવોની શુદ્ધિ કરીને, ક્રોધ-અભિમાન-લોભ વગેરે વિકારોની ન્યૂનતા થાય તેવા જાગ્રત ભાવ પ્રત્યે બન્યો રહે છે. આ સંદર્ભમાં તે બુદ્ધિપૂર્વક અશુભોપયોગના ઉત્પાદક બાહ્ય સંયોગોથી દૂર રહીને **'ઉપયોગ તે ધર્મ'** એ સિદ્ધાંતનું સેવન કરે છે. સમગ્ર કાર્યકલાપમાં તેની દૃષ્ટિ 'ઉપયોગ' (નિજભાવ) અને ઉપયોગી (નિજદ્રવ્ય) તરફ રહે છે, અને વધતી વધતી આત્મજાગૃતિ અને સમત્વની સાધના દ્વારા તે અંતર્મુખતાની સિદ્ધિ કરે છે અને વારંવાર નિર્વિકલ્પ આત્મરસને પીતો પીતો અને તેની વૃદ્ધિ કરતો કરતો સાચા 'મુનિપદ'ને પ્રગટાવે છે. યોગ્ય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને પામીને, નગરશેઠ-રાજાને ઘેર પ્રાયે જન્મીને અંતિમ જન્મમાં, શુદ્ધભાવની પ્રકર્ષતાને સાધીને ક્ષપકશ્રેણીના પરાક્રમ દ્વારા પોતાની સાધનાને પૂરી કરીને તે પૂર્ણ મોક્ષને પ્રાપ્ત કરે છે.

નમસ્કાર હો આવી અવિરુદ્ધ ભગવતી નિર્મળ સાધનાને !

નમસ્કાર હો આવા મહાન સાધકોને !

નમસ્કાર હો તેમના શ્રાવક કે મુનિધર્મને !

નમસ્કાર હો તેમની જાગ્રત જ્ઞાન-આનંદમય દશાને !

નમસ્કાર હો તેમના પરમ સંયમ-તપ-ત્યાગમય જીવનને !

નમસ્કાર હો તેમણે પ્રાપ્ત કરેલા અનંત અતીન્દ્રિય આનંદને !

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

---

**પ્રશમરતિ**

**(પાના નં. ૩૪ પરથી ચાલુ...)**

તે ઉપાયો આ પ્રમાણે છે : પાંચ વ્રતો, બારભાવના, દસ યતિધર્મ, ત્રિવિધ મોક્ષમાર્ગ અને ધ્યાન. આચારાંગસૂત્રમાં વર્ણવેલ આચારનો યોગ્ય રીતે તેમાં સંગ્રહ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત નવ તત્ત્વો, છ દ્રવ્યો, કેવલિસમુદ્ઘાત આદિનું પણ આ ગ્રંથમાં નિરૂપણ કરવામાં આવ્યું છે. 'તત્ત્વાર્થસૂત્ર' એ કઠિન દાર્શનિક કૃતિ છે, જ્યારે પ્રશમરતિ સરળ આચારપ્રધાન કૃતિ છે; જે યતિ અને શ્રાવક બંનેને અનુલક્ષી રચાયેલ છે.

આ ગ્રંથનું વારંવાર સેવન કરવાથી પુનરુક્તિ દોષ થતો નથી. વારંવાર પરિશીલનથી વિરાગની સમજણ દૃઢ થતી જશે. જેમ લુહાર લોઢાને ઘાટ આપવા વારંવાર ટીપ્યા કરે છે એમ અહીં વારંવાર આ ગ્રંથના મનન-ચિંતન પર ભાર મૂકવામાં આવ્યો છે. ■

પરમનો સ્પર્શ - ૬૪

# ભવોભવની ભૂલ સુધારીએ !

પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ

તમે કલ્પના કરો કે પાંચ તોફાની, ઉદ્ધત, ખૂંખાર અને અત્યંત વેગથી દોડતા અશ્વોવાળો રથ હોય અને એ રથનો સારથિ આંખો મીચીને રથ દોડાવતો હોય તો કેવું થાય ? બસ, આવી છે આપણી પાંચ ઇંદ્રિયો અને તેના પર સવાર આપણું મન. એ ઇંદ્રિયો માનવીમાં પ્રબળ વિકાર જગાવે છે અને એનું મન એને આંધળો ભીંત બનાવીને આમ-તેમ દિશાહીન દોડાવ્યે જાય છે.

જેઓ ઇંદ્રિયો દોડાવે તેમ દોડતા હોય છે અને સદા એની શરણાગતિ સેવતા હોય છે, એવા લોકો સતત દુઃખી, વ્યથિત અને સંતપ્ત રહે છે. વાસના પર જેનો વિજય ન હોય, એવા મનને જરા બહાર કાઢીને જોશો, તો ખ્યાલ આવશે કે એ મનમાં વાસનાની પ્રાપ્તિ માટે કેવી દોડધામ મચેલી છે ! સ્વાદલોલુપ માનવીની નજર સદૈવ વાનગીઓ પર ચકળવકળ ઘુમતી હોય છે અને મીઠાઈની દુકાન જોતાં એનું મન કેટલું બધું વિક્ષુબ્ધ બની જાય છે.

ઇંદ્રિયોનું શરણ એ દુઃખનો રસ્તો અને વિનાશનો માર્ગ છે. એને શરણે જઈને વ્યક્તિ પોતે પોતાના વિનાશને સામે ચાલીને નિમંત્રણ આપતો હોય છે. ઇંદ્રિયોના તાલે એ કૂદી - કૂદીને નાચતો હોય છે, ત્યારે એને ખ્યાલ પણ હોતો નથી કે એ શું કરી રહ્યો છે ! કારણ કે ઇંદ્રિયોથી સાંપડતા સુખની કલ્પનામાં એ રમમાણ હોય છે. એ વિચારે છે કે આ ઇંદ્રિય સુખ મળશે એટલે કેટલો બધો અપાર આનંદ પ્રાપ્ત થશે; પરંતુ એ સુખ ક્ષણિક હોય છે અને પછી તો માત્ર દુઃખ જ રહે છે.

ખ્રિસ્તી ધર્મમાં કહ્યું છે, 'કોઈ પણ વ્યક્તિ બે માલિકની સેવા કરી શકતો નથી.' જ્યારે અહીં તો માત્ર બે માલિક નથી; પરંતુ એની પાંચેય ઇંદ્રિયો એની માલિક છે. આવી પાંચેય ઇંદ્રિયોના ભોગમાં ડૂબેલા માણસની કેવી દુર્દશા થતી હશે ? જ્યાં બે ઇંદ્રિયોને સાચવવી મુશ્કેલ છે, ત્યાં પાંચ-પાંચ ઇંદ્રિયો ભેગી થાય ત્યારે કેવો ઉલ્કાપાત સર્જાતો હશે ! વળી, માણસનું ચિત્ત એને ક્યારેક ભૂતકાળમાં, તો ક્યારેક ભવિષ્યકાળમાં ઘુમાવતું રહે છે.

વાત છે માત્ર એટલી કે એ ઉછળતી, ઉધામા કરતી ઇંદ્રિયો પર સંયમ રાખવાની. કવિઓએ નારીસૌંદર્યનાં વર્ણનો કર્યાં છે, ત્યારે એમને નારીને વાસનાની દૃષ્ટિથી જોઈ નથી, પરંતુ સુંદરતાની દૃષ્ટિએ નિહાળી છે. માણસ પૌષ્ટિક ભોજન કરે એ આવશ્યક છે, પરંતુ જીભને વશ થઈને અત્યંત સ્વાદિષ્ટ ભોજન પાછળ ઘેલો બને તે ખોટું છે એટલે કે એને માટે ઇંદ્રિયોનો વ્યાપાર જરૂરી છે. જોવાનું સાંભળવાનું, ભોજન કરવાનું - એ બધું પણ આવશ્યક છે. આંખ, કાન, જીભ, દેહ વગેરેની સંભાળ પણ જરૂરી છે, પરંતુ એ સંભાળ એના સ્વાસ્થ્ય પૂરતી સીમિત હોય છે. એની અતિ સંભાળ કે લાડકોડ દુઃખદાયી બને છે. દેહની વધુ પડતી જ્યારે વૃદ્ધાવસ્થા આવે છે, ત્યારે કેવું થાય છે ? પહેલાં જે તેજસ્વી અને ચમકદાર ત્વચા (સ્કીન) જોતો, એ જ વ્યક્તિ પોતાની કરચલીયુક્ત ત્વચા જોઈને કયો ભાવ અનુભવશે ?

શરીર પરત્વેની આપણી ઘેલછા આત્માને વિસ્મૃત કરાવી દે છે. શરીરસુખને સર્વસ્વ માનનારના શરીરમાં જ્યારે વ્યાધિ થાય છે, ત્યારે એને કેવો અનુભવ થાય છે ?

એવરેસ્ટ વિજેતા શેરપા તેનસિંગ જગતના

સૌથી ઊંચા શિખરને આંબનારો પહેલો માનવી હતો અને એ જ શેરપા તેનસિંગ એની જિંદગીના અંતિમ સમયમાં માંડ-માંડ ચાલી શકતો હતો. એને માટે એક ઉંબરો ઓળંગવો, એ એવરેસ્ટ ઓળંગવાથી પણ વધુ યાતનાદાયક હતું, આથી જે શરીરસુખને જ પોતાના જીવનનું ધ્યેય માને છે, એને અંતે સર્વથા નિરાશ થવું પડે છે.

કેટલાય ભવ સુધી એણે પોતાના દેહને સર્વસ્વ માન્યો છે અથવા તો દેહને મુખ્ય માનીને આત્માને તદ્દન ગૌણ ગણ્યો છે. આ જન્મમાં એ વિચાર કરીશું કે આપણા આત્માને મુખ્ય રાખીને એની પાછળ ગૌણ રૂપે દેહને રાખીએ. જો આ પરિવર્તન સધાય, તો આ જન્મમાં વ્યક્તિ ઘણું આધ્યાત્મિક પાથેય પામી શકે. બીજા અર્થમાં કહીએ તો વ્યક્તિ એની ભવોભવની ભૂલ સુધારી શકે. આત્માને ભૂલનારો એ માનવી હવે આત્માને આગળ રાખીને ચાલતો હશે. ઇંદ્રિયોનો એ ગુલામ હવે ગુલામી ત્યજીને એનો માલિક બની બેઠો હશે. ચંચળ, આમતેમ ભટકતું એનું ચિત્ત હવે શાંત સમાધિમાં ડૂબેલું હશે.

જેમજેમ એ ઇંદ્રિયોની આસક્તિમાંથી દૂર થતો જશે અને આત્મા પ્રત્યે લીન થતો જશે, તેમ તેમ એના જીવનનું સંગીત બદલાતું જશે. એક સમયે એના મનને કામોત્તેજક દૃશ્યો આકર્ષતાં હતાં અને એ એની પાછળ દોટ લગાવતો હતો, હવે એવાં દૃશ્યો તરફ એ જાણે નગણ્ય હોય એમ સામાન્ય નજરે જોતો હશે. જે વાનગી જોઈને એનું આખું અસ્તિત્વ ઝૂમી ઊઠતું હતું અને જેને આરોગવા માટે એ અતિ ઉત્સુક બની જતો હતો, એ જ વાનગી સામે પડી હશે અને એનું રુંવાડું પણ ફરકતું નહીં હોય.

પહેલાં જે ગતિ ઇંદ્રિયો તરફ હતી, એ ગતિ હવે સાવ વળાંક લઈને આત્મા પ્રત્યે થાય છે. એક સમયે કાનને ઘોંઘાટનું સંગીત પસંદ હતું, હવે એ કાન સિતાર, વીણા કે વાયોલીનના શાંત સૂરની ઝંખના કરે છે.

પહેલા એ સતત બોલતો રહેતો હતો, વાણીવિલાસ કરતો હતો, મોબાઈલ પર કલાકોના કલાકો સુધી લાંબી વાતો કરતો હતો, હવે એને વાણીના બદલે મૌન વિશેષ ગમે છે. બહુ બોલવાને બદલે અતિ અલ્પ વચનો બોલે છે. પહેલા બોલતાં પૂર્વે એ વિચાર કરતો નહોતો કે હું જે બોલું છું તે યોગ્ય, વિવેક પુરઃસરનું અને આવશ્યક છે ખરું ? હવે, એ બોલે છે ત્યારે પહેલાં વિચારે છે કે મૌન તોડીને આટલું બોલવું જરૂરી છે ખરું, કે પછી મૌનમાં રહેવું જ આવશ્યક છે.

એ અનુભવશે કે એક સમયે જ્યાં ઇંદ્રિય - વાસનાનો મહાસાગર ઘૂઘવતો હતો, તેવા હૃદયમાં ઊંચે ઉછળતાં મોજાંઓ આત્માની ઓળખને પરિણામે શાંત થઈ ગયા છે. એક સમયે વાસનાના વિચારોને કોઈ નિયંત્રણ નહોતું, હવે ધીરે ધીરે એ બધા આથમી ગયા છે અને હૃદય એ કામનાના ઘૂઘવતા સાગરને બદલે સાક્ષીભાવનું શાંત સરોવર બની ગયું છે. એમાં ક્યારેક, ક્યાંક, થોડીક વાર કોઈ વમળ જાગે છે, પણ એ જાગે છે તેવાં જ જળમાં વિલીન થઈ જાય છે. વાસનાના તોફાની સાગરને બદલે શુદ્ધ પ્રેમનું શાંત સરોવર જોવા મળે છે અને એને ખ્યાલ આવે છે કે હવે પૂર્વે બહારની આકર્ષક લાગતી દુનિયાનું આકર્ષણ આથમી જાય છે. એની ગતિ જ બદલાઈ જાય છે.

એ બહારને બદલે પોતાના ભીતર તરફ ગતિ કરે છે. પહેલાં બહારના કોલાહલ સાંભળવામાં એને ખૂબ આનંદ પડતો હતો. કોઈ ઘોંઘાટ ભરેલું સંગીત હોય, કોઈ ડિસ્કોનું ગીત હોય કે પછી કોઈ વ્યક્તિની નિંદા-કૂથલી હોય, એ એના કાનને ખૂબ ગમતા હતા. હવે ? હવે એવી પરિસ્થિતિ છે કે ઘોંઘાટિયું સંગીત સાંભળીને એનાથી દૂર જવાનું મન થાય, કોઈની નિંદા સાંભળીને એનાથી અળગા રહેવાનું

મન થાય અર્થાત્ કાનની ઈંદ્રિય તો છે જ; પરંતુ એ ઈંદ્રિયનું કાર્ય બદલાઈ ગયું છે.

આજ સુધી એ સુંદર સ્ત્રીના અંગોપાંગનો, સ્વાદિષ્ટ વાનગીનો, કોઈની ટીકાનો, મોહક દશ્યોનો અને સુંવાળા સ્પર્શનો આશક હતો. હવે એ બધાને બદલે એ એના આત્માનો આશક બને છે. એ પોતાના ભીતરના સૂરને સાંભળવા પ્રયત્ન કરે છે, એ પોતાના સ્વ-રૂપને જોવા માટે થનગને છે, એને હવે બહારના સ્વાદ કે સુગંધમાં રસ રહ્યો નથી અને એ કોઈ વ્યક્તિને સુંવાળો સ્પર્શ કરવાને બદલે ઈશ્વરની મૂર્તિને મુલાયમ સ્પર્શ કરે છે. આ રીતે ઈંદ્રિયના વિષયોને અતિક્રમી જાય છે અને આત્મા સુધી પહોંચીને એના આનંદમાં રમમાણ બને છે.

આજ સુધી બાહ્ય અપેક્ષાઓથી જીવતો હતો, બહારના સુખથી એને અપાર આનંદ મળતો હતો. અશુદ્ધ ભાવો કે અશુદ્ધ વિચારોને સેવતો હતો. હવે એના જીવનમાં એવી ક્રાંતિ આવી છે કે જેને પરિણામે એ સતત આત્મશુદ્ધિ પ્રત્યે જાગૃત બનીને ધ્યાનલીન રહેવાની કોશિશ કરે છે. ઈંદ્રિયો રૂપી પાંચ તોફાની અશ્વો અને એક બેલગામ સારથિ પર અંકુશ મેળવે છે.

• • •

---

## સ્થિતપ્રજ્ઞ મહાત્માના લક્ષણો

(પાના નં. ૧૫ પરથી ચાલુ...)

આત્મલક્ષ સહિત નિયમ-વ્રતાદિનું પાલન કરે છે. પોતાને પરમાત્મા-સદ્ગુરુના સેવક માની જીવનવ્યવહાર ચલાવે છે.

- અહો ! સમદૃષ્ટિ જીવડા, કરે કુટુંબ પ્રતિપાળ;<br>અંતર્ગત ન્યારો રહે, જિમ ધાવ ખિલાવે બાળ.<br>**– શ્રી બૃહદ્ આલોચના**

## ઉપસંહાર - બોધ

૬૮માં શ્લોકનું એ તાત્પર્ય છે કે સાધકે (આપણે) દૃઢતાથી નિશ્ચય કરવો જોઈએ કે મારું લક્ષ્ય પરમાત્માની પ્રાપ્તિ કરવાનું છે, ભોગો ભોગવવા કે પરિગ્રહ વધારવા એ મારું લક્ષ નથી. મારે મારી ઈન્દ્રિયો તથા મનને સંસારના તુચ્છ વિષયોમાંથી વાળીને શ્રી પ્રભુ-ગુરુની સેવામાં જોડી દેવી છે અને તેમની આજ્ઞા પ્રમાણે મારા જીવનને ઢાળવું છે; જેથી મારી બુદ્ધિ આત્મામાં સ્થિર થશે અને હું મુક્તિ પામવા સત્પાત્ર બનીશ.

૬૯મા શ્લોકનું તાત્પર્ય એ છે કે આપણે પોતાના આત્માના કલ્યાણ અર્થે હંમેશાં જાગૃત રહેવાનું છે. સંસારી જીવો તો પરમાત્મતત્ત્વની દૃષ્ટિએ સૂતેલા જ છે કારણ કે પરમાત્મતત્ત્વ-આત્મતત્ત્વ શું છે ? હું શા માટે દુઃખી છું ? મારું કલ્યાણ શેમાં છે ? - એ તરફ તેમની દૃષ્ટિ જ નથી. માટે એ જ તેમના માટે રાત્રિ છે - બિલકુલ અંધારું છે.

પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્ર ફરમાવે છે :

- "હે જીવ ! આ કલેશરૂપ સંસાર થકી, વિરામ પામ, વિરામ પામ; કાંઈક વિચાર, પ્રમાદ છોડી જાગૃત થા ! જાગૃત થા !! નહીં તો રત્નચિંતામણિ જેવો આ મનુષ્યદેહ નિષ્ફળ જશે." **– શ્રીમદ્ રાજચંદ્ર વ. ૫. ૫૦૫.**
- "રાત્રિ વ્યતિક્રમી ગઈ, પ્રભાત થયું, નિદ્રાથી મુક્ત થયા. ભાવનિદ્રા ટાળવાનો પ્રયત્ન કરજો." **– શ્રીમદ્ રાજચંદ્ર 'પુષ્પમાળા'**
- ઉઠ જાગ મુસાફિર ભોઈ ભઈ,<br>અબ રૈન કહાં જો સોવત હૈ;<br>જો સોવત હૈ સો ખોવત હૈ,<br>જો જાગત હૈ સો પાવત હૈ.<br>**– અજ્ઞાત**

॥ શ્રી સદ્ગુરુચરણાર્પણમસ્તુ ॥

• • •

### શ્રી પૂજ્યપાદ આચાર્ય વિરચિત

# સમાધિતંત્ર - અમૃતરસપાન

### (ક્રમાંક - ૨૩)

પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)

પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રદેવ જ્ઞાનાવતાર, જ્ઞાનવારિધિ, જ્ઞાનગંગોત્રીની જ્ઞાનગિરા પત્રાંક - ૮૧૯ વચનામૃતમાં પરમસેવક રાજરત્ન શ્રી અંબાલાલભાઈને લખે છે, "વિષયકષાયાદિ વિશેષ વિકાર કરી જાય તે વખતે વિચારવાનને પોતાનું નિર્વીર્યપણું જોઈને ઘણો જ ખેદ થાય છે, અને આત્માને વારંવાર નિંદે છે, ફરી ફરીને તિરસ્કારની વૃત્તિથી જોઈ, ફરી મહંત પુરુષનાં ચરિત્ર અને વાક્યનું અવલંબન ગ્રહણ કરી, આત્માને શૌર્ય ઉપજાવી, તે વિષયાદિ સામે અતિ હઠ કરીને તેને હઠાવે છે ત્યાં સુધી નીચે મને બેસતા નથી, તેમ એકલો ખેદ કરીને અટકી રહેતા નથી. એ જ વૃત્તિનું અવલંબન આત્માર્થી જીવોએ લીધું છે. અને તેથી જ અંતે જય પામ્યા છે. આ વાત સર્વ મુમુક્ષુઓએ મુખે કરી હૃદયમાં સ્થિર કરવા યોગ્ય છે." પ્રત્યેક મુમુક્ષુને માર્ગદર્શિકારૂપ આ અમૃતવચનો અધ્યાત્મ-માર્ગમાં પરમ ઉપકારી પુરુષાર્થપ્રેરક છે.

શ્રી પૂજ્યપાદ આચાર્યના પાવનગ્રંથનું અમૃતરસપાન કરી રહ્યા છીએ. શ્લોક પંદરમાં આચાર્યદેવે આત્મસ્મૃતિ આપી કે પર તરફથી હઠીને આત્મસન્મુખ થવું. શરીરમાં આત્મબુદ્ધિ થવી તે સંસારના દુઃખનું મૂળ કારણ છે. તેને છોડીને આત્મામાં પ્રવેશ કરવો. જગતની વિસ્મૃતિ કરવી. સત્‌ના ચરણમાં રહેવાની રુચિ, વૃત્તિ રાખવી. અહં અને મમત્વભાવ ત્યાગીને 'नाहं, न मम' ભાવ કેળવી આત્મસ્થ થવું એવું કહ્યું. આપણે સ્વ નિરીક્ષણ સાધી સાધના દૃઢ કરવી. હવે શ્લોક સોળમાં આચાર્યદેવ ફરમાવે છે :

**मत्तस्व्युत्येन्द्रियद्वारैः पतितो विषयेष्वहम् ।**
**तान् प्रपद्याऽहमिति मां पुरा वेद न तत्त्वतः ॥**

**અન્વય :**

अहं पूरा मत्तः च्युत्वा इन्द्रियद्वारैः विषयेषु पतितः ततः तान् प्रपद्य तत्त्वतः मां अहं इति न वेद ।

**શબ્દાર્થ :** अहं = હું, पुरा = અનાદિકાળથી, मत्तः = આત્મસ્વરૂપથી, च्युत्वा = ચ્યુત થઈને, इन्द्रियद्वारैः = ઇન્દ્રિયો દ્વારા, विषयेषु = વિષયોમાં, पतितः = પતિત થયો, ततः = તેથી, तान् = તે વિષયોને, प्रपद्य = પ્રાપ્ત કરી, तत्त्वतः = વાસ્તવમાં, પરમાર્થી, मां = મને, अहं इति न वेद = હું રૂપે ઓળખ્યો નહીં.

**ભાષાન્તર :** હું અનાદિકાળથી આત્મ-સ્વરૂપથી ચ્યુત થઈને ઇન્દ્રિયો દ્વારા વિષયોમાં પતિત થયો. તેથી તે વિષયોને પ્રાપ્ત કરીને વાસ્તવમાં મને પોતાને હું આત્મા છું એમ ઓળખ્યો નહિ.

**ભાવાર્થ :** ટીકાકાર શ્રી પ્રભાચંદ્રજી શ્લોકની ટીકા કરતાં કહે છે કે અંતરાત્મા વિચારે છે કે 'હું અનાદિકાળથી આત્મસ્વરૂપને ચૂકીને ઇન્દ્રિયોના વિષયમાં આસક્ત રહ્યો. વિષયોમાં આત્મબુદ્ધિ કરી તેથી મેં મારા આત્માનું વાસ્તવિક સ્વરૂપ જાણ્યું નહિ.' વિષયોમાં લુબ્ધ થઈ અનાદિકાળથી ઇન્દ્રિયોના વિષયોમાં રખડ્યા કર્યું. આત્માનો અનુભવ થયેલો અંતરાત્મા વિચારી રહ્યો છે. બહિરાત્મદશામાં વિષય - ભોગોને સુખરૂપ માની સેવતો હતો. અંતરાત્મા ભાવદશામાં ભોગવેલા વિષયોની વિચારણા કરી રહ્યો છે, "અરે ! અજ્ઞાનતાથી ઇન્દ્રિયોના વિષયમાં ફસાઈને મેં મારું

ચૈતન્ય સ્વરૂપ ઓળખ્યું નહિ.''

જ્યાં સુધી જીવને 'ત્રિકાળશુદ્ધ પદાર્થ આત્મા' એવા ચૈતન્યસ્વરૂપનું યથાર્થ જ્ઞાન-ભાન હોતું નથી ત્યાં સુધી જીવ પોતાના સ્વરૂપથી ચ્યુત થઈ બાહ્ય ઈન્દ્રિયોના વિષયોને સુખકારક, ઉપકારક સમજી તેમાં જ આસક્ત રહે છે. જ્યારે જીવને આત્મા અને અનાત્માનું ભેદજ્ઞાન થાય છે ત્યારે નિરાકુળ ચિદાનંદ આત્માનો સ્વાદ આવે છે. અમૃતસ્વરૂપ સુધારસનો આસ્વાદ આવે છે. સ્વજ્ઞેય સ્વરૂપી અનુભૂતિ સ્વમાં સમાય છે ત્યારે પરજ્ઞેય જ્ઞાતા રૂપે રહી જાય છે.

**વિશેષાર્થ :** આચાર્યદેવ સરળ લાઘવશૈલીમાં અતિ સૂક્ષ્મ ભાવોર્મિને વ્યક્ત કરે છે. અંતરાત્મદશા આત્માએ પ્રાપ્ત કરી તો પણ અનાદિકાળ મેં ઇન્દ્રિયોના વિષયોમાં આસક્ત થઈને પસાર કર્યો. વિચારણા થાય કે અંતરાત્મદશા પ્રાપ્ત થયા પછી આ વિચારણા શા માટે થાય છે ? તેની સમજણ સહજ પ્રાપ્ત થાય છે કે અનાદિકાળની અજ્ઞાનભૂમિકાની વિચારણા વર્તમાન જ્ઞાનભાવને વધુને વધુ દૃઢ કરે છે. ભવિષ્યના કોઈ કાળમાં સાધક આત્મદશાની વૃદ્ધિમાં જ વિકાસ પામે છે. જ્ઞાની પુરુષો આ દૃષ્ટિએ ભૂતકાલીન વિષમ ઘટનાઓ વર્તમાનના આત્મભાવને દૃઢ કરે છે.

(૧) मत्तः च्युत्वा इन्द्रियद्वारैः – આત્મસ્વરૂપથી ચ્યુત થઈને ઈન્દ્રિય-દ્વારોથી રખડ્યો છું. પાંચ ઇન્દ્રિયના વિષયોમાં રખડ્યો છું. ઇન્દ્રિય અર્થાત્ પાંચ ઇન્દ્રિયોના વિષય સમજવા. સ્પર્શેન્દ્રિયથી સુંવાળા, સ્પર્શ કરતાં પ્રિય લાગે તે વિષયોમાં લુબ્ધ થયો. અન્ય ઇન્દ્રિયો જેમ કે રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુઇન્દ્રિય, કર્ણેન્દ્રિય ક્રમસર મળે છે પણ કોઈ પણ ગતિમાં સ્પર્શેન્દ્રિય તો હોય જ છે. જે એકેન્દ્રિયના જીવ છે તેને એક ઇન્દ્રિય માત્ર હોય છે - તે છે સ્પર્શેન્દ્રિય. તેથી સ્પર્શના વિષયમાં જીવ વધુ ભ્રમિત થઈ, વધુ આસક્ત થઈ કર્મબંધની માત્રા અને રસબંધ વધુ થાય છે. મધુર રસનો આસક્ત બની ભ્રમર કમલપુષ્પમાં બિડાઈ જાય છે. મધુર કર્ણગમ્ય ધ્વનિમાં હરણ લોલુપી બની પ્રાણ ગુમાવે છે. પ્રકાશમાં પતંગિયા રમ્યતાને અનુભવી દાહથી દેહને ગુમાવે છે. પાંચ ઇન્દ્રિયોના વિષયમાં આસક્ત થતાં 'હું ચૈતન્યમૂર્તિ છું' એ ભાવ ઉગતા નથી. અજાગૃત અવસ્થામાં બીજું થાય પણ શું ? માટે જ્ઞાની સત્પુરુષો સતત આત્મજાગૃતિનો મહામંત્ર કાનમાં ફૂંકે છે. કારણ છેલ્લે મળેલી કર્ણેન્દ્રિય વધુ જાગૃતિનો બોધ આપે છે. આચાર્ય ભગવાને શ્લોકમાં પ્રથમ શબ્દ मत्तः પ્રયોજ્યો છે. આત્મસ્વરૂપથી ચ્યુત થઈને - સીડીનું એક પગથિયું ભૂલાય તો પતિત જ થવાય. જાગૃત ચેતન શુદ્ધ ત્રિકાળી જ્ઞાયકભાવમાં જાગે છે. પરિણામે અજ્ઞાનનું બળ પ્રવર્તતું નથી. માટે ત્રિકાળ જ્ઞાયક શુદ્ધ ચૈતન્ય, પરિપૂર્ણ આનંદમય, સુખમય, જ્ઞાનમય આત્મામાં જાગૃતિ થતાં ઇન્દ્રિયો સ્વસ્થાને ગતિ કરે છે. તે જડ-અચેતનમય તત્ત્વની જાતવાળી છે. આત્મજ્ઞાન જાગૃત થતાં અન્ય વિભાવ સ્વસ્થાને ગતિ કરે છે.

च्युत्वा – ચૂકીને. આ શબ્દ અંતઃકરણમાં ઊંડાણમાં લઈ જાય છે. ચૂકીને, ભૂલીને, અજાગૃતિથી, અણસમજણથી ક્યાં પહોંચી જવાય છે. લઘુશંકાને કારણે - ક્યાં મુનિદશા, ક્યાં અપ્રમત્તગુણસ્થાન, ઉપશમશ્રેણીનું આરોહણ માત્ર લઘુશંકા, અનુભવ પ્રદેશમાં ગમન કરતો સાધક - અશુભને છોડતો, શુભમાં પણ સ્થૂળ ભાવોને છેદતો - કરણલબ્ધિમાં પણ - અપૂર્વકરણ યથાપ્રવૃત્તિકરણ સુધી પહોંચીને પણ અનિવૃત્તિકરણમાં નહિ પહોંચતા પુનઃ પુરુષાર્થ સાધી સાધક સાધનામાર્ગમાં આગળ વધે છે. છેલ્લો વિકલ્પ - હું આત્મા શુદ્ધ, શુદ્ધ માત્ર વિકલ્પ પણ च्युत्वा – ત્યાંથી પુરુષાર્થની મંદતા નીચે લઈ આવે છે. માટે આચાર્ય ભગવાન च्युत्वा – શબ્દથી સાધકને મહા બોધ આપે છે. ખૂબ દૃઢ પુરુષાર્થ અને સદ્‌ગુરુની ગુરુગમ અત્યંત આવશ્યક

છે. માર્ગનો અજાણ - ક્યાંય ભેખડે ભરાઈ જાય છે અને મનુષ્યભવ ગુમાવી દે છે. પરમકૃપાળુની આત્મપ્રસાદી - સોળ વર્ષની વયે લખેલું 'અમૂલ્ય તત્ત્વવિચાર' વદે છે,

"બહુ પુણ્ય કેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો,
તોયે અરે ! ભવચક્રનો આંટો નહીં એક્કે ટળ્યો."

इन्द्रियद्वारैः - ઈન્દ્રિયોના દ્વારથી. અનાદિકાળથી આત્મા પંચપરાવર્તનમાં પરિભ્રમણ કરતો જ રહ્યો. સાધક આત્મા અંતરાત્માની દશાએ સ્થિત થયા પછી પણ આત્મામાં વધુ દઢતા, વધુ તીવ્રતા માટે પોતાનું સ્વ અંતરનિરીક્ષણ કરે છે. અરે ! હું અજ્ઞાનને કારણે અનાદિકાળથી મારા સ્વરૂપમાં જામી ન શક્યો. મેં કેવી ભૂલ કરી. હવે ક્યારેય આવી ભૂલ નહિ થાય એવી દઢ પ્રતીતિ માટે આચાર્ય શ્રી પૂજ્યપાદસ્વામી આ શ્લોકને પ્રસ્તુત કરે છે.

(૨) पतितो विषयेषु अहम् - હું વિષયોમાં પતિત થયો. મુખ્યતા તો मत्तः - શબ્દભાવ વ્યક્ત કરે છે. સ્વરૂપથી ચ્યુત થતાં વિષયોમાં આસક્ત બની, મારા ત્રિકાળ શુદ્ધ પરમ પદાર્થને નિહાળ્યું નહિ, માન્યું નહિ, અનુભવ્યું નહિ. અનાદિકાળના સંસ્કાર વણાયેલા છે. પરિણામે જીવ અજ્ઞાનતામાં વહ્યા કરે છે. જો સદ્‌ગુરુનો સાથ હોય, અંતરમાં વિશ્વાસ હોય, પદાર્થપ્રાપ્તિનો ઉલ્લાસ હોય, આત્મા પ્રાપ્ત થવાના અણસારનો પ્રશ્વાસ હોય તો પતિતનો અહેસાસ થતો નથી. પતિત નથી તે સ્વમાં વહે છે. પૂ. શ્રી સોગાનીજીનો છવ્વીસમો બોલ છે કે "વિભાવ તો મારાથી બહુ જ દૂર છે. અહીં તો પરિણામ (શુદ્ધ પર્યાય) પણ મારાથી ભિન્ન છે. હું તો અપરિણામી છું. એક સમયના પરિણામની સાથે વહેતો નથી." આવી તીખી દષ્ટિ અંતરાત્મામાં વહી રહી છે. વધુ દઢતા માટે આ શ્લોક છે.

જે સ્વયં સિદ્ધ છે એવા ચૈતન્યને પામવા અપૂર્વ પુરુષાર્થ પરમ આવશ્યક છે. સિદ્ધાન્તજ્ઞાન સ્વયંસિદ્ધને પ્રસિદ્ધ કરે છે. આગમજ્ઞાન - વ્યવહારજ્ઞાન - ઉપદેશજ્ઞાન જીવને પુરુષાર્થ પ્રતિ ઉગ્રતાથી દોરે છે. પૂ. બેનશ્રી ચંપાબેનની 'વચનામૃત' બોલ-૩૪૩માં અધ્યાત્મગંગા પ્રવહે છે, "અનંત જીવો પુરુષાર્થ કરી, સ્વભાવે પરિણમી, વિભાવ ટાળી, સિદ્ધ થયા; માટે જો તારે સિદ્ધ મંડળીમાં ભળવું હોય તો તું પણ પુરુષાર્થ કર. કોઈ પણ જીવને પુરુષાર્થ કર્યા વિના તો ભવાન્ત થવાનો જ નથી. ત્યાં કોઈ જીવ તો, જેમ ઘોડો છલાંગ મારે તેમ, ઉગ્ર પુરુષાર્થ કરી ત્વરાથી વસ્તુને પહોંચી જાય છે. તો કોઈ જીવ ધીમે ધીમે પહોંચે છે. વસ્તુને પામવું, તેમાં ટકવું અને આગળ વધવું - બધું પુરુષાર્થથી જ થાય છે. પુરુષાર્થ બહાર જાય છે તેને અંદર લાવ. આત્માના જે સહજ સ્વભાવો છે તે પુરુષાર્થ દ્વારા સ્વયં પ્રગટ થશે." પ્રબળ પુરુષાર્થી પૂ. બેનશ્રી પુરુષાર્થની અખંડ ધારાએ સદા જીવ્યા છે. જીવનથી સાધકને બોધ દીધો છે.

(૩) पुरा मत्तः च्युत्वा - આ શબ્દો પુરુષાર્થ પ્રેરક છે. અનાદિકાળથી છે તો પણ પુરુષાર્થથી સાદિ સાંત થાય છે. પુરુષાર્થના પરમ પ્રેરક, સાક્ષાત્ પ્રયોગવીર પરમકૃપાળુ 'ઉપદેશછાયા' ક્રમનંબર છમાં નોંધે છે, "તીર્થંકરનો યોગ થયો હશે એમ શાસ્ત્ર વચન છે છતાં કલ્યાણ થયું નથી તેનું કારણ પુરુષાર્થ રહિતપણાનું છે. પૂર્વે જ્ઞાની મળ્યા હતા છતાં પુરુષાર્થ વિના જેમ તે યોગ નિષ્ફળ ગયા, તેમ આ વખતે જ્ઞાનીનો યોગ મળ્યો છે ને પુરુષાર્થ નહીં કરો તો આ યોગ પણ નિષ્ફળ જશે. માટે પુરુષાર્થ કરવો; અને તો જ કલ્યાણ થશે. ઉપાદાન કારણ - પુરુષાર્થ શ્રેષ્ઠ છે... ધર્મને આગળ કરે તેને ધર્મ નિપજે; કર્મને આગળ કરે તેને કર્મ આડા આવે, માટે પુરુષાર્થ કરવો શ્રેષ્ઠ છે. પુરુષાર્થ પહેલો કરવો." શ્રી પૂજ્યપાદ આચાર્ય આત્મનિરીક્ષણનો આદર સાધકઆત્મા સાધે, સાથે સ્વમાં સ્થિતિ પામે તેનું માહાત્મ્ય દર્શાવે છે. **(ક્રમશઃ)**

# સ્થિતપ્રજ્ઞ મહાત્માના લક્ષણો - એક ચિંતન
**(ક્રમાંક - ૧૨)**

પૂજ્ય બહેનશ્રી ડૉ. શર્મિષ્ટાબેન સોનેજી

**तस्माद्यस्य महाबाहो निगृहीतानि सर्वशः ।**
**इन्द्रियाणीन्द्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥६८॥**

- શ્રી ભગવદ્‌ગીતા અ. - ૨/૬૮

**या निशा सर्व भूतानां तस्यां जागर्ति संयमी ।**
**यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः॥६९॥**

- શ્રી ભગવદ્‌ગીતા અ. - ૨/૬૯

**શબ્દાર્થ :** તેથી હે મહાબાહુ (હે બળવાન ભુજાઓવાળા), જે મનુષ્યની ઈન્દ્રિયો તેમના વિષયોમાંથી સંયમિત થયેલી હોય છે તેની બુદ્ધિ નિઃસંદેહ સ્થિર હોય છે. (શ્લોક - ૬૮)

સર્વ જીવો માટે જે રાત્રિ છે તેમાં સંયમી મનુષ્ય જાગતો રહે છે અને જે ઈન્દ્રિયસુખમાં સર્વ પ્રાણીઓ જાગે છે તે આત્મનિરીક્ષણ (પરમાત્માનો સાક્ષાત્કાર) કરનાર મુનિની રાત્રિ છે. (શ્લોક-૬૯)

**ભાવાર્થ :** સુખના અનુભવ માટે શાંત મનની આવશ્યકતા છે. જે મનુષ્યનું મન ઈન્દ્રિયોના વિષયો પાછળ દોડે છે તે કદી શાંત થઈ શકતું નથી. ઈચ્છાઓ-તૃષ્ણાઓની તૃપ્તિ માટે તે આકુળવ્યાકુળ જ રહ્યા કરે છે અને જ્યાં ત્યાં બહાવરો થઈને ભટક્યા કરે છે. માટે જેની ઈન્દ્રિયો તુચ્છ વિષયોમાં મોહિત થઈ જતી નથી, પણ સંયમિત બનીને સ્વાધીન રહે છે તેનું જ મન શાંત બને છે અને તેની જ બુદ્ધિ સ્થિર થાય છે. **(શ્લોક - ૬૮)**

જગતના સામાન્ય (અજ્ઞાની) જીવો અને સંયમી જ્ઞાની જીવોનો વ્યવહાર પૂર્વ-પશ્ચિમ જેવા પરસ્પર વિરુદ્ધ હોય છે. જેમ કે સામાન્ય જીવો સંસારમાં આહાર, નિદ્રા, મોજશોખ, વિકથા આદિ વિષયોના ભોગોમાં સુખ, કૃતકૃત્યતા માને છે પણ વિચક્ષણ-વિવેકી-સંયમી પુરુષો તેવા વિષયોના ભોગોને ક્ષણિક, તુચ્છ અને આત્મા માટે અહિતકારી જાણી તેનાથી નિવર્તન કરે છે. **(શ્લોક - ૬૯)**

**વિશેષાર્થ :**

અડસઠના શ્લોકમાં સંયમનું માહાત્મ્ય સમજાવ્યું છે. 'શ્રી સાધકસાથી'માં પૂજ્ય શ્રી આત્માનંદજી જણાવે છે કે જીવનશુદ્ધિ (આત્મશુદ્ધિ) માટે મન અને ઈન્દ્રિયોની અન્યાયપૂર્વકની વૃત્તિઓને વિવેકબળ વડે રોકીને તેમને અંતર્મુખ(આત્મસન્મુખ) કરવી તે સંયમ છે. તેની વૃદ્ધિ થતાં સ્થિતપ્રજ્ઞ દશા પ્રગટે છે; અને તેવા મુનિ મહારાજને તેની પરિપૂર્ણતા થતાં નિશ્ચય સંયમ દ્વારા પરમાત્મપદની પ્રાપ્તિ થઈ જાય છે. ભેદવિવક્ષાથી ઉત્તમ સંયમ એ આપણો ધર્મ છે.

- ઈન્દ્રિય સર્વ નિરોધીને, મન કરીને સ્થિરરૂપ;
  ક્ષણભર જોતાં જે દીસે, તે પરમાત્મસ્વરૂપ.

  **— શ્રી સમાધિશતક**

- સંયમના હેતુથી યોગ પ્રવર્તના,
  સ્વરૂપ લક્ષે જિનઆજ્ઞા આધીન જો,
  તે પણ ક્ષણક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં;
  અંતે થાયે નિજ સ્વરૂપમાં લીન જો.
  અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?

  **— શ્રીમદ્ રાજચંદ્ર**

- नृजन्मनः फलं सारं यदेतद् ज्ञानसेवनम् ।
  अनिगूहित वीर्यस्य संयमस्य च धारणं ॥

શ્લોક-૬૯માં જ્ઞાની અને અજ્ઞાની (સામાન્ય તથા સંસારીજીવો)ના બાહ્ય તથા અભ્યંતર

વ્યક્તિત્વની ખૂબ સુંદર રીતે સમજણ આપી છે; જે વિવેકી - વિચક્ષણ - સાધક જીવોને સમજવા - શ્રદ્ધવા અને આચરવા માટે હૃદયસ્થ કરવા યોગ્ય છે.

સામાન્ય જીવો ઈન્દ્રિયોના વિષયો ભોગવવા પાછળ પોતાના અમૂલ્ય મનુષ્યભવને વેડફી નાખે છે, પણ ક્યાંય તેઓને સુખ મળતું નથી. હવે જે વિવેકી મનુષ્યો વિચારે છે, તે મહાપુરુષોના અવતરણો દ્વારા સમજીએ :

- "સંસારના સુખો (ભોગો) અનંતી વાર આત્માએ ભોગવ્યાં છતાં તેમાંથી હજુ પણ મોહિની ટળી નહીં, અને તેને અમૃત જેવો ગણ્યો એ અવિવેક છે; કારણ સંસાર કડવો છે; કડવા વિપાકને આપે છે; તેમજ વૈરાગ્ય જે એ કડવા વિપાકનું ઔષધ છે, તેને કડવો ગણ્યો; આ પણ અવિવેક છે."-**શ્રીમદ્ રાજચંદ્ર**

**શ્રી મોક્ષમાળા શિક્ષાપાઠ-૫૧**

- સોચા કરતા હૂઁ ભોગોં સે બુઝ જાવેગી ઈચ્છા જવાલા;
  પરિણામ નિકલતા હૈ લેકિન માનોં પાવક મેં ઘી ડાલા.

**– શ્રી દેવશાસ્ત્રગુરુ પૂજા**

- જબ જગ વિષયોં મેં રચપચ કર ગાફિલ નિદ્રામેં સોતા હો,
  અથવા વહ શિવકે નિષ્કંટક પથમેં વિષકંટક બોતા હો;
  હો અર્ધ નિશા કા સન્નાટા વનમેં વનચારી ચરતે હોં,
  તબ શાંત નિરાકુલ માનસ તુમ તત્ત્વોં કા ચિંતન કરતે હો.

**– શ્રી દેવશાસ્ત્રગુરુપૂજા**

- સૂતો જે વ્યવહારમાં, તે જાગે નિજમાંય;
  જાગૃત જે વ્યવહારમાં, સુષુપ્ત આત્મામાંય.

**– શ્રી સમાધિશતક**

- સદ્ગુરુના તે શબદ વિચારતાં ટળે મોહ માયાને વિકાર
  હરિરસ પીજિયે...
  એવો અજર અમીરસ જે પીએ, તેના નેણ ને વેણ પલટાય.
  ચડી બ્રહ્મખુમારી ન ઊતરે, સુખ મુખે કહ્યું નવ જાય
  હરિરસ પીજિએ...

**– સંતકવિ પ્રીતમદાસ**

- મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર
  ઉલટ ભઈ મોરે નયનન કી
  મોહે લાગી લટક ગુરુ ચરનન કી
  (મીરાંબાઈના વિવેકરૂપી નેત્રો ખૂલી ગયાં છે.)

**– ભક્ત કવયિત્રી મીરાંબાઈ**

સંસારના સુખની તુચ્છતા દર્શાવવા શ્રી મીરાંબાઈ કહે છે -

- સંસારીનું સુખ એવું, ઝાંઝવાના નીર જેવું,
  તેને તુચ્છ કરી ફરીએ રે... મોહન પ્યારા
- સકળ જગત તે એંઠવત, અથવા સ્વપ્ન સમાન;
  તે કહીએ જ્ઞાની દશા, બાકી વાચા જ્ઞાન.

**– શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર**

આ રીતે સામાન્ય જીવોનું આચરણ અને વિચક્ષણ ઉત્તમજ્ઞાની પુરુષના આચરણમાં દિવસ અને રાત્રિ સમાન ભેદ હોય છે.

'ભોગી' અને 'યોગી'ના જીવનમાં જમીન-આસમાન જેવા તફાવત છે. બંનેની દૃષ્ટિમાં-અભિપ્રાયમાં વિરોધ છે.

યોગીજનો, મહાપુરુષો ઉત્તરરાત્રિમાં ઊઠીને પરમેશ્વરનું ધ્યાન કરે છે ત્યારે સામાન્ય જીવો નાટક, રાગરંગમાં તન્મય બની વ્યર્થ સમય વીતાવતા રાત્રિમાં દિવસની જેમ જાગે છે અને દિવસે જ્યારે પ્રવૃત્તિ-ક્રમ કરવાના હોય છે ત્યારે તેઓ રાત્રિ જાગરણનું કષ્ટ દૂર કરવા સૂઈ જાય છે. ઉત્તમ સાધકો-યોગીપુરુષો દિવસ દરમ્યાન પોતાની શક્તિ, રુચિ અનુસાર નિષ્કામ-નિઃસ્વાર્થ સેવાના કાર્યમાં પ્રવૃત્ત થાય છે, છતાં કોઈ પણ સંસારી પ્રપંચ-માયામાં તન્મય થતાં નથી, તથા શાંતિપૂર્વક

**(અનુસંધાન પાના નં. ૧૦ પર...)**

# શ્રી આનંદઘન ચોવીશી

અશોકભાઈ પી. શાહ

## ૨૦મા તીર્થંકર
## શ્રી મુનિસુવ્રત સ્વામી સ્તવન પ્રારંભ

**● ભૂમિકા :**

યોગીશ્વર આનંદઘનજી શુદ્ધ આત્મસ્વરૂપના ખોજી છે. નિજ આત્મસ્વરૂપનો અંશે તો સ્વાદ લઈ ચૂક્યા છે, પરંતુ સિદ્ધપદની પ્રાપ્તિ સુધીની યાત્રામાં કોઈ રૂકાવટ ન આવે તે માટે આત્મતત્ત્વનું ઊંડું અંતરસંશોધન ચાલુ જ રાખે છે. તે શોધનમાં તેમને તીર્થંકર પ્રભુની ભક્તિ પરમ અવલંબનરૂપ બને છે. શ્રી મલ્લિનાથ સ્તવનમાં જણાવ્યા પ્રમાણે તીર્થંકર ભગવંતો અઢાર દૂષણથી રહિત છે, પૂર્ણ વીતરાગી છે અને સર્વજ્ઞ છે. તેથી આત્મતત્ત્વને સંપૂર્ણપણે અને યથાર્થપણે બતાવવાને માત્ર તેઓ જ સમર્થ છે. તેથી જ પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી પત્રાંક-૪૩૬માં કહે છે, *"જે તીર્થંકરદેવે સ્વરૂપસ્થ આત્માપણે થઈ વક્તવ્યપણે જે પ્રકારે તે આત્મા કહી શકાય તે પ્રમાણે અત્યંત યથાસ્થિત કહ્યો છે, તે તીર્થંકરને બીજી સર્વ અપેક્ષાનો ત્યાગ કરી નમસ્કાર કરીએ છીએ."* તેથી જ આનંદઘનજી તીર્થંકરને પરમ વિશ્વસનીય આત્મપુરુષ જાણી, શ્રી શાંતિનાથ સ્તવનની જેમ આ સ્તવનમાં શ્રી મુનિસુવ્રત સ્વામીને આત્મતત્ત્વ વિશે મૂળભૂત પ્રશ્ન કરી સમાધાન મેળવે છે. જો કે તે સમાધાન પોતાની પ્રભુભક્તિ, આત્મજ્ઞાન અને સિદ્ધાંતજ્ઞાનના ફળરૂપે આનંદઘનજીના જ અંતરમાંથી આ સ્તવનના રૂપમાં નીકળે છે.

આત્મતત્ત્વ વિશે જગતમાં અનેક પ્રકારની માન્યતાઓ પ્રવર્તે છે, જેનો ઉલ્લેખ પરમકૃપાળુદેવે પત્રાંક - ૪૩૭માં કર્યો છે. આ માન્યતાઓ મુખ્યપણે 'ષટ્દર્શન'માં સમાયેલી છે. ષટ્દર્શનના ગહન દાર્શનિક વિષયને જેમ પરમકૃપાળુદેવે 'શ્રી આત્મસિદ્ધિ'માં સરળતાથી રજૂ કરી આત્મસિદ્ધિ કરાવી છે, તેમ આનંદઘનજી અહીં સીધા સાદા તર્કથી અન્ય દર્શનોમાં રહેલ એકાંતવાદની ભૂલ બતાવશે અને પછી જિનેશ્વર પ્રરૂપિત વીતરાગ દર્શને બતાવેલ અનેકાંતદષ્ટિયુક્ત અવ્યાબાધ આત્મતત્ત્વની ઓળખાણ કરાવી આનંદઘનપદની પ્રાપ્તિના સત્યમાર્ગ તરફ દોરી જશે. આત્મતત્ત્વ વિશે પાયાનો પ્રશ્ન શ્રી મુનિસુવ્રત ભગવાનને પૂછીને આનંદઘનજી સ્તવનની શરૂઆત કરે છે :

**મુનિસુવ્રત જિનરાય, એક મુજ વિનતી નિસુણો.**
**આતમતત્ત્વ કયું જાણ્યું જગતગુરુ, એહ વિચાર મુજ કહિયો;**
**આતમતત્ત્વ જાણ્યા વિણ નિર્મલ, ચિત્ત સમાધિ નવિ લહિયો.**

**- મુનિસુવ્રત ૦૧**

**શબ્દાર્થ :** હે મુનિસુવ્રત જિનેશ્વર ! મારી એક વિનંતી કૃપા કરી સાંભળો. હે જગતગુરુ, જગતના નાથ, આપે આત્મતત્ત્વને કઈ રીતે જાણ્યું, તેના વિચારો મને કહો, કારણ કે આત્મતત્ત્વને જાણ્યા વિના હું ચિત્તની નિર્મળતા અને સમાધિ નહીં પામી શકું. (નિસુણો = અવધારો, સાંભળો; કયું જાણ્યું = કઈ રીતે જાણ્યું, અનુભવ્યું; જગતગુરુ = જગતના સર્વ જીવોના માર્ગદર્શક ગુરુ; વિણ = વિના; નવિ લહિયો = પ્રાપ્ત નહીં થાય)

**ભાવાર્થ :** આત્મતત્ત્વના પરમ જિજ્ઞાસુ એવા શ્રી આનંદઘનજીએ જેમ શ્રીશાંતિનાથ ભગવાનને પૂછ્યું હતું કે 'શાંતિ સ્વરૂપ કિમ જાણીએ,' તેમ

અહીં શ્રી મુનિસુવ્રત ભગવાનને આર્દ્રભાવે કહે છે કે હે પ્રભુ ! મારી એક વિનંતી સાંભળો. 'વિનતિ નિસુણો' શબ્દોમાં તેમની તીવ્ર આત્મપિપાસાના દર્શન થાય છે. પ્રભુને નમ્ર વિનંતી કરે છે કે મને કૃપા કરીને કહો કે આપે કઈ રીતે આત્મતત્ત્વને જાણ્યું અર્થાત્ અનુભવ્યું કે આપના મુખારવિંદ પર આવી અપૂર્વ શાંતિ, પ્રસન્નતા અને નિરાકુળતા વર્તાય છે ? મારે પણ આપના જેવી જ સમાધિ પ્રાપ્ત કરવી છે, જે ચિત્તની નિર્મળતા વિના નહીં પમાય અને ચિત્તની નિર્મળતા આત્મતત્ત્વના યથાર્થ નિર્ણય વિના નહીં આવે અને તે નિર્ણય આત્મતત્ત્વને જાણ્યા વિના કેમ થાય ? માટે આપશ્રીએ આત્મતત્ત્વને કઈ રીતે જાણ્યું અને અનુભવ્યું તે મારે માટે પણ જાણવું અત્યંત પ્રયોજનભૂત છે. માટે તે જાણવાની વિધિ કૃપા કરી મને કહો.

આનંદઘનજીને પ્રભુ સાથે પરમભક્તિનો નાતો હોવાથી પ્રભુની કૃપા તેમના અંતરમાં વરસે છે. ફળસ્વરૂપે તેમના જ અંતરમાંથી સમાધાન સ્ફૂરે છે. આત્મતત્ત્વનો યથાર્થ નિર્ણય થવા માટે સૌ પ્રથમ તો આત્મા વિશે જગતમાં પ્રવર્તતી મિથ્યા માન્યતાઓને પણ જાણવી જરૂરી છે. જ્યાં 'વસ્તુધર્મ સ્યાદ્વાદતા રે'ના સિદ્ધાંતથી વિરુદ્ધ આત્મસ્વરૂપ વિશે કોઈ એકાંત પક્ષનો આગ્રહ હોય ત્યાં તે તત્ત્વનિર્ણય અધૂરો અને ભ્રાંતિગત રહે છે. તેનાથી બચવા આનંદઘનજી શરૂઆતની ગાથાઓમાં તે એકાંતિક દર્શનોનો નિર્દેશ કરી સરળ દલીલો વડે તેનું નિરસન કરે છે, તે હવે જોઈએ:

**કોઈ અબંધ આતમતત્ત માને, કિરિયા કરતો દીસે;**
**ક્રિયાતણું ફલ કહો કુણ ભોગવે, ઈમ પૂછ્યું ચિત્ત રીસે.**
**- મુનિસુવ્રત૦ ૨**

**શબ્દાર્થ :** કોઈ આત્મતત્ત્વને અબંધ-બંધનરહિત માને છે તેમ છતાં ક્રિયાઓ કરતા જોવામાં આવે છે. જો ક્રિયા કરે છે તો તેનું ફળ કોણ ભોગવશે, એમ જો તેમને પૂછીએ તો તેમના ચિત્તમાં રોષ આવે છે ! (અબંધ = બંધનરહિત, મુક્ત; આતમતત્ત = આત્મતત્ત્વ; દીસે = દેખાય છે; ચિત્ત રીસે = રોષે ભરાય છે, ક્રોધિત થાય છે.)

**ભાવાર્થ :** જગતમાં બે દર્શન આત્માને 'અબંધ' માને છે અર્થાત્ આત્માને સદાય કર્મબંધનથી રહિત, શુદ્ધ માને છે. તે છે સાંખ્ય અને વેદાંત. સાંખ્યદર્શન આત્માને 'પુરુષ' કહે છે, જે ચૈતન્ય છે પણ સદાને માટે અબંધ, નિષ્ક્રિય, નિર્લેપ માને છે. તેની સાથે જે મન, બુદ્ધિ, અહંકાર રૂપ શુભાશુભ ભાવો છે તે તો ત્રિગુણાત્મક - સત્વ, રજસ, તમસરૂપ 'પ્રકૃતિ' છે, જે જડ છે. પુરુષ અને પ્રકૃતિના સંયોગથી વિશ્વનું સંચાલન થાય છે, પણ પ્રકૃતિના પરિણામો આત્મા એવા પુરુષને કોઈ બંધનરૂપ થતા નથી. જેમ આકાશ કોઈથી બંધાઈ ન શકે તેમ આત્મા તો નિરંજન, નિરાકાર હોવાથી અબંધ જ રહે છે, કર્મ કે પ્રકૃતિથી બંધાતો નથી. તેથી આત્માને કોઈ બંધ-મોક્ષ જેવું નથી. આવી માન્યતા સાંખ્યદર્શનની છે.

બીજું વેદાંતદર્શન પણ આત્માને અબંધ માને છે પણ જુદી રીતે. તે એક જ આત્માને બ્રહ્મસ્વરૂપ સર્વ જડ-ચેતનમાં વ્યાપેલો માને છે. તે બ્રહ્મ તો સદા અબંધ, અસંગ, સત્-ચિત્-આનંદસ્વરૂપ છે. બ્રહ્મજ્ઞાનના અભાવે બંધન ભાસે છે, પણ તે કાલ્પનિક છે, વાસ્તવિક નથી. કાલ્પનિક બંધનનો આત્મા કર્તા કઈ રીતે હોય ? માટે આત્માને તેઓ અબંધ માને છે. ત્રીજી માન્યતા એવી છે કે આત્મા તો કંઈ કરતો નથી. માત્ર ઈશ્વરની પ્રેરણાથી બધું થાય છે તેથી જીવને કંઈ બંધન નથી, તે અબંધ છે.

આનંદઘનજી હવે એક જ માર્મિક તર્ક મૂકી

આ સર્વથા અબંધરૂપ માન્યતાનું નિરસન સુંદર રીતે કરતાં કહે છે : **"કિરિયા કરતો દીસે, ક્રિયાતણું ફલ કહો કુણ ભોગવે."**

આ બધા જીવો એક બાજુ આત્માને સર્વથા અબંધ માને છે તો બીજી બાજુ સંસારની વ્યાવહારિક ક્રિયાઓ તેમજ અનેક પ્રકારની ધાર્મિક ક્રિયાઓ કરતા તો દેખાય છે. જો આત્મા અબંધ, નિષ્ક્રિય હોય તો તે ક્રિયાઓનું શું પ્રયોજન રહ્યું ? જો તે ધાર્મિક ક્રિયાઓ પાછળ મુક્તિ મેળવવાનું પ્રયોજન છે તો અબંધ આત્મા શા માટે મુક્ત થવાની ક્રિયાઓ કરે ? વળી, જે કંઈ ક્રિયા થાય તેનું ફળ અવશ્ય મળે એવો કારણ-કાર્ય સિદ્ધાંત છે. જો આત્મા અબંધ હોય તો તે ફળ કોણ ભોગવશે ? વૈદિકદર્શનમાં અમુક યજ્ઞ આદિ ક્રિયાઓ થાય છે, જેથી આત્માને સ્વર્ગાદિ ફળ મળે. જો આત્મા અબંધ, અસંગ જ હોય તો સ્વર્ગ-મોક્ષાદિ માટેની ક્રિયાઓની શું જરૂર ? અને અબંધ, નિષ્ક્રિય આત્મા સ્વર્ગાદિનું ફળ કઈ રીતે ભોગવશે ? આમ, તેમની માન્યતામાં અને વર્તનમાં જ વિરોધાભાસ દેખાય છે. પણ જો તેમની સામે આવી દલીલ મૂકીએ કે પ્રશ્ન પૂછીએ તો તે મતાગ્રહી જીવો રોષે ભરાય છે. તે જ તેમનું Guilty conscious (દોષિતભાવ) અને સત્યના અસ્વીકારનો કદાગ્રહ સૂચવે છે. શ્રીમદ્જી શ્રી આત્મસિદ્ધિ ગાથા - ૭૬માં આ માન્યતાનું સુંદર નિરાકરણ કરતાં કહે છે :

*કેવળ હોત અસંગ જો, ભાસત તને ન કેમ ?*
*અસંગ છે પરમાર્થથી, પણ નિજભાને તેમ.*

હવે આત્મતત્ત્વ વિશેની એક બીજી મિથ્યા માન્યતાનો આનંદઘનજી નિર્દેશ કરે છે :

**જડ ચેતન એ આતમ એક જ, સ્થાવર જંગમ સરીખો,**
**દુઃખ સુખ સંકર દૂષણ આવે, ચિત્ત વિચારી જો પરીખો.**

**- મુનિસુવ્રત૦ ૩**

**શબ્દાર્થ :** (અદ્વૈતવાદી એમ માને છે કે) જડ અને ચેતન બંને એક આત્મા જ છે, બંને એક બ્રહ્મસ્વરૂપ છે. એ જ રીતે સ્થિર અને અસ્થિર પદાર્થો એકસરખા જ છે, પણ ચિત્તમાં વિચારીને જો પરીક્ષા કરીએ તો સુખ-દુઃખનો અનુભવ કોણ કરે ? એવો સંકર દોષ આવે છે. (સ્થાવર = સ્થિર; જંગમ = અસ્થિર, હાલતા - ચાલતા પદાર્થ; સરીખો = સમાન, સરખા; સંકર દૂષણ = એક વસ્તુનો ગુણ બીજી વસ્તુમાં મિશ્ર કરી આરોપણ કરવારૂપ દોષ)

**ભાવાર્થ :** અદ્વૈતવાદીની માન્યતા એમ છે કે જડ અને ચેતન, સ્થિર અને અસ્થિર સર્વ પદાર્થોમાં એક જ આત્મા વસે છે. અર્થાત્ આખું જગત એક બ્રહ્મસ્વરૂપ છે, બ્રહ્મમય છે. જડ અને ચેતન માત્ર તેના જુદાજુદા સ્વરૂપ છે. પણ આવું માનવામાં 'સંકર દોષ' આવે છે. બે ભિન્ન સ્વભાવવાળા દ્રવ્યોના ગુણોનો એકબીજામાં આત્યંતિક અભાવ હોવા છતાં એકબીજામાં ભેળસેળ કરીને કહેવા તેને સંકર દોષ કહે છે. દૃષ્ટાંતરૂપે અગ્નિ અને પાણીના ગુણધર્મો તદ્દન અલગ હોવા છતાં જો તેને સરખા માનીએ તો અગ્નિ પાણીથી ઠારી નહીં શકાય અથવા પાણીથી અગ્નિ વધુ પ્રજ્વલિત થાય ! પણ એમ બનવું તો અસંભવ છે. એમ જડ અને ચેતન સ્વભાવથી જ તદ્દન ભિન્ન છે, બંનેના લક્ષણો પણ તદ્દન જુદાં પ્રકારના છે, છતાં જો બંનેને એક બ્રહ્મરૂપ માનીએ તો ચૈતન્યનો સુખ-દુઃખ અનુભવ કરવારૂપ વેદકતા ગુણ જડ પદાર્થોમાં પણ વ્યાપે અને જડ પદાર્થનું જડત્વ આત્મામાં આવી જાય, પણ આવું બનવું આકાશપુષ્પની જેમ અસંભવ છે. ખુરશી, ટેબલ, મકાન આદિ જડ પદાર્થો કદાપિ સુખ-દુઃખનો અનુભવ ન કરી શકે એ તો પ્રત્યક્ષ સમજાય એવું છે અને આત્મા જે જ્ઞાનધારી તત્ત્વ છે તેમાં જો જડત્વ આવી જાય તો સુખ-દુઃખનો અનુભવ કરનાર કોણ રહેશે ? માટે આવી માન્યતા સંકર દોષવાળી હોવાથી મિથ્યા ઠરે છે.

તેથી આનંદઘનજી કહે છે કે હે મુનિસુવ્રત જિનરાય ! તમે સર્વજ્ઞ હોવાથી આત્મતત્ત્વનું યથાર્થ

સ્વરૂપ મને સમજાવો એવી નમ્ર વિનંતી છે. એમ કહી આનંદઘનજી જગતમાં પ્રવર્તતી બીજી એક ભ્રામિક એકાંતિક માન્યતાનો નિર્દેશ કરી તેનું નિરસન કરે છે.

**એક કહે નિત્ય જ આતમતત્ત, આતમ દરિશણ લીનો,**
**કૃત વિનાશ અકૃતાગમ દૂષણ, નવિ દેખે મતિહીણો.**
**- મુનિસુવ્રત૦ ૪**

**શબ્દાર્થ :** એક દર્શન એમ કહે છે કે આત્મતત્ત્વ નિત્ય જ છે અને એમ કહી આત્મદર્શનમાં લીન રહેવાનો ભ્રમ સેવે છે, પણ તેમાં 'કૃતવિનાશ', અને 'અકૃતાગમ' નામના દૂષણો છે, એમ તે મતિહીન જીવોને દેખાતું નથી. (દરિશણ = દર્શન; લીનો = લીન, મગ્ન; કૃતવિનાશ દૂષણ = કરેલું કાર્ય નિષ્ફળ થવું; અકૃતાગમ = નથી કર્યું તેવા કાર્યનું ફળ ભોગવવું)

**ભાવાર્થ :** એક દર્શન (સાંખ્ય અથવા વેદાંત) આત્મતત્ત્વને કૂટસ્થ નિત્ય, સદા - સર્વથા નિત્ય માને છે, અર્થાત્ આત્માને કંઈપણ શુભાશુભ ભાવ વગરનો, પરિણામ રહિત, સર્વકાળે એકરૂપ રહેનારો માને છે. આત્મા, બસ, જેવો છે તેવો નિત્ય રહે છે, નથી કોઈનો કર્તા બનતો કે નથી કોઈનો ભોક્તા બનતો. આત્માને આમ કૂટસ્થ નિત્ય માનીને તેઓ કંઈપણ કર્યા વગર બસ, આત્મદર્શનમાં લીન રહેવા માગે છે. ખરેખર તો એ રીતે પોતાના પ્રમાદને પોષે છે, પરંતુ આવી માન્યતામાં બે દૂષણ રહેલા છે તેનો તે મતિહીન, વિવેકશૂન્ય જીવો વિચાર પણ કરતા નથી ! જો આત્મા એકાંતે નિત્ય છે તો તેને કર્તા-ભોક્તાપણું પણ ન રહે. જો ભોક્તાપણું ન હોય તો કરેલું કોઈપણ કાર્ય નિષ્ફળ જશે, તે 'કૃતવિનાશ' નામનું દૂષણ છે. શ્રીમદ્જી ષટ્દર્શનના સારરૂપ પત્રાંક-૪૯૩માં ફરમાવે છે, *"જે જે કંઈ ક્રિયા છે તે તે સર્વ સફળ છે, નિરર્થક નથી. જે કંઈ પણ કરવામાં આવે તેનું ફળ ભોગવવામાં આવે એવો પ્રત્યક્ષ અનુભવ છે."* આ ત્રિકાળ અબાધિત સિદ્ધાંતને શ્રીમદ્જી સુવિદિત દૃષ્ટાંતો દ્વારા પ્રમાણિત કરે છે. જેમ કે વિષ ખાધાથી વિષનું ફળ મૃત્યુરૂપ મળે જ છે. તેથી એમ કહીએ કે આત્મા કાર્ય તો કરે છે પણ તેનું ફળ ભોગવતો નથી તો તે કાર્ય કરે જ શા માટે ? ક્રોધ કરે છે તો તેનું આકુળતારૂપ ફળ પોતે જ ભોગવે છે તેથી કર્તા છે પણ ભોક્તાપણું નથી, એમ માનવામાં કૃતવિનાશ - કાર્યના નિષ્ફળપણારૂપ દોષ આવે છે, જે અસંભવ છે.

વળી, આત્મા કૂટસ્થ નિત્ય હોય તો તે કંઈ જ કરતો નથી, એકાંતે અકર્તા છે, પણ માત્ર રાજા-રંક, સુખ-દુઃખ આદિ ફળ ભોગવે છે એવું માનીએ તો 'અકૃતાગમ' દૂષણ આવે અર્થાત્ કંઈ કર્યું નથી છતાં ફળ મળે છે એવો દોષ આવે, જે ન્યાયથી વિરુદ્ધ છે. ઉપર જણાવ્યું તેમ ક્રિયા અને તેનું ફળ વચ્ચે ત્રિકાળ-અબાધિત કારણ-કાર્ય સંબંધ છે. શ્રીમદ્જી 'શ્રી આત્મસિદ્ધિ' ગાથા - ૮૪ આ વાતનો સુંદર ખુલાસો કરતાં કહે છે,

*"એક રાંક ને એક નૃપ, એ આદિ જે ભેદ;*
*કારણ વિના ન કાર્ય તે, તે જ શુભાશુભ વેદ્ય."*

વીતરાગદર્શન અનેકાંતદૃષ્ટિપૂર્વક આત્માને 'પરિણામી નિત્ય' કહે છે. અર્થાત્ દ્રવ્યદૃષ્ટિએ તે નિત્ય છે એ હકીકત છે કારણ કે તે નથી ઉત્પન્ન થતો કે નથી નાશ પામતો, તેમ છતાં સમયે સમયે તેના ભાવો શુભાશુભરૂપે પલટાય છે, પરિણમે છે એવો સૌનો પ્રત્યક્ષ અનુભવ છે તેથી તે પર્યાયદૃષ્ટિએ કૂટસ્થ નિત્ય નથી, પરિણામી છે એ પણ સત્ય છે. તેથી આનંદઘનજી વીતરાગી એવા શ્રી મુનિસુવ્રત ભગવાનને જ આત્મતત્ત્વનું વીતરાગદર્શને કહેલા યથાર્થ સ્વરૂપને સમજાવવા ફરી ફરી નમ્ર વિનંતી કરે છે.

બીજી કેટલીક આવી ભ્રાંતિગત માન્યતાઓનો નિર્દેશ કરી આનંદઘનજી જિનેશ્વરે પ્રરૂપેલા આત્મતત્ત્વ તરફ દોરી જશે, જે યથા અવસરે અવલોકીશું.

**(ક્રમશઃ)**

• • •

# શ્રી ભક્તામર સ્તોત્ર
(ક્રમાંક - ૪)

મહેન્દ્રભાઈ કે. ખંધાર

**આચાર્યની નમ્રતા અને દૃઢતા (ગાથા ૫-૬)**

● **મૂળ શ્લોક : ગાથા - ૫** (વસંતતિલકા)

**सोऽहं तथापि तव भक्तिवशात् मुनीश !**
**कर्तुं स्तवं विगतशक्तिरपि प्रवृत्तः ।**
**प्रीत्यात्मवीर्यमविचार्य मृगी मृगेन्द्रं,**
**नाभ्यति किं निजशिशोः परिपालनार्थम् ॥५॥**


**શબ્દાર્થ :** सः - તે (અસમર્થ); अहम् - હું (માનતુંગસૂરિ); तथापि - તો પણ; तव - તારી(તમારી); भक्तिवशात् - ભક્તિના કારણે; मुनीश - (હે) મુનીશ્વર(ઋષભદેવ)!; कर्तुं स्तवं - સ્તુતિ કરવાને; विगतशक्ति - શક્તિ વગરનો; अपि - છતાં; प्रवृत्तः - તત્પર થયો છું; प्रीत्या - પ્રીતિ વડે; आत्म - પોતાની; वीर्य - શક્તિ; अविचार्य - વિચાર્યા વિના; मृगी - મૃગલી (હરણી); मृगेन्द्र - હરણો (પશુઓ)નો રાજા (સિંહ); न अभ्येति - (સિંહની) સામે જતી નથી (?); निजशिशोः - પોતાના બાળકનું (હરણનું બચ્ચું); परिपालनार्थम् - પરિપાલન (રક્ષણ) કરવા માટે.

● **સમશ્લોકી અનુવાદ - ૫** (મંદાક્રાંતા) :

એવો હું છું ગરીબજન તો યે પ્રભુભક્તિ કાજે,
શક્તિ જો કે મુજ મહીં નથી ગુણ ગાઈશ આજે;
શક્તિ જો કે નિજ મહીં નથી તો ય શું મૃગલીયે,
રક્ષા માટે શિશુતણી નથી સિંહ સામે જતી એ ?(૫)

● **ભાવાર્થ :**

હે મુનિઓના સ્વામી (ઋષભદેવ ભગવાન)! જો કે આપના અનંત ગુણોનું વર્ણન કરવા માટે હું શક્તિહીન છું તો પણ આપની ભક્તિને વશ થઈને



મારી શક્તિનો વિચાર કર્યા વિના જ આપની સ્તુતિ કરવા માટે પ્રવૃત્ત થયો છું. શું હરણી પોતાના બચ્ચા પ્રત્યેના પ્રેમને વશ થઈ પોતાના બળનો વિચાર કર્યા વિના જ સિંહની સામે થતી નથી ? અર્થાત્ થાય જ છે.

● **વિશેષાર્થ / પરમાર્થ :**

માનતુંગાચાર્યના હૃદયમાં પરમાત્મા પ્રત્યે ભક્તિના ધોધ ઉછળે છે. તેઓ કહે છે કે હે મુનીશ્વર, ઋષભદેવ ભગવાન ! આપની સ્તુતિ કરવા માટે હું અસમર્થ છું. પણ આપના પ્રત્યેની મારી ભક્તિને લીધે જ હું આપની સ્તુતિ કરવાને તત્પર થયો છું. વધારે સ્પષ્ટ કરવા તેઓ કહે છે કે ક્યાં સિંહ અને ક્યાં હરણી ! સિંહનો સામનો તે કદી પણ કરી શકે

જ નહિ, છતાં પોતાના બચ્ચાનું રક્ષણ કરવા માટે તે સિંહનો સામનો કરવા તત્પર બને છે કારણ કે તેને પોતાના બચ્ચાં પર અથાગ પ્રીતિ છે. તાત્પર્ય કે પ્રીતિ અને ભક્તિ એવી વસ્તુ છે કે તેમાં બુદ્ધિપૂર્વકની ગણતરી હોતી નથી. તેમાં તો ભાવના અને ઊર્મિની પ્રધાનતા હોય છે અને આવી વિશિષ્ટ સ્તોત્ર રચના તેના લીધે જ સંભવે છે.

આચાર્ય કહે છે કે ભલે મારામાં શક્તિ ન હોય પણ ભક્તિ તો છે ને ? તો આ અનન્ય ભક્તિથી ગુણો ગાઈશ અને તેમાં આવતા કોઈ વિઘ્નોને ગણકારીશ નહિ, પેલી મૃગલીની જેમ !

આ ગાથામાં પ્રીતિ, ભક્તિ અને શક્તિ એ ત્રણ શબ્દો મહત્ત્વના છે. જો આત્મા પ્રત્યે પ્રીતિ અને પરમાત્મા પ્રત્યે ભક્તિ જાગે તો આત્માની અનંત શક્તિ પ્રગટ થયા વિના રહે નહિ. શક્તિનો સ્ત્રોત (અનંત શક્તિ) આત્મામાં છે, પરંતુ પરમાત્માના અનુગ્રહ વિના એ પ્રગટ થતો નથી અને એ અનુગ્રહ (કૃપા) પ્રાપ્ત થાય છે પરમાત્માની ભક્તિ દ્વારા.

ચોથી ગાથામાં બતાવ્યા પ્રમાણે આચાર્યશ્રી બહુ દુષ્કર કાર્ય કરવા તત્પર બન્યા છે અને પોતાના એ મંતવ્યનું સમર્થન તેમણે સંસારમાં જોવા મળતા એક અનુરૂપ ઉદાહરણથી બતાવ્યું છે.

હરણી કે જે સ્વભાવથી જ નિર્દોષ, શાંત, નિર્બળ, ડરપોક અને ગભરું છે, તેના બચ્ચાને જ્યારે બળવાન ઘાતકી સિંહે પકડ્યું હોય ત્યારે પોતે હિંમત એકઠી કરીને, બચ્ચાને બચાવવા માટે સિંહની સામે પણ બાથ ભીડે છે ! હરણીને પોતાની અલ્પતા, લઘુશક્તિનો ખ્યાલ તો હોય છે પણ તે કારણે પોતાના પ્યારા બચ્ચાને છોડાવવાનું ઉત્તમ અને પવિત્ર કાર્ય છોડી દેતી નથી. આચાર્ય પણ એ જ કહે છે કે પોતાની અલ્પ શક્તિના કારણથી એમના જેવા ભક્તે પ્રભુના ગુણગાન કરવાનું ઉત્તમ કાર્ય છોડવું નથી. તેઓ કહે છે કે મારી ભાવના તો ઉત્તમ જ છે અને તેથી હું આ અનન્ય ભક્તિના કારણે પ્રભુના ગુણો અવશ્ય ગાઈશ.

આ ભક્તિમાં આત્મગુણોની પ્રીતિ અને રક્ષા સિવાય બીજી કોઈ લૌકિક ભાવના નથી. જો લૌકિક (પુત્ર, પૈસા વગેરેની) આશાથી ભક્તિ કરે તો તે ખરેખર ભગવાનનો ભક્ત નથી. તેથી જ પરમ કૃપાળુદેવ 'સામાન્ય મનોરથ' (મોક્ષમાળા-૪૫)માં પોતાને 'અપવર્ગ' (ઉતારૂ) કહે છે.(અ = નહિ, 'પ' વર્ગ = પિતા, પુત્ર, પતિ, પત્ની, પુત્રી... પરિવાર તથા પુણ્ય, પૈસો, પદ, પ્રતિષ્ઠા વગેરે). ધર્માત્માને (અને ભક્તને) બહારની અનેક રિદ્ધિ સહેજે આવી મળે તો પણ તેને તેની ભાવના નથી. ભાવના તો આત્મગુણોની જ છે.

પરમાત્માના ગુણો પ્રત્યે સાધકનું હૃદય ભક્તિથી ઉછળી જાય છે. 'નિયમસાર'ની ટીકામાં આચાર્ય ભગવંત કહે છે કે ભવભયને ભેદનારા ભગવાન પ્રત્યે જેને ભક્તિ ન હોય તે ભવસમુદ્રની વચ્ચે મગરના મુખમાં છે. આ ભક્તિમાં એકલા રાગની વાત નથી, પણ રાગથી ભિન્ન ગુણની ઓળખાણ સહિતની વાત છે કે જે મોક્ષનું કારણ પરંપરાએ થાય છે, યથા :

**વળી મોક્ષગત પુરુષો તણો, ગુણભેદ જાણી તેમની,**
**જે પરમ ભક્તિ કરે, કહી શિવભક્તિ ત્યાં વ્યવહારથી.**

(નિયમસાર - ૧૩૫)

"અરે રે ! આ પંચમકાળ છે, હું અલ્પજ્ઞ છું, શક્તિહીન છું, આ કાળે મોક્ષ નથી" એમ કહીને હતાશ થઈને બેસી રહ્યા વિના મુમુક્ષુ જીવ આત્માના ગુણ સ્વભાવની પરમ પ્રીતિથી મોહની સામે થઈને મોક્ષમાર્ગ સાધે છે.

જેમ નિર્બળ હરણી, પુત્રપ્રેમને લીધે સિંહની સામે શીંગડાં ભીડાવે છે, તેમ મુમુક્ષુનું આત્મવીર્ય

પંચમકાળે પણ ઉદયભાવ (અને મોહ)ની સામે પોતાના સ્વભાવને સાધવા માટે ઉલ્લસી જાય છે, ને તેમાં નિમિત્ત તરીકે સર્વજ્ઞ પરમાત્મા પ્રત્યે ઉભરાતી ભક્તિ છે. ધર્મીનો સર્વજ્ઞ પરમાત્મા (અને તેમના અનંત ગુણો) પ્રત્યેનો પ્રેમ તો જુઓ ! પ્રભો, આ વિકરાળ કાળમાં મારા સાધકભાવ રૂપી બચ્ચાની રક્ષા ખાતર હું મોહરૂપી સિંહની સામે બાથ ભીડીશ અને પૂરી શક્તિથી આપની ભક્તિ કરીશ. અલ્પજ્ઞસાધક હોવા છતાં સર્વજ્ઞ પદ તરફ દોડ્યો આવું છું; તેમાં વચ્ચે બીજો વિચાર કરીને હું અટકીશ નહિ. પરમપદ પ્રાપ્ત કરવા માટે મેં મીટ માંડી છે- 'ગજા વગરને હાલ મનોરથ રૂપ જો,... પ્રભુ આજ્ઞા (ભક્તિ)એ થાશું તે જ સ્વરૂપ જો' (અપૂર્વ અવસર-૨૧). મુમુક્ષુને આત્માના પરમપદની પ્રાપ્તિ સિવાય પૈસા-પુણ્ય-પુત્ર કે સ્વર્ગનોય મનોરથ નથી.

અત્રે એ નોંધપાત્ર છે કે પાઠાંતરમાં, ત્રીજા ચરણમાં 'મૃગી'ને બદલે 'મૃગો' ક્યાંક વપરાય છે પરંતુ જનેતાના વાત્સલ્યની વાસ્તવિકતા વિચારતા, 'મૃગી' યથાર્થ લાગે છે.

કોઈ કહે : 'તમે આવડી મોટી સ્તુતિ ઉપાડી છે, પરંતુ લોકો તમને અલ્પજ્ઞ સમજીને તમારી હાંસી ઉડાવશે તો ?' ત્યારે સાધક/ ભક્ત કહે છે કે હું કાંઈ લોકોને રાજી કરવા સ્તુતિ નથી કરતો, હું તો પરમાત્માના ગુણો પ્રત્યેના પ્રમોદને લીધે એ ભક્તિના ટહુકાર કરું છું. એ વાત કોયલના દષ્ટાંતે હવેની ગાથામાં કહે છે.

**● મૂળ શ્લોક : ગાથા - ૬** (વસંતતિલકા)

**अल्पश्रुतं श्रुतवतां परिहासधाम,**
**त्वद्‌भक्तिरेव मुखरीकुरूते बलान्माम् ।**
**यत्कोकिलः किल मधौ मधुरं विरौति,**
**तच्चारुचाम्रकलिकानिकरैकहेतुः ॥६॥**


**શબ્દાર્થ :** अल्पश्रुतं – અલ્પશાસ્ત્રજ્ઞાનવાળો; श्रुतवताम् – વિદ્વાનોના; परिहासधाम – હાંસીનું પાત્ર; त्वद्‌भक्तिः एव – તારી (તમારી) ભક્તિ જ; मुखरीकुरुते – વાચાળ બનાવે છે; बलाद् – બળપૂર્વક; माम् – મને; यत् – જે; कोकिलः – કોયલ; किल – ખરેખર(!); मधौ – વસંતઋતુમાં; मधुरं – મધુરસ્વરથી; विरौति – કૂજન (ટુહુ ટુહુ ટહુકા) કરે છે; तत् – તે; चारु – મનોહર; च – અને; आम्र – આંબો; कलिका – મંજરી (આંબાનો મૉર, મરવા); निकर – સમૂહ; एक – માત્ર.

**● સમશ્લોકી અનુવાદ - ૬** (મંદાક્રાંતા) :

જો કે હું છું મતિહીન ખરે, લાગું છું પંડિતોને,
તો યે ભક્તિવશ થકી પ્રભુ ! હું સ્તવું છું તમોને;
કોકિલાઓ ટુહુટુહુ કરે ચૈત્રમાંહી જ કેમ?
માનું આવે પ્રતિદિન અહા ! આમ્રનો મોર જેમ.(૬)

**● ભાવાર્થ :**

હું અલ્પજ્ઞ છું અને વિદ્વાનોની મશ્કરીને પાત્ર છું, છતાં તમારી ભક્તિ જ મને(પરાણે) વાચાળ



બનાવે છે. જેમ વસંતઋતુ આવવા પર જ કોયલ મીઠા ટહુકાર કરવા લાગે છે તેનું એક માત્ર કારણ આંબામાં આવેલ સુંદર મૉરનો જ સમૂહ છે.

**● વિશેષાર્થ / પરમાર્થ :**

સ્તોત્રકાર સૂરિજી કહે છે કે મારામાં મતિ-શ્રુત જ્ઞાન ઘણા અલ્પ છે. ક્યાં શાસ્ત્રના અભ્યાસી વિદ્વાનો અને ક્યાં હું ? તેમની આગળ તો હું કાંઈ જ વિસાતમાં નથી. આ સંયોગોમાં ભગવાનની સ્તુતિ માટે હું શું બોલી શકું ? પણ તેમની ભક્તિમાં એવી શક્તિ છે કે તે મને આ બધું બોલાવી રહી છે !

વળી, મારી વાણીમાં જે કાંઈ વિશેષતા આવી રહી છે, તે પ્રભાવ પણ શ્રી જિનેશ્વરદેવની ભક્તિનો જ છે. વસંતઋતુમાં કોયલ મધુર સ્વરે ટહુકવા લાગે છે, કારણ કે તેની સામે રસદાર આંબાની મંજરીઓનો સમૂહ હોય છે. તાત્પર્ય કે પોતાની સામે પોતાને ખૂબ પ્રિય મંજરીઓ જોઈને તેના સ્વરમાં મધુરતા આવી જાય છે, તેમ તમારી ભક્તિના પ્રભાવથી જ મારી વાણીમાં યોગ્યતા અને મધુરતા આવી જાય છે.

આચાર્યશ્રી પોતાની સ્થિતિ સ્પષ્ટ કરવા માટે કેવા સુંદર ઉપમાનોનો પ્રયોગ કરી રહ્યા છે ! પાણીમાં રહેલું ચંદ્રનું પ્રતિબિંબ, તોફાની મહાસાગર, હરણી દ્વારા સિંહનો સામનો અને હવે વસંતઋતુમાં ગીત ગાઈ રહેલો કોયલ (પુરુષ-કોકિલ ગીત ગાય છે, નહિ કે સ્ત્રી-કોકિલ)!

પ્રભુ ! તારા પ્રત્યેની ભક્તિ અને તારા ગુણોની સ્મૃતિથી મારા રોમરોમ એવા પ્રસન્ન અને રોમાંચિત બની ગયા છે કે હું અંતરના ભક્તિભાવથી વાચાળ બન્યા વિના રહી શકતો નથી. પોતાના આવા ભાવને સમર્થન આપતું એક ઉદાહરણ પ્રકૃતિના ખોળે રમતા પંખીઓ પાસેથી મેળવી લે છે. વસંતઋતુમાં આંબાના વૃક્ષો પર મૉર બેસે છે અને પછી સમય થતાં ડાળીઓ પર મરવા, ભડદા અને કેરીઓ લચી પડે છે ત્યારે કોયલો મધુર ટહુકા દ્વારા પોતાની પ્રસન્નતાથી વાતાવરણને આહ્લાદક બનાવી દે છે ત્યારે તે સાંભળનાર તેના કાળા રૂપ-રંગનો વિચાર કરવાને બદલે તેના કંઠમાંથી પ્રગટ થતી મધુરતામાં જ લયલીન બની જાય છે. બસ, એ જ રીતે આપના આત્મગુણોની, પ્રસન્નતાની, વીતરાગતાની મસ્તીની મંજરી નીહાળી મારો આત્મા-કોયલ પણ ટહુકી ઉઠે છે, મારી અલ્પજ્ઞતાના વિચાર વિના. એક અપેક્ષાએ આ દૃષ્ટાંતમાં વસંતઋતુ તે સત્સંગનો યોગ, આમ્રવૃક્ષનો મૉર-મંજરી તે ભગવાનના ગુણો, કોયલ તે સાધક અને ટહુકાર તે આ સ્તુતિ કહી શકાય.

પોતાને અલ્પજ્ઞ, બાળ, શક્તિહીન વગેરે કહીને, પ્રભુના અપરંપાર ગુણોની સ્તુતિ કરવાનું આ ભગીરથ કાર્ય પાંચમી ગાથામાં 'તવ ભક્તિવશાત્' કહીને તથા છઠ્ઠી ગાથામાં 'ત્વદ્‌ભક્તિઃ એવ' કહીને કેવી રીતે થશે તેનું રહસ્ય પ્રગટ કરે છે. હે નાથ ! મારા અંતરમાં તારા પ્રત્યે રહેલી ભક્તિ જે ઉછાળા મારી રહી છે તે ભક્તિની શક્તિ વડે કરીને આ વિકટ કાર્ય અવશ્ય પૂર્ણ થશે. અહીં પરમાર્થ એ છે કે આ કાર્ય પૂર્ણ થવાનું બધું શ્રેય આચાર્યશ્રી પ્રભુભક્તિને આપે છે.

શ્રી ગીતાજીમાં ભગવાન શ્રીકૃષ્ણ પ્રભુને પામવાના ત્રણ માર્ગ બતાવે છે : (૧) જ્ઞાનયોગ, (૨) કર્મયોગ અને (૩) ભક્તિયોગ.

જ્ઞાનયોગમાં પ્રખર બુદ્ધિ કૌશલ્ય, યાદશક્તિ વગેરેની જરૂર પડે છે, પરંતુ ત્યાં અહમ્‌નો ભય રહેલ છે. કર્મયોગમાં પ્રચંડ મનોબળ, શારીરિક ક્ષમતા, વગેરેની જરૂરિયાત રહે છે, પરંતુ ત્યાં ફળની અપેક્ષા (અને પરિણામે અહંકાર, અફસોસ, આક્રોશ)નો ભય રહેલ છે. પણ ભક્તિયોગ એવો સરળ, સચોટ, સુગમ, સર્વત્ર અને લોકભોગ્ય છે કે તેમાં સાધક/ભક્તને પ્રભુમાં અતૂટ શ્રદ્ધા અને હૃદયની નિર્મળતા સિવાય બીજી કોઈ વિશેષ

શક્તિની જરૂર પડતી નથી. કહ્યું છે ને કે 'નિર્બળકો બળ રામ' એમ નિર્બળનું બળ અને નિર્ધનીઆનું ધન પ્રભુ (ભક્તિ) બની રહે છે.

બુદ્ધિને તેજસ્વી કરતા સમ્યક્ બનાવવાની જરૂર છે. બુદ્ધિની વૃદ્ધિ કરતા શુદ્ધિ જ સાધનાને આગળ વધારશે. બુદ્ધિની શુદ્ધિ હૃદયની નિર્મળતા અને ભક્તિથી થશે. કાર્ય બે રીતે થઈ શકે : (૧) બુદ્ધિબળથી અને (૨) સંવેગબળથી. ગુણસ્થાન આરોહ સંવેગથી થાય અને એ સંવેગ (ભાવના)ના બળે જ આ સ્તોત્રની રચના થશે. ત્યાગ-વૈરાગ્ય માટે સંવેગ જોઈએ, માત્ર બુદ્ધિ નહી.

હે દેવ ! જો કે હું અલ્પશ્રુતવાળો (અલ્પજ્ઞ) છું અને બુદ્ધિમાન જનો વડે ઉપહાસને પાત્ર છું તો પણ, જ્યાં આપનામાં ચૈતન્યગુણોની વસંત પૂરબહારમાં ખીલેલી જોઉં છું ત્યાં પ્રસન્નતાથી મારું હૃદય ભક્તિના ટહુકારા કરી ઉઠે છે કે આપના વીતરાગ શાસનમાં અમારા અંતરમાં જ્ઞાનકલિકા ખીલી ઉઠી છે અને હવે મોક્ષના મધુર ફળ થોડા વખત (ભવ)માં ખાશું ! આપના સર્વજ્ઞતાદિ ગુણોનો જે બગીચો ખીલ્યો છે તે દેખીને, પ્રસન્નતાથી હું તો આપની ભક્તિનું મધુર ગુંજન કરીશ. સર્વજ્ઞતા પ્રત્યે મારો ભાવ ઉછળ્યો છે તે સર્વજ્ઞતા લીધા વગર અટકવાનો નથી. સાધક ભક્તને પોતાના શુદ્ધાત્માની પ્રીતિ જાગી છે તેથી પૂર્ણ શુદ્ધતા પામેલા ભગવાનને દેખતા ભક્તિનો ભાવ ઉછળી જાય છે.

ભક્તિમાં ભગવાનની જે ઓળખાણ અને પ્રીતિ છે તે કાંઈ રાગ નથી. ગુણોને ઓળખીને તેનું બહુમાન કરતા પરિણામમાં વિશુદ્ધિ થાય છે, નવા પાપ ટળે છે અને પૂર્વના પાપકર્મો પણ પુણ્યરૂપે સંક્રમી જાય છે (સિદ્ધાંતના નિયમોની મર્યાદામાં). ત્યાં જેટલી શુદ્ધતા અને વીતરાગતા થાય છે તેટલો ધર્મ છે, ને તે પરમાર્થ ભક્તિ છે. તેની સાથે જે પ્રશસ્તરાગ રહ્યો તેમાં ભક્તિનો ઉપચાર છે, તેનાથી સાતિશય પુણ્ય બંધાય છે. પણ ધર્મીની દૃષ્ટિ તે રાગ કે પુણ્ય પર નથી, સર્વજ્ઞ જેવા રાગ વગરના જ્ઞાન સ્વભાવ ઉપર તેની દૃષ્ટિ છે - એવી શુદ્ધ દૃષ્ટિ સહિતની ભક્તિનું આ વર્ણન છે. જેને આત્માનો પ્રેમ હોય તેને ભગવાન પ્રત્યે ભક્તિનો આવો ઉલ્લાસ આવ્યા વગર રહેતો નથી. ૧૪૮ (આમ્નાય ભેદે ૧૫૮) કર્મ પ્રકૃતિના બંધનમાં ફસાયેલો જીવ ઓળખાણ સહિતની આવી ભક્તિ વડે તે બંધનને તોડી નાખે એવા અધ્યાત્મ ભાવો આ ભક્તિમાં ભરેલા છે.

ભક્ત કહે છે કે અહા, આવા કપરા પંચમકાળે મને આપના શાસનરૂપ કલ્પવૃક્ષ (આંબો) મળ્યું, હવે રત્નત્રયરૂપ કેરીઓ પાકશે, તે દેખીને મારું અંતર ઉછળી જાય છે. અત્યારે તો પંચમકાળ છે ને ભગવાન ઋષભદેવ તો ત્રીજા કાળમાં થયા, છતાં જાણે અત્યારે તેઓ મારી સામે સાક્ષાત બિરાજતા હોય, એમ ભક્તિના બળે હું તેમને પ્રત્યક્ષ કરીને સ્તુતિ કરું છું. મને સર્વજ્ઞની ભક્તિનો રંગ લાગ્યો છે અને આ જ પંચમકાળમાં સાચી ભક્તિ છે. આ ભક્તામર સ્તોત્રના દરેક શ્લોકના ભાવોનું ચિંતન કરતા કરતા મુમુક્ષુના અંતરમાં પરમાત્મ ગુણોની માળા ગુંથાતી જાય છે અને કર્મોના બંધન તૂટતા જાય છે.

અહીં પાઠાંતરમાં, ચોથા ચરણમાં 'ચામ્ર (ચ આમ્ર)'ને બદલે 'ચૂત' ક્યાંક વપરાય છે, પરંતુ ભાષાની ભદ્રતા અને મધુરતા વિચારતા 'ચામ્ર' યોગ્ય લાગે છે.

આમ, આરંભની મંગલાચરણરૂપ બે ગાથાઓમાં આદિનાથ ભગવાનને વંદન કરી તેમની સ્તુતિ કરવાનો પોતાનો સંકલ્પ આચાર્ય પ્રગટ કરે છે. પછીની ૪ ગાથાઓમાં પોતાની નમ્રતા સાથે પોતે આરંભેલું કાર્ય કેટલું મહાન તથા કઠિન છે તે વિવિધ ઉદાહરણોથી તાદશ્ય કર્યું છે તથા આવું કાર્ય કરવા કેવા નિમિત્તોથી તેમને સમર્થન મળ્યું તે પણ બતાવ્યું છે. આવું ભગીરથ કાર્ય કરવા તેઓ તત્પર શા માટે બન્યા છે તે તેમણે આ પછીની ૪ ગાથાઓ (૭-૧૦)માં દર્શાવ્યું છે, અર્થાત્ ભક્તામર સ્તોત્રનું માહાત્મ્ય અને તેની રચનાનું રહસ્ય મૂક્યું છે.

● ● ●

# સમ્યગ્દર્શન (આત્મદર્શન)

**બા.બ્ર.શ્રી સુરેશજી**

(ગતાંકથી ચાલુ...)

(૩) **પુરુષાર્થ :** "ઉપાદન શક્તિને જાગ્રત કરવાના પ્રામાણિક પ્રયાસોને પુરુષાર્થ કહે છે."

ઉપાદાન આપણી સ્વાભાવિક શક્તિ છે તથા પુરુષાર્થ તે શક્તિને પ્રગટ કરવા અથવા જાગૃત કરવાના સત્પ્રયાસોનું નામ છે. ઉપાદાન શક્તિ હોય પરંતુ તેને જાગૃત કરવાનો પુરુષાર્થ ન હોય તો તે ઉપાદાન શક્તિની કોઈ સાર્થક્તા નથી. ઉદાહરણ તરીકે લંકાના સાગરતટ પર ઉભેલા હનુમાનજીમાં ઉડીને સાગર પાર કરવાની ઉપાદાન શક્તિ હતી પરંતુ તે અજાગૃત હતી પછી જામ્બવંતજી દ્વારા સ્મરણ કરાવવાથી હનુમાનજીએ પોતાની તે ઉપાદાન શક્તિને જાગૃત કરી તથા સાગર પાર ગયા. તેવી રીતે બધા પંચેન્દ્રિય સંજ્ઞી પ્રાણીઓમાં સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાનું સામર્થ્ય છે, પરંતુ યોગ્ય પુરુષાર્થના અભાવમાં તે શક્તિ મંદ પડી ગઈ છે. તેથી હે ભવ્ય જીવો! તમે દીન-હીન સત્વહીન, અલ્પજ્ઞ, બળહીન, તુચ્છ પ્રાણીમાત્ર નથી, એ તો તમારું અશુદ્ધ સ્વરૂપ છે. ખરેખર તો તમે અનંતજ્ઞાન, અનંત આનંદ તથા અનંત શક્તિવાન પરમાત્મ સ્વરૂપ છો. પોતાના સાચા ભગવત્ સ્વરૂપને ઓળખો તથા જિનેન્દ્ર પ્રણીત મુક્તિમાર્ગ પર ચાલીને પોતાના વિરાટ ભગવત્ સ્વરૂપને પ્રગટ કરો. આ જ મહાન પુરુષોનો આપણા માટે દિવ્ય ઉપદેશ છે. આ દિવ્ય ઉપદેશને હૃદયમાં ધારણ કરીને, પોતાના સંપૂર્ણ સામર્થ્યને પ્રગટ કરીને એકાગ્ર અને ગંભીર થઈને સદ્ગુરુ, સત્શાસ્ત્ર, આત્મ અન્વેષણ (નિરીક્ષણ) તત્ત્વચિંતન, સરળતા, બ્રહ્મચર્ય ઈત્યાદિ સત્સાધનોનું અવલંબન લઈને તેમાં તન્મય થઈને મોક્ષમાર્ગમાં લાગી જવું એ જ વાસ્તવમાં સત્પુરુષાર્થ છે.

પુરુષાર્થ જ વાસ્તવમાં મોક્ષમાર્ગની પ્રાપ્તિનું પ્રધાન સાધન છે, બાકીના કારણો તો પુરુષાર્થને આધીન છે. પુરુષાર્થી વ્યક્તિને અન્ય કારણો સ્વતઃ જ પ્રાપ્ત થઈ જાય છે.

(૪) **નિયતિ :** નિયતિ તે નિયત કાળખંડનું નામ છે કે જે કાળખંડમાં તે કાર્ય સંપન્ન થવાનું છે. જે સમયે જે કાર્ય થવાનું હોય તે તે સમયે જ થઈને રહે છે. આ એક અકાટ્ય નિયમ છે. તેમાં ઈન્દ્ર, જિનેન્દ્ર આદિ કોઈપણ પરિવર્તન કરી શકે નહીં. પરંતુ તે નિયત સમય તો કેવળજ્ઞાનગમ્ય છે. આપણા જ્ઞાનનો વિષય નથી કે આપણો મોક્ષ કે સમ્યક્ત્વ ક્યારે પ્રગટ થશે; તેથી આપણા માટે એકમાત્ર સત્પુરુષાર્થ જ કર્તવ્ય છે. આપણે વર્તમાનમાં જ સત્પુરુષાર્થ કરવામાં લાગી જવું જોઈએ એ જ આપણા માટે પરમ કલ્યાણકારી છે, નિયતિ પ્રમાણે, સમય આવે તે કાર્ય અવશ્ય સંપન્ન થશે.

(૫) **ભવિતવ્યતા :** "કાર્યના હોવાપણાને ભવિતવ્યતા કહે છે." જે નિયત સમયમાં જે કાર્ય થવાનું હશે તે કાર્ય થવાને ભવિતવ્યતા કહે છે. જે કાર્ય થવાનું હશે તે થઈને જ રહેશે તથા જે કાર્ય થવાનું નહીં લખ્યું હોય તે નહીં થાય તેમાં ઈન્દ્ર, જિનેન્દ્ર કોઈ પણ ફેરફાર કરી શક્તા નથી, આનું નામ જ ભવિતવ્યતા છે. પરંતુ કયું કાર્ય ક્યારે થશે અને કયું કાર્ય નહિ થાય તેનું જ્ઞાન તો માત્ર કેવળજ્ઞાની પરમાત્માને જ છે. આ આપણા જ્ઞાનનો વિષય નથી. આપણા હાથમાં તો માત્ર પુરુષાર્થ કરવો તે જ છે. માટે ભવ્ય-અભવ્યની ચિંતા કર્યા વગર અનિચ્છક થઈને મોક્ષનો પુરુષાર્થ કરવો જોઈએ. એનાથી જ સમ્યક્ત્વની પ્રાપ્તિ પણ થાય છે અને મોક્ષની પ્રાપ્તિ પણ થાય છે.

જ્યારે નિયતિ અને ભવિતવ્યતા આપણા હાથમાં જ નથી તો તેને જાણવાનું તથા સમજવાનું શું પ્રયોજન કે લાભ છે?

## નિયતિવાદ તથા ભવિતવ્યતા પર શ્રદ્ધા કરવાનો લાભ

"જે કાર્ય જે સમયે જેવી રીતે તથા જેવું થવાનું હશે તેવું તે કાર્ય તે સમયે તેવું જ તથા તેવી રીતે જ થશે." આ સિદ્ધાંતની અંતરંગ શ્રદ્ધા થઈ જવાથી આપણી અજ્ઞાનવશ પર પદાર્થોમાં જે કર્તૃત્વ તથા ભોક્તૃત્વ બુદ્ધિનો અહંકાર થઈ ગયો છે તે અહંકાર નષ્ટ થઈ જાય છે. આપણે કર્તાપણાના તથા ભોક્તાપણાના મિથ્યા ભારથી એકદમ હલકા થઈ જઈએ છીએ. અનાદિકાળથી અજ્ઞાનવશ ઉત્પન્ન આપણા અહંભાવ-મમત્વભાવનો નાશ થઈ જાય છે. પરના કર્તા-ભોક્તાપણાનો મિથ્યા અહંકાર જ મોક્ષમાર્ગમાં સૌથી મોટું વિઘ્ન છે. પરનું હું કંઈ પણ કરી શક્તો નથી. હું તો માત્ર પોતાના સ્વભાવનો જ કર્તા-ભોક્તા છું અને પરમાર્થ દૃષ્ટિથી તો હું મારા સ્વભાવનો પણ કર્તા-ભોક્તા નથી. મારો સ્વભાવ સ્વતઃસિદ્ધ છે તેને મેં પ્રયત્નપૂર્વક બનાવ્યો નથી. તે સ્વયંસિદ્ધ છે. હું તો માત્ર જ્ઞાતાદૃષ્ટા છું. હું જાણવા-જોવા સિવાય બીજું કાંઈપણ કરી શક્તો નથી એવો દૃઢ નિશ્ચય કરીને સાધક સર્વ રાગ-દ્વેષાદિ ભાવોથી વિરક્ત થઈ પોતાના શુદ્ધ જ્ઞાન દર્શનમય સ્વરૂપ તરફ દૃષ્ટિ કરીને તેમાં જ તન્મય થવાના પુરુષાર્થમાં લાગી જાય છે. ઉપરોક્ત બન્ને નિયતિવાદ અને ભવિતવ્યતા પર શ્રદ્ધાનનું જ આ પારમાર્થિક ફળ છે.

ઉપરોક્ત પાંચે સમવાય કારણો નિમિત્ત, ઉપાદાન, પુરુષાર્થ, નિયતિ તથા ભવિતવ્યતાના સુભગ સનમ્વયથી જ કોઈ પણ કાર્ય થાય છે. કોઈ કાર્યની પૂર્ણતાના કાળખંડને જ કાળલબ્ધિ કહે છે. વિશેષ ઉલ્લેખનીય એ છે કે આ પાંચેય કારણોમાં પુરુષાર્થ જ પ્રધાન છે. તેથી આપણે સદૈવ સત્પુરુષાર્થ કરતા રહીએ એ જ આને જાણવાનું ફળ છે. એનો અર્થ એ નથી કે બાકીના કારણોની શ્રદ્ધા કરવી નહીં, તેમની પણ પૂર્ણ શ્રદ્ધા કરવી તથા પુરુષાર્થમાં લાગેલા રહેવું તે જ પરમ કલ્યાણકારી છે.

આ રીતે આપણે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા માટેની ચાર અનિવાર્ય મૂળભૂત - ન્યૂનતમ યોગ્યતાઓ (૧) ભવ્યતા, (૨) પર્યાપ્તક હોવું, (૩) પંચેન્દ્રિય સંજ્ઞી હોવું તથા (૪) કાળલબ્ધિ તેમની જાણકારી કરી, હવે આપણે સમ્યક્ત્વ પ્રાપ્ત કરવાની આગળની ભૂમિકાની વાત કરીશું.

## સમ્યક્ત્વની પ્રાપ્તિની ભૂમિકા તથા સમ્યક્ત્વની પ્રાપ્તિના સોપાન

જેવી રીતે ખેતરમાં સારો પાક લેવા માટે તે ખેતરની જમીનને પાણી, ખાતર આદિ આપીને ઉપજાઉ બનાવીએ છીએ પછી તેમાં બીજ વાવીએ છીએ તેવી રીતે 'સમ્યક્ત્વ' રૂપી પાકને ઉગાડવા માટે આપણે પણ આપણા આત્માની ભૂમિને કે જે અનાદિકાળથી રાગ-દ્વેષ, વિષય, કષાયોરૂપી ખડથી બંજર (પડતર) જેવી થઈ ગઈ છે તેને યથાર્થ ગુણોરૂપી ખાતર-પાણી આપીને ઉપજાઉ બનાવવી પડશે. હવે આપણે આગળ તે ગુણોની ચર્ચા કરીશું કે જે સમ્યક્ત્વની ભૂમિકારૂપ અનિવાર્ય છે.

**(૧) સંસારપરિભ્રમણના થાકનો અનુભવ થવો :** જ્યાં સુધી જીવ આ સંસારના ચતુર્ગતિના દુઃખોથી થાક્તો નથી ત્યાં સુધી સાચો માર્ગ તેને હસ્તગત થતો નથી. બસ ! હવે ઘણું થયું. આ સંસારના ક્ષણભંગુર સુખ-દુઃખોને ખૂબ સહન કર્યા. આ સંસારમાં કાંઈ પણ સાર નથી. ક્ષણસ્થાયી સુખ-દુઃખનો ખેદ બહુ થઈ ગયો. હવે તો બસ મારે શાંત થવું છે, બસ પરમ શાંતિ જ હવે પ્રાપ્તવ્ય છે. તેથી હું મારી શાંતિનો ભંગ કરનારા રાગ-દ્વેષ, વિષય કષાયોનો નાશ કરી દઈશ. હવે મારે આ સંસારમાં

વધારે રહેવું નથી. આ રીતે ભવભીરુ થવું તે સમ્યક્ત્વ પ્રાપ્તિના માર્ગનું પ્રથમ સોપાન છે. આ દશાથી જ આગળનો માર્ગ ખૂલે છે.

(૨) **આંતરિક ઉદાસીનતા :** હવે વ્યક્તિ સંસારના ભોગવિલાસ, મોજ-શોખ, અન્ય વ્યક્તિઓ દ્વારા કરાયેલ અન્યાય, નિંદા આદિ બધા લૌકિક કાર્યોથી અંતરમાં ઉદાસીન થઈ જાય છે. પોતાની નિંદા, સ્તુતિ આદિનો તેના પર વિશેષ પ્રભાવ પડતો નથી. બસ, પોતાના ધ્યેયને પ્રાપ્ત કરવા માટે જ સદૈવ ચિંતન-મનન-પ્રયત્ન કરતો રહે છે. સમ્યક્ત્વ પ્રાપ્તિની સાધનાનું આ બીજું સોપાન છે.

(૩) **મહાપુરુષો પ્રત્યે અનુરાગ :** સાધક જ્યારે સંસારથી ઉદાસીન થઈ જાય છે ત્યારે તેને સાંસારિક વિષયભોગો નીરસ લાગે છે. તેનું મન કોઈ પણ કાર્યમાં લાગતું નથી. સાંસારિક વ્યક્તિઓ તથા પ્રવૃત્તિઓથી તે દૂર ભાગવા લાગે છે. હવે તેની શાશ્વત આનંદની શોધ શરૂ થઈ જાય છે, પરંતુ જ્યાં સુધી શાશ્વત વસ્તુ પ્રાપ્ત થતી નથી ત્યાં સુધી તે વચ્ચેની અવસ્થામાં તે પોતાને નિરાધાર, અસહાય અનુભવ કરે છે કારણ કે સંસારના રસ તો સમાપ્ત થઈ ગયા છે પરંતુ આત્માનો રસ મળતો નથી. આવો વ્યક્તિ નિરાધાર તો ક્યારેય રહેતો જ નથી. પોતાના મનને તે ક્યાંક તો જોડશે જ. નીચલી અવસ્થામાં તો રાગ થશે જ. એવા સમયમાં સાધકને પરમાત્મતત્ત્વને પ્રાપ્ત થયેલ મહાપુરુષો પ્રત્યે અનુરાગ વધે છે. તેમનું જીવનચરિત્ર વાંચવું, તેમની વાતો સાંભળવી, તેમના ગુણગાન કરવા, તેમની ભક્તિ કરવી આ બધામાં સાધકનું ચિત્ત લાગે છે. તેના માનસપટલ પર સદૈવ મહાપુરુષોના ચરિત્રપ્રસંગ, મુદ્રા, બોધવચન જ ઝંકૃત થતા રહે છે. સમ્યક્ત્વ પ્રાપ્તિની ભૂમિકાનું આ ત્રીજું સોપાન છે.

(૪) **આત્મિક ગુણોનો વિકાસ :** સાધકની અભિરુચિ જ્યારે મહાપુરુષોના દિવ્ય જીવન પર કેન્દ્રિત થાય છે ત્યારે મહાપુરુષોને યોગ્ય દયા, કરુણા, કોમળતા, ઉપશાંતતા, વૈરાગ્ય, સરળતા, વિવેક, સમત્વભાવ ઈત્યાદિ ગુણોનો સાધકના અંતઃકરણમાં વિકાસ થવા લાગે છે. સાધક નિઃસ્વાર્થ સેવા, પરોપકાર, પ્રભુભક્તિ આદિ કાર્યોમાં ઘણી રુચિ લે છે. આત્મતત્ત્વની ઉપલબ્ધિમાં આ ગુણોનો વિકાસ અનિવાર્ય છે જેમ જેમ આ ગુણોનો વિકાસ થતો જાય છે, તેમ તેમ સાધકની આત્મવિશુદ્ધિ વધતી જાય છે. સમ્યક્ત્વની પ્રાપ્તિની ભૂમિકાનું આ ચોથું ચરણ છે.

(૫) **સદ્‌ગુરુનો આશ્રય :** આત્મિક ગુણોના વિકાસથી સાધકની પ્રસન્નતા, નિર્મળકીર્તિ આદિમાં વૃદ્ધિ થવા લાગે છે. પરંતુ આત્મતત્ત્વનો અનુભવ ન થવાથી અંતરંગમાં ખેદ રહ્યા કરે છે. આત્માનુભવની તરસ વધતી જાય છે પરંતુ તે કેવી રીતે પ્રાપ્ત થાય ? તેનો માર્ગ સુઝતો નથી. હવે, આગળના માર્ગ માટે સાધકને કોઈ અનુભવી ગુરુના માર્ગદર્શનની તીવ્ર આવશ્યક્તા લાગે છે. હવે સાધક જ્ઞાની સત્પુરુષની શોધ કરીને તેના જીવનની દોરી તેમના હાથમાં સોંપી દે છે અર્થાત્ હવે તે તેમના માર્ગદર્શનમાં સાધના કરવા લાગે છે. સદ્‌ગુરુના આશ્રયે આવી જવાથી હવે સાધકનું મનમોજીપણું, સ્વચ્છંદતા છૂટવા લાગે છે, જેનાથી સાધક ગંભીર તથા આજ્ઞાકારી બની જાય છે. આ સમ્યક્ત્વ પ્રાપ્તિની પાંચમી ભૂમિકા છે.

(૬) **સદ્‌ગુરુબોધની પ્રાપ્તિ :** ઉપરોક્ત પાંચ સોપાનોને પ્રાપ્ત કરીને સાધક હવે, સદ્‌ગુરુના બોધને ગ્રહણ કરવા યોગ્ય બની જાય છે. સદ્‌ગુરુ સાધકને હવે તત્ત્વજ્ઞાનનો બોધ આપે છે. આ બોધને તે હૃદયમાં સારી રીતે ગ્રહણ કરી લે છે તથા તે બોધનું વારંવાર સ્મરણ કરે છે તે ઉપરાંત આગમના અભ્યાસ આદિ દ્વારા પણ ચિંતન-મનન કરે છે. તે

**(અનુસંધાન પાના નં. ૨૯ પર...)**

# આત્મા - અનંત શક્તિઓનો ભંડાર

**વલભજી હીરજી 'કેવલ'**

જેણે આત્માને જાણવો હોય, જેણે સુખી થવું હોય ને આ ભવભ્રમણનાં દુઃખથી છૂટવું હોય તેણે અનંત શક્તિના વૈભવવાળા આત્માને ઓળખવો જોઈએ. આત્મામાં અનંત શક્તિઓ એક સાથે રહેલી છે અને તેની પર્યાયો ક્રમેક્રમે થાય છે. જ્ઞાન લક્ષણ વડે આત્મા લક્ષિત થાય છે.

જેને પ્રભુતા પ્રગટાવવી હોય ને ધર્મ પ્રગટ કરવો હોય તેણે આવા ગુણ-પર્યાયવાળા પોતાના આત્માને જાણવો જોઈએ. આત્મા શું છે તેને જાણ્યા વગર અજ્ઞાનીને દેહાદિના સંયોગનું કે પુણ્યના ઝબકારાનું માહાત્મ્ય તથા અધિકતા ભાસે છે, પણ જો પોતાના અપાર ચૈતન્યવૈભવને જાણે તો વિકારનું કે સંયોગનું માહાત્મ્ય રહે નહિ, એટલે પરિણતિ નિજસ્વભાવ તરફ વળતાં તેમાં નિર્મળ જ્ઞાન-આનંદનું પ્રગટ પરિણમન થાય તેને આત્મા પ્રસિદ્ધ થયો એમ કહેવામાં આવે છે. જ્ઞાનલક્ષણ વડે જે સ્વાનુભવમાં આવ્યો તે આત્માનો વૈભવ કેવો છે તેનું વર્ણન છે :

દેહની ક્રિયાથી લક્ષિત થાય તે આત્મા નહિ,
રાગલક્ષણ વડે લક્ષિત થાય તે આત્મા નહિ;
ગુણભેદરૂપ વિકલ્પ વડે લક્ષિત થાય તે આત્મા નહિ,
અંતરમાં વળેલા જ્ઞાનલક્ષણ વડે લક્ષિત થાય તે આત્મા.

આવા લક્ષ્યરૂપ આત્મામાં વિકાર નથી ને સંયોગ નથી.

આત્મા અનત શક્તિઓનો પિંડ છે. તેમાં ૪૭ શક્તિઓ અલૌકિક છે. આત્માને જ્ઞાનમાત્ર કહેતા તે સ્વપણે 'સત્' છે ને પરપણે 'અસત્' છે. આવું અનંત શક્તિવાળું પોતાના આત્માનું સ્વરૂપ છે, પણ જીવે નિજસ્વરૂપને કદી લક્ષમાં લીધું નથી. અનંત શક્તિવાળા પોતાના આત્માને લક્ષમાં લે તો અપૂર્વકલ્યાણ થાય. આત્મામાં અનંત ગુણો છે તે દરેક ગુણ ભિન્ન નિજ સ્વભાવવાળો છે. એક ગુણ બીજા ગુણરૂપે થઈ જતો નથી, છતાં 'જ્ઞાનમાત્ર' નિર્મળ ભાવમાં બધા ગુણોનો રસ એક સાથે સ્વાદમાં આવે છે. જ્ઞાન, આનંદ, જીવત્વ, પ્રભુત્વ, અસ્તિત્વ વગેરે શક્તિના કાર્ય જુદાં જુદાં છે તેવી અનંત શક્તિઓ એક આત્મામાં એક કાળે, એક ક્ષેત્રે રહેલી છે. એકેક શક્તિ બેહદ સ્વભાવના સામર્થ્યથી ભરેલી છે. આવો આત્મા સ્વાનુભવથી જ્યારે જ્ઞાનમાત્રપણે પરિણમે છે ત્યારે તે જ્ઞાનમાત્ર પરિણમન અનંત શક્તિના નિર્મળ પરિણમનથી ભરેલું છે, એવી અનંત શક્તિઓ પરિણમનમાં એક સાથે ઉલ્લસે છે. ક્ષેત્રે અને કાળે એકસાથે હોવા છતાં દરેક શક્તિનું કાર્ય ભિન્ન ભિન્ન છે એટલે લક્ષણભેદ છે, ભાવથી ભેદ છે. જો ભાવભેદ ન હોય તો ભિન્ન ભિન્ન અનંત શક્તિ સિદ્ધ ન થાય, જેમ કે જીવત્વ શક્તિનું કાર્ય આત્માને ચૈતન્યપ્રાણથી જીવાડવો તે, જ્ઞાનનું કાર્ય જાણવું, શ્રદ્ધાનું કાર્ય પ્રતીતિ કરવી, ચારિત્રનું કાર્ય લીનતા કરવી, વીર્યનું કાર્ય સ્વરૂપની રચના કરવી, સુખનું કાર્ય અનાકુળ શાંતિનું વેદન કરવું, પ્રકાશશક્તિનું કાર્ય સ્વયં-પ્રત્યક્ષ સ્વાનુભવ કરવો. આત્મામાં શક્તિઓ અનંતી હોવા છતાં તેનું ક્ષેત્ર તો અસંખ્ય પ્રદેશી છે. તારા ગુણોની નિર્મળતા પ્રગટાવવા તારા સ્વક્ષેત્રમાં નજર કર ને તેમાં જ એકાગ્ર થા. બધુંય તારામાં ભર્યું છે. પરમાં ક્યાંય શોધવાની જરૂર નથી.

અનંત શક્તિઓનો ધણી આત્મા તે પોતાની

પ્રભુતા ભૂલીને દીનપણે પરભાવમાં રખડતો થકો દેહ ધારણ કરીને સંસારમાં ભટકી રહ્યો છે. તેને તેની શક્તિનો વૈભવ બતાવીને સંતો જગાડે છે કે હે જીવ ! તું જાગ ! તુ વિકાર જેટલો પામર નથી પણ સિદ્ધ પરમાત્મા જેવો પ્રભુ છો. તારી શક્તિના એક ટંકારે કેવળજ્ઞાન લે એવી તારી તાકાત છે. જ્ઞાનમાત્ર ભાવમાં ઊછળતી કેટલીક શક્તિઓ નીચે મુજબ છે :

૧. જીવત્વ શક્તિ ૨. ચિતિ શક્તિ ૩. દશિ શક્તિ ૪. જ્ઞાનશક્તિ ૫. સુખશક્તિ ૬. વીર્યશક્તિ ૭. પ્રભુત્વ શક્તિ ૮. વિભુત્વ શક્તિ ૯. સર્વદર્શિત્વશક્તિ ૧૦. સર્વજ્ઞત્વ શક્તિ ૧૧. સ્વચ્છત્વ શક્તિ ૧૨. પ્રકાશ શક્તિ ૧૩. અસંકુચિત વિકાસત્વ શક્તિ ૧૪. અકાર્યકારણત્વ શક્તિ ૧૫. પરિણમ્ય - પરિણામકત્વશક્તિ ૧૬. ત્યાગોપાદાન શૂન્યત્વ શક્તિ ૧૭. અગુરુલઘુત્વ શક્તિ ૧૮. ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વશક્તિ ૧૯. પરિણામશક્તિ ૨૦. અમૂર્તત્વ શક્તિ ૨૧. અકતૃત્વશક્તિ ૨૨. અભોકતૃત્વશક્તિ ૨૩. નિષ્ક્રિયત્વશક્તિ ૨૪. નિયતપ્રદેશત્વ શક્તિ ૨૫. સ્વધર્મ વ્યાપકત્વ શક્તિ ૨૬. સાધારણ - અસાધારણ - સાધારણા સાધારણ ધર્મત્વ શક્તિ ૨૭. અનંતધર્મત્વશક્તિ ૨૮. વિરુદ્ધધર્મત્વ શક્તિ ૨૯-૩૦. તત્ત્વશક્તિ, અતત્ત્વશક્તિ ૩૧-૩૨. એકત્વશક્તિ, અનેક-ત્વશક્તિ ૩૩. ભાવશક્તિ ૩૪. અભાવશક્તિ ૩૫-૩૬. ભાવઅભાવશક્તિ, અભાવભાવશક્તિ, ૩૭. ભાવભાવશક્તિ ૩૮. અભાવઅભાવશક્તિ, ૩૯. ભાવશક્તિ ૪૦. ક્રિયાશક્તિ ૪૧. કર્મશક્તિ ૪૨. કતૃશક્તિ ૪૩. કરણ શક્તિ ૪૪. સંપ્રદાનશક્તિ ૪૫. અપાદાન શક્તિ ૪૬. અધિકરણ શક્તિ ૪૭. સંબંધ શક્તિ. **(ક્રમશઃ)**

• • •

---

## સમ્યગ્દર્શન

**(પાના નં. ૨૭ પરથી ચાલુ...)**

સમ્યક્ત્વની ભૂમિકાનું છઠ્ઠું સોપાન છે.

(૭) **અપૂર્વ અંતર સંશોધન :** સદ્ગુરુથી અપૂર્વ પારમાર્થિક બોધ પ્રાપ્ત કરીને હવે સાધકની ચિત્તવૃત્તિઓ અંતર્મુખ થવા લાગે છે. પહેલાની અવસ્થાઓમાં ભગવાનની ભક્તિ, સત્પુરુષોની કથાઓ, સ્વાધ્યાય આદિ કરવાથી જે સાત્ત્વિક આનંદનો અનુભવ કરતો હતો. હવે, સાધક તેનાથી પણ આગળ તાત્ત્વિક, આત્મિક આનંદની શોધમાં લાગી જાય છે. વારંવાર તે પોતાના સ્વરૂપનું ચિંતન, મનન, મંથન, નિદિધ્યાસન કરવામાં રહે છે. હવે સાધકનો અધિકાંશ સમય એકાંત, મૌનપૂર્વક આત્મચિંતન તથા તત્ત્વચિંતનમાં જ જાય છે. આને જ અપૂર્વ અંતર સંશોધન કહે છે. આ સાતમું સોપાન છે.

(૮) **સ્વાત્મોપલબ્ધિ :** નિરંતર અવિચ્છિન્ન રૂપથી આત્મસંશોધનના પરિપાક રૂપે સાધકને જેની અનાદિકાળમાં ક્યારેય અનુભૂતિ થઈ નથી એવા પરમ પવિત્ર, શુદ્ધ, અતીન્દ્રિય, સહજ આનંદની અનુભૂતિ થાય છે અને તેનું જીવન ધન્ય બની જાય છે. તે કૃતકૃત્ય થઈ જાય છે. આને જ સ્વાત્મોપલબ્ધિ અથવા નિશ્ચય સમ્યગ્દર્શન કહે છે, જે આપણું પરમ ધ્યેય છે.

સમ્યક્ત્વ પ્રાપ્તિનો ક્રમ આ રીતે જ હોય છે તેવો નિયમ નથી. આ ક્રમ આગળ પાછળ હોઈ શકે છે પરંતુ ઉપરોક્ત બધા સોપાન હોવા અનિવાર્ય છે. આ સોપાન તો પ્રાયોગિક જીવન પર આધારિત વ્યક્તિગત અનુભવના આધારે દર્શાવ્યા છે. આગમ શાસ્ત્રોમાં આ ક્રમ પાંચ લબ્ધિઓ દ્વારા દર્શાવ્યા છે, જેનો સંક્ષેપમાં પ્રસંગવશ આપણે પરિચય કરીશું.

**(ક્રમશઃ)**

• • •

# સાક્ષીભાવ

**ચંદ્રહાસ ત્રિવેદી**

ભગવાન બુદ્ધને વિહાર દરમિયાન એક વાર જંગલમાં રાત્રે રોકાણ કરવાનું થયું. યોગાનુયોગ પૂર્ણિમાની રાત હતી અને આછો-પાતળો આશ્રય મળી ગયો. તેથી આગળ ન જતાં રાત્રે ત્યાં જ વિશ્રામ કરવાનું નક્કી થયું. ચંદ્ર સોળે કળાએ પ્રકાશી રહ્યો હતો, રાત શાંત અને શીતળ હતી. એટલે બુદ્ધને ધ્યાનમાં બેસવાનો વિચાર થયો. તેથી તેઓ આશ્રયસ્થાનની થોડે દૂર આવેલ એકાંત પસંદ કરીને ઝાડને અઢેલીને બેઠા અને ધ્યાનમાં ઊતરવા લાગ્યા. બુદ્ધે જે સ્થળ ધ્યાન માટે પસંદ કર્યું હતું તેની બાજુમાંથી બે નાની પગદંડીઓ જતી હતી પણ કોઈની અવરજવર વર્તાતી ન હતી. એટલે ધ્યાનમાં કોઈ વિક્ષેપ થવાની સંભાવના ન હતી. વળી, આ સ્થળ આશ્રયસ્થાનથી ખાસ દૂર ન હતું. તેથી પણ તે અનુકૂળ હતું.

બુદ્ધને ધ્યાનમાં કલાક-બે કલાક થયા હશે. ત્યાં હાકોટા કરતા કેટલાક સ્વચ્છંદી યુવાનો ત્યાં આવી પહોંચ્યા. આટલી રાત્રે અવરજવર વિનાની કેડીઓ પાસે કોઈ આ રીતે આવશે તેવો તો કોઈનેય ખ્યાલ જ ન હતો. આ ઉચ્છૃંખલ છોકરાઓએ ધ્યાનમાં મગ્ન બુદ્ધને ઢંઢોળ્યા અને જગાડીને પૂછ્યું, "તમે થોડીક વાર પહેલાં અહીંથી કોઈ સુંદર સ્ત્રીને જતી જોઈ ? તે આ રસ્તે નીકળી હતી અને અહીં બે કેડીઓ ફંટાય છે તેથી તે કદાચ કોઈ કેડી પકડીને નીકળી ગઈ હશે. તમે આ કેડીની બાજુમાં જ બેઠેલા છો એટલે તમને તો ચોક્કસ તેની ખબર હશે."

બુદ્ધ ધ્યાનભંગ થયા હતા. હજુ તેમણે પૂર્ણ સ્વસ્થતા પ્રાપ્ત કરી ન હતી. તેઓ આ યુવકોની વાત પૂરી સમજી નહીં શક્યા હોય કે તેમને આ લોકોના રંગ ઢંગ ઠીક નહીં લાગ્યા હોય એટલે તેમણે કહ્યું, "શું તમારું કોઈ સ્વજન તમારાથી વિખૂટું પડી ગયું છે ?"

પેલા યુવાનોએ મશ્કરીમાં કહ્યું, "સ્વજન કહેવું હોય તો કહેવાય. અમે બાજુના નગરમાંથી તે સુંદર સ્ત્રીને લઈ આવ્યા હતા. રસ્તામાં અમે નશો કરતા આવતા હતા તેથી અમને ઝાઝું ભાન રહ્યું નહીં અને આ સ્ત્રી અમને થાપ આપીને આમ ક્યાંક ભાગી ગઈ. તેણે કીમતી આભૂષણો પહેરેલાં હતાં. તમે અમને તેનો અણસાર આપો તો અમે તેની પાછળ જઈને પકડી લઈએ."

બુદ્ધે કહ્યું, "ભાઈઓ આ બાબતે તમે મારી પાસે ખોટી અપેક્ષા રાખો છો. હું તો ભિખ્ખુ છું. ધ્યાનમાં બેઠો હતો, કોણ ગયું અને કોણ આવ્યું તેની મને કંઈ ખબર નથી. હા, અવારનવાર કેટલીક છાયાઓ અહીંથી નીકળતી હતી. તેમાં કોણ સ્ત્રી છે કે કોણ પુરુષ છે તે હું એમ કેમ કહી શકું ? વળી તમે તો સુંદર સ્ત્રીની વાત કરો છો. છાયામાં કોણ સુંદર અને કોણ સામાન્ય ? છાયા એટલે છાયા. જ્યાં મને મારું ભાન ન હોય ત્યાં છાયાઓ વચ્ચે ભેદ કેવી રીતે કરી શકું ? મને તો તમે પણ થોડાક છાયા જેવા જ લાગો છો."

પેલા યુવાનો ઉતાવળમાં હતા. બુદ્ધની આવી લાંબી વાત સાંભળવા કે સમજવાનો તેમની પાસે સમય જ નહોતો. એક જણ બોલ્યો, "આ સાધુ પાસેથી કંઈ જાણવા મળે તેમ નથી લાગતું. અહીં આની પાસે સમય વેડફવાને બદલે વહેંચાઈ જઈએ. બે જણ આ બાજુ જાય અને બે જણ પેલી

બાજુ જઈએ. હજુ તે સ્ત્રી દૂર નહીં પહોંચી હોય. દોડતા જઈશું તો કદાચ તેને પકડી શકીશું.'' અને આ યુવાનો પેલી સ્ત્રીને શોધવા માટે આમતેમ વહેંચાઈને આગળ વધી ગયા.

સરળ લાગતી બુદ્ધની વાતમાં તત્ત્વનાં ઊંડાણ છે. ધ્યાનમાં બહાર વહેતી ચિત્તધારા અંદર તરફ વળે છે અને ધ્યાન સિદ્ધ થતાં તે આત્મામાં સ્થિતિ કરી લે છે. ત્યાર પછી બાહ્ય જગતનું અસ્તિત્વ છાયા સમું બની જાય છે. પછી સ્ત્રી શું કે પુરુષ શું ? સુંદર શું કે સામાન્ય શું - બધાનાં પરિણામ બદલાઈ જાય છે. ત્યાં વિલસે છે આત્મતત્ત્વ જે પોતાના સ્વભાવમાં વર્તે છે.ત્યાર પછી બચે છે કેવળ સાક્ષીભાવ - જે ધ્યાનસાધનાનું ઊંચું શિખર છે.

સાક્ષીભાવ દર્પણ જેવો હોય છે. તેમાં જતી આવતી વસ્તુઓનું પ્રતિબિંબ ઝિલાય પણ જેવી વસ્તુ ખસે કે અરીસામાં પડતું પ્રતિબિંબ ઓઝલ થઈ જાય છે. દર્પણ વસ્તુના પ્રતિબિંબને સહેજ પણ સંગ્રહે નહીં. વસ્તુ ખસી કે દર્પણ ખાલી. સાક્ષીભાવમાં સ્થિતિ થયા પછી સમસ્ત સંસારનું અસ્તિત્વ છાયાથી કંઈ વિશેષ ન લાગે. એક રીતે આ જીવનમુક્ત અવસ્થા છે. તેમાં જીવન રહે પણ સંસાર ન રહે.

સાક્ષીભાવ એ જ્ઞાતા-દૃષ્ટાભાવથી પણ આગળની અવસ્થા છે. જ્ઞાતા-દૃષ્ટાભાવમાં જોનાર અને જાણનાર રહે છે પણ તે રાગ-દ્વેષથી રહિત હોય છે. આ ભાવ એક રીતે ફોટોપ્લેટ જેવો હોય છે. એમાં જ્ઞાતા-દૃષ્ટાએ જે જાણ્યું કે જે જોયું તેની છાપ રહી જાય, પણ જ્ઞાતા-દૃષ્ટા તેના પ્રતિ ઉદાસીન હોય. જ્યારે સાક્ષીભાવમાં વસ્તુનું પ્રતિબિંબ છાયાવત હોય છે. જેવી વસ્તુ ખસી કે તેની છાયા પણ ખસી જાય. પછી ત્યાં તેની કોઈ છાપ રહેતી નથી. આમ, સાક્ષીભાવમાં સ્થિત ચેતના સંસારમાં રહેવા છતાંય સંસારથી અલિપ્ત હોય છે. સાક્ષીભાવ એ ધ્યાન-સાધનાનું બહુ ઊંચું શિખર છે. ત્યાં સુધી મહાત્માઓ જ પહોંચી શકે છે.

■ ■ ■


## પત્ર લખો અને 'સરદાર જ્યોત' એક વર્ષ માટે 'ફ્રી' મેળવો

આપને સરદાર પટેલના વિચાર, જનજાગૃતિ, શિક્ષણ અને ગ્રામ્ય સંસ્કૃતિમાં રસ હોય તો 'સરદાર જ્યોત' દ્વિમાસિક મેળવવા માટે નીચેના સરનામે આપના સરનામા સાથે એક પત્ર લખો. અને 'સરદાર જ્યોત' એક વર્ષ માટે 'ફ્રી' (નિઃશુલ્ક) મેળવો.

**તંત્રીશ્રી, સરદાર જ્યોત લોકસેવા ટ્રસ્ટ**

૩, સંગાથ એપાર્ટમેન્ટ, એસ.બી.આઈ.ની પાછળ, સ્ટેડીયમ પાંચ રસ્તા પાસે, સી.જી.રોડ, નવરંગપુરા, અમદાવાદ.

E-mail : loksevatrust2004@gmail.com


## થાય જાણ !

**- પરિગ્રહી માંડલિયા**

(દોહરા)

જેને સમજ્યા વિના, આપ્યો પ્રેમ અનંત,
સમજાયું ત્યાં ઘડપણ, આવ્યું હે ભગવંત.
બાહ્ય જાળમાં અટવાતા, ના મેળવ્યું કાંઈ,
રાગ, દ્વેષ, ક્રોધ ને માયા, સઘળું મળે આંહી.
ચિત્તમાં ના થાય સ્થિરતા, શુષ્ક થાય આત્મા,
વૈરાગ્ય ભાવ ના ઠરે, શું કરવું પરમાત્મા.
શું કરું ભગવંત, દેહમાં વર્તે કષાય,
ના ક્ષમા, ના સમભાવ દિશે, બમણો થાય.
મતિ કરે શંકા ને, માંગે તર્ક પ્રમાણ,
શું દેહ તપ કરે ને, આત્માને થાય જાણ !

# જે થાય તે યોગ્ય જ માનવામાં આવે

રમેશ કાંતિલાલ ખંધાર (USA)

(આધાર : પરમકૃપાળુદેવ વચનામૃત-૩૦૧)

કૃપાળુદેવનું આ અનુભવાત્મક અને સૂત્રાત્મક વચનામૃત મુમુક્ષુ માટે મહત્ત્વપૂર્ણ છે. તેના પર ચિંતન - મનન કરતાં કેટલાક મહત્ત્વના સિદ્ધાંતો પ્રતિપાદિત થાય છે.

જે થાય તે યોગ્ય માનવા માટે જરૂરી મુમુક્ષુ જીવની પાત્રતા માટે નીચેના મુદ્દાઓ લક્ષમાં લેવા :

(૧) ઉદય પ્રસંગનો સમજણપૂર્વક, અંતરથી હૃદયના ભાવથી સ્વીકારભાવ આવવો જરૂરી છે. સ્વીકારભાવ માત્ર મનના સ્તરે હોય તો તે વિપરીત બુદ્ધિનો ખેલ હોઈ શકે. સ્વદ્રવ્યનો મહિમા, લગની અને જરૂરિયાત ભાસતી હોય તો જ હૃદયમાંથી સ્વીકારભાવ આવશે. સંસાર-પરિભ્રમણના થાકરૂપ નિર્વેદ પણ જરૂરી છે.

(૨) સમજણપૂર્વક શાંત સ્વીકારભાવ માટે સત્સંગ, સ્વાધ્યાય અને તત્ત્વ-નિર્ણય આવશ્યક છે. અનાદિના કુસંસ્કાર (વૃત્તિઓ)થી શરૂઆતની ભૂમિકામાં અસ્વીકારરૂપ પ્રત્યાઘાત આવશે, પરંતુ મુમુક્ષુ જીવે પ્રત્યાઘાતરૂપ પરિણામનું અવલોકન કરી તેના કારણોને દૂર કરવા રહ્યાં. તેથી શાંત સ્વીકાર ભાવના પ્રયોગાત્મક અભ્યાસ સાથે સ્વદોષ નિરીક્ષણ કરવું જરૂરી છે.

(૩) મુમુક્ષુ જીવે સતત ખ્યાલમાં રાખવું કે અસ્વીકાર ભાવમાં આર્ત્ત અને રૌદ્ર ધ્યાન રહેલા છે, જ્યારે શાંત સ્વીકારભાવ સવિકલ્પ ધર્મધ્યાન સ્વરૂપ છે.

જે થાય તે યોગ્ય માનવામાં આવે એ સિદ્ધાંતરૂપ વચનામૃતનો અંતરના ભાવપૂર્વક સ્વીકાર કરી રોજિંદા જીવનમાં અમલ કરવાથી પોતાના જીવનમાં આમૂલ પરિવર્તનના શ્રીગણેશ રોપાય છે. તેનાથી થતા લાભદાયી પરિણામો મારી અલ્પમતિ પ્રમાણે નીચે મુજબ છે :

(૧) જે થાય તે યોગ્ય માનવામાં વીતરાગ પરમાત્માની સર્વજ્ઞતાનો સ્વીકાર છે. સર્વજ્ઞએ કેવળજ્ઞાનમાં જોયેલું એ જ થયું છે અને થઈ રહ્યું છે એમાં કોઈ ફેરફાર શક્ય જ નથી. ઈન્દ્ર, જિનેન્દ્ર, નરેન્દ્ર પણ ફેરવવાને સમર્થ નથી તો પછી હું પામર શું કરી શકું ! અર્થાત્ શાંતભાવે સ્વીકાર કરી જ્ઞાતા-દૃષ્ટા ભાવમાં રહેવું એ જ કર્તવ્ય છે. આમ જાણવું એ જ્ઞાનપૂર્વક શ્રદ્ધાની નિઃશંકતા છે. સત્‌દેવ-સદ્‌ગુરુ-સત્‌ધર્મના મૂળમાં સર્વજ્ઞતાની શ્રદ્ધા જ છે. આ પરથી ફલિત થાય છે કે જે થાય તે યોગ્ય માનવારૂપ પરિણામ વ્યવહાર સમક્તિ રૂપ છે.

(૨) જીવ સમજે છે કે પૂર્વે અજ્ઞાનભાવે બાંધેલા કર્મોના ફળ સ્વરૂપે પ્રતિકૂળ પ્રસંગો છે. અર્થાત્ દરેક ઉદયપ્રસંગ મારું પોતાનું જ ચિતરામણ છે. આ સમજણ મહત્ત્વની છે. આ આત્મિક પુરુષાર્થરૂપ શ્રદ્ધાપૂર્વકની સમજણ કર્મોના વિપાકોદયને નિષ્ફળ કરી પ્રદેશોદયમાં ફેરવે છે. ટૂંકમાં, જીવ કર્મોદયના વમળમાં તણાઈ જતો નથી. પ્રસંગથી અપ્રભાવિત રહી ઉદયકર્મને નિષ્ફળ કરે છે, નિર્જરા કરે છે. જેટલા અંશે ઉદયની અસર લે, અર્થાત્ પ્રત્યાઘાત આપે તેટલા અંશે નવો કર્મબંધ થાય છે. તેથી જ કૃપાળુદેવ જે થાય તે યોગ્ય માની સમભાવે-શાંતભાવે સ્વીકાર કરવાની મુમુક્ષુને

ભલામણ (આજ્ઞા) કરે છે.

(૩) ઉદયપ્રસંગમાં ફેરફાર કરવાના પ્રયત્નો એ બુદ્ધિનું વિપર્યાસપણું છે અને તે બુદ્ધિ જીવના અજ્ઞાનભાવની સંતતિને જીવંત રાખે છે. પરિણામે ઉદયપ્રસંગના પ્રત્યાઘાતરૂપ રાગ-દ્વેષ (ભાવકર્મ)નું નિમિત્ત પામી નવા દ્રવ્યકર્મનો બંધ થાય છે અને સંસારનું પરિભ્રમણ લીલુંછમ રહે છે. સમજણપૂર્વકના શાંત સ્વીકારથી રાગ-દ્વેષ થતા નથી, ઉદયકર્મ નિર્જરી જાય છે અને સંસારપરિભ્રમણમાંથી છૂટવાનો અવકાશ પ્રાપ્ત કરે છે. શાંત ભાવે સ્વીકારથી તમે પરિસ્થિતિને ઓળંગી જાઓ છો. જે ઉદયપ્રસંગ પ્રત્યાઘાતના કારણે નવા કર્મબંધનું કારણ થતો હતો તે આત્મિક પુરુષાર્થથી નિર્જરાનો હેતુ બને છે. કોઈ વસ્તુ કે પ્રસંગ ઈષ્ટ-અનિષ્ટ નથી, પરંતુ જીવનો અસત્ અભિગમ જ તેને ઈષ્ટ-અનિષ્ટરૂપ જુએ છે.

(૪) શાંત સ્વીકારભાવમાં પૂર્વના અજ્ઞાનભાવથી નિવૃત્ત થવાની બુદ્ધિ છે. આ પૂર્વની અજ્ઞાનરૂપ ભૂલના સ્વીકારરૂપ આલોચના છે. સ્વીકારભાવમાં ફરીથી એ ભૂલ નહિ કરવાની ભાવનારૂપ પ્રતિક્રમણ-પ્રત્યાખ્યાન છે. આ જ વાસ્તવિક પ્રયોગાત્મક અભ્યાસરૂપ આલોચના-પ્રતિક્રમણ-પ્રત્યાખ્યાન છે.

(૫) કોઈ પણ પ્રતિકાર વિના શાંતભાવે સ્વીકારથી જીવ પોતાના પરિણામની સંપૂર્ણ જવાબદારી સ્વીકારે છે. સંયોગો, નિમિત્ત કે કર્મોદય પર દોષ આરોપિત નથી કરતો. બહારના સંયોગો અને નિમિત્ત પર દૃષ્ટિ રહેતી નથી, તેથી અસંતોષ, આકુળતા અને તનાવ થતા નથી. જીવનો ઉપયોગ અંતર્મુખ થવા લાગે છે, પરિણામની ચંચળતા ઘટતી જાય છે અને શાંત થયેલા પરિણામમાં પદાર્થો તેના મૂળ સ્વરૂપે જાણી શકવાની ક્ષમતા વધતી જાય છે. સંયોગોમાં ફેરફાર કરવાની બુદ્ધિ નહિ હોવાના કારણે પોતાની જ્ઞાન પર્યાયમાં પ્રતિભાસતા જ્ઞેયોનું લક્ષ છૂટી જઈ ઉપયોગ અંતર્મુખ થઈ પોતાના સ્વદ્રવ્યનું અનુસંધાન કરવાના પ્રયાસમાં પ્રવૃત્ત થાય છે. આવો પુરુષાર્થ જારી રાખતા અનુભૂતિની ભવિતવ્યતા પાકતી જાય છે. આટલા ટૂંકા સૂત્રમાં કૃપાળુદેવે આત્મસાક્ષાત્કાર કરવાનો પ્રયોગાત્મક અભ્યાસ કરવાની ચાવી આપી દીધી છે.

(૬) ઉદયપ્રસંગના શાંત સ્વીકારભાવમાં પરનું કર્તાપણું ગળતું જાય છે. અભિપ્રાયની ભૂલ પણ ટળતી જાય છે. સમજણપૂર્વક ઉદય-પ્રસંગના શાંત સ્વીકારભાવમાં દર્શનમોહ મંદ પડતો જશે. પ્રારબ્ધઉદયમાંથી પ્રતિકાર વિના પસાર થવું એ અંતરંગ શ્રદ્ધા-જ્ઞાન સહિતનું વ્યવહાર ચારિત્ર છે.

સારાંશમાં કૃપાળુદેવનું આ અનુભવસિદ્ધ વચન દરેક મુમુક્ષુ માટે મોક્ષમાર્ગની કેડી બનવાનું દૈવત ધરાવે છે. 'જે થાય તે યોગ્ય માનવામાં આવે' એનો પરમાર્થ આમ છે - ઉદય પ્રસંગે જે સમયે જે પ્રાપ્ત થાય તેના પ્રત્યે શાંત સ્વીકારભાવ રાખી, તેનાથી પ્રભાવિત થયા વિના તેમાંથી પસાર થઈ જવું એ જ યથાર્થ આત્મિક પુરુષાર્થ છે. જે મુમુક્ષુ અત્યંત શ્રદ્ધાપૂર્વક આ અમૃત વચનને આત્મસાત્ કરશે તે આત્માનુભૂતિરૂપ અમૃતફળનો અધિકારી બનશે.

• • •

- **જે વસ્તુઓને તમે વહેંચી દો છો, તેના તમે માલિક છો. જે વસ્તુઓને તમે પકડી રાખો છો, તેના તમે ગુલામ છો.**
- **રાગ વિના સંસાર નથી અને સંસાર વિના રાગ નથી.**

# પ્રશમરતિ

**ધૂની માંડલિયા**

ગ્રંથ 'પ્રશમરતિ' વિશે જૈનેતરો અજાણ હોય એ સ્વાભાવિક છે, પણ જૈનોના કેટલા ટકા આ નામ જાણતા હશે એ વિશે ચિંતાજનક શંકા થાય છે. ગ્રંથ વાંચ્યો હોય એવી સંખ્યા વિશે અટકળ જ કરવાની અને વાંચ્યો હોય અને જીવનમાં અમલ થયો હોય એવી સંખ્યા એકાદનીયે હોય તો તેમને નમ્રભાવે કોટિ કોટિ વંદન.

૩૧૪ સંસ્કૃત શ્લોકોમાં રચાયેલા ગ્રંથ 'પ્રશમરતિ'માં જૈનધર્મનું સારભૂત તત્ત્વ આલિખિત છે. તેને વિવેકપૂર્વક નિષ્ઠાથી આચરણમાં ઉતારવાથી આત્મશુદ્ધિ અને આધ્યાત્મિક ઉન્નતિ અવશ્ય થાય. 'પ્રશમરતિ' એ 'પ્રશમ' અને 'રતિ' એ બે શબ્દોના બનેલા સામાસિક શબ્દ છે. પ્રશમરતિ એટલે પ્રશમનો આનંદ. 'પ્રશમ'માં શમ શબ્દ શમન, ઉપશાંતિનો અર્થ આપે છે. શમનમાં ફરીથી આવિર્ભાવનો સંભવ છે પરંતુ 'શમ'ની આગળ રહેલા 'પ્ર' ઉપસર્ગનો અર્થ છે - આત્યંતિક. આ શમન આત્યંતિક છે. એનો અર્થ એ કે જેમનું શમન થયું હોય તેમના આવિર્ભાવનો ફરી સંભવ જ નથી. પ્રશમ કોનો ? રાગદ્વેષનો. પ્રશમરતિ એટલે રાગદ્વેષના ક્ષયનો આનંદ-રાગદ્વેષના ક્ષયથી જન્મતો આનંદ.

જેટલા રાગદ્વેષ ઓછા તેટલી ચિત્તની શાંતિ વધારે અને પરિણામે સુખ વધારે. આ તો સહુના અનુભવની વાત છે. હવે જો રાગદ્વેષનો આત્યંતિક નાશ સંભવતો હોય તો આત્યંતિક શાંતિ અને સુખ સંભવે. પરંતુ કેટલાક રાગદ્વેષના આત્યંતિક નાશનો સંભવ સ્વીકારતા નથી. તેઓની દલીલ એવી છે કે વ્યક્તિ જન્મે છે ત્યારે રાગદ્વેષ સાથે જ જન્મે છે અને મરે છે ત્યારે પણ. તેના રાગદ્વેષ નાશ પામ્યા હોતા નથી. રાગદ્વેષની સંતતિ સ્વાભાવિક છે, અનાદિ છે. એટલે તેનો ઉચ્છેદ શક્ય નથી. આની સામે લગભગ બધા જ દાર્શનિકો એવું જણાવે છે કે રાગદ્વેષનો ઉચ્છેદ શક્ય છે. તે સુષુપ્તિના દૃષ્ટાંતથી સમજાય છે. સ્વપ્નરહિત સુષુપ્તિમાં રાગદ્વેષ ઉદ્‌ભવતા નથી. સુષુપ્તિની અવસ્થા થોડા ગાળાની હોય છે. સુષુપ્તિમાંથી જાગૃતાવસ્થા થાય છે પરંતુ મોક્ષાવસ્થામાંથી સંસારાવસ્થા થતી નથી. મોક્ષની અવસ્થા રાગ-દ્વેષના ક્ષયની છે.

રાગદ્વેષનું કારણ મિથ્યાજ્ઞાન-મિથ્યાદર્શન છે. આ મિથ્યાજ્ઞાનનો નાશ તેના પ્રતિપક્ષ તત્ત્વજ્ઞાનથી - સમ્યગ્‌દર્શનથી થાય છે. મિથ્યાજ્ઞાનનો નાશ થતાં રાગદ્વેષની ઉત્પત્તિનું કારણ રહેતું નથી. પરિણામે રાગદ્વેષ નાશ પામે છે. રાગદ્વેષનો નાશ તેમની પ્રતિપક્ષ મૈત્રી આદિ ભાવનાથી પણ થાય છે. રાગદ્વેષનો નાશ કરવાના બીજા પણ ઉપાયો છે. આમ, રાગદ્વેષ નિત્ય નથી કે સ્વાભાવિક નથી. રાગદ્વેષનો ક્ષય શક્ય છે જ. પરિણામે રાગદ્વેષના ક્ષયથી જન્ય આત્યંતિક આનંદ પણ શક્ય છે. એથી એના માટે સૌએ પુરુષાર્થ કરવો જોઈએ. અને તે જ પરમ પુરુષાર્થ છે. 'પ્રશમરતિ' શીર્ષકનું આ હાર્દ છે.

આ ગ્રંથ પ્રથમ રાગદ્વેષનું સ્વરૂપ વર્ણવે છે. રાગની તે મમકાર તરીકે વ્યાખ્યા કરે છે અને દ્વેષની અહંકાર તરીકે વ્યાખ્યા કરે છે. તેમાં જણાવાયા અનુસાર રાગનો વિસ્તાર માયા અને લોભમાં થાય છે, જ્યારે દ્વેષનો વિસ્તાર ક્રોધ અને માનમાં થાય છે. પછી ક્રોધ માન, માયા અને લોભ - એ ચાર કષાયોનું તે નિરૂપણ કરે છે. રાગદ્વેષને બંધના કારણો તરીકે જણાવી રાગદ્વેષને દૂર કરવાના વિવિધ ઉપાયોનું તેમાં વિસ્તારથી આલેખન કરવામાં આવ્યું છે.

**(અનુસંધાન પાના નં. ૭ પર...)**

# જન્મદિવસ - મૃત્યુદિવસ

મધુભાઈ પારેખ

પ્રત્યેક મનુષ્ય જન્મ અને મરણ શબ્દોથી અતિ પરિચિત છે. પછી તે ભણેલો, અભણ, વિદ્વાન, સંત, શ્રીમંત, નિર્ધન, પુરુષ, સ્ત્રી વગેરે અવસ્થામાં હોય તો પણ પરિચિત છે. વળી, જન્મ એટલે ખુશી અને મૃત્યુ એટલે ગમ એવી સહજ સમજ પણ ધરાવે છે. ઉપરાંત જન્મ-મૃત્યુ ઈશ્વરને આધીન છે તેવી શ્રદ્ધા પણ ધરાવે છે, ભલે તે ગમે તે ધર્મ, મત, સંપ્રદાયમાં હોય. જન્મ પ્રત્યે અભય અને મૃત્યુ પ્રત્યે ભયભીત પણ હોય છે. મૃત્યુથી બચવા સતત પ્રયત્નશીલ પણ રહે છે. આ બધું છતાં બહુ અલ્પ મનુષ્યો જન્મ અને મૃત્યુના રહસ્યને જાણી શક્યા અને તે ભગવાન કહેવાયા. પરંતુ જે ઘણા મનુષ્યો આ રહસ્યને પામી શક્યા નથી તે આવા ભગવાનને ભિન્ન ભિન્ન પ્રકારે વિનંતી કરતા રહે છે કે "હે ભગવાન અમને બચાવો." પરંતુ મૃત્યુથી બચવા માટેનો સત્‌પુરુષાર્થ કરવાનું તેમને સૂઝતું નથી, એ કેવું મોટું આશ્ચર્ય છે !

જગતમાં જે જન્મે છે તે અવશ્ય મૃત્યુ પામે છે એ વાત પણ પ્રાયે લોકો જાણે છે. હવે થોડું વધારે વિચારતા વાત સ્પષ્ટ થાય છે કે મૃત્યુથી બચવું હોય તો જન્મથી પણ બચવું પડે જ. કેમકે મૃત્યુનું કારણ જન્મ છે તે સ્વીકાર તો કર્યો છે.

મનુષ્યો દર વરસે પોતાના જન્મદિવસે પ્રસન્નતા અનુભવે છે. ભલે, આપણે જન્મદિવસ ઉજવતા રહીએ પણ સાથોસાથ મૃત્યુ કે જે જન્મનું જ પરિણામ છે તેને પણ યાદ કરવાનું બહુ જ જરૂરી છે. વેપારી રોજ લાખોનો વેપાર કરે પરંતુ તેનું લક્ષ વેપારના પરિણામ (નફો) ઉપર સતત રહે છે, તે પ્રકારે જન્મદિવસની ઉજવણી કરતા કરતા પરિણામે જે મૃત્યુ છે તેના ઉપર પણ લક્ષ હોવું જરૂરી છે.

જન્મની તારીખ-તિથિ નિશ્ચિત છે પરંતુ મૃત્યુની તારીખ નક્કી નથી - આ વાત સૌ કોઈ જાણે છે. હવે આ અવસ્થામાં શું કરવું ? તેનો જવાબ જેમને જન્મ-મૃત્યુનું રહસ્ય સમજાયું છે તેવા ભગવાન આપે છે કે હે મનુષ્ય, તું રોજ સવારે જાગે છે ત્યારે જેમ મને યાદ કરે છે તે પ્રકારે જ તારા મૃત્યુને પણ યાદ કરી લે. આજે જ મારું મૃત્યુ થઈ શકે છે માટે આજે તો સત્‌કર્મો કરવાં જરૂરી છે એવો વિચાર રોજ કરવાનો અને સત્‌કર્મો કર્યે જવાનાં. એવો ક્રમ આયુષ્ય પર્યંત કરવામાં આવે તો ફરી જન્મવાનું રહેશે નહીં. અને જન્મ નથી તો મૃત્યુ છે જ ક્યાં ? આ ઉપાય અઘરો જણાય છે ? બિલકુલ સહેલો છે, કેમકે આમ કરવામાં તેને કોઈની મદદની જરૂર નથી. પોતે જ સ્વયં કરી શકે છે. પૈસાની પણ જરૂર નથી. અસત્‌ વહેવાર અને અસત્‌ કાર્ય કરવાનું તજી દે એટલે બાકી સત્‌ વહેવાર અને સત્‌ કર્મ જ રહે છે. આમાં ન્યાય, નીતિ, પ્રામાણિકતા, સત્ય, અહિંસા બધું જ સહેજે સમાઈ જાય છે.

સત્‌કર્મ એટલે પૂજા-પાઠ, વ્રત, જપ, તપ, દાન, સેવા વગેરે તો કરવાનાં છે, પણ સહજભાવે, પ્રસન્ન ચિત્તથી જીવનવહેવાર એવા કરીએ કે કોઈ પણ જીવાત્માને આપણા જીવન વહેવારથી દુઃખ, પીડા કે ઘાત ન થાય. બસ, આ પ્રકારે આયુકાળ વ્યતીત થાય તો કર્મબંધ ક્યાં રહ્યો ? અને કર્મબંધ ન હોય તો જન્મ કે મૃત્યુનો આધાર ક્યાં રહે ? કર્મ ભોગવવા માટે જ જે-તે પ્રકારે દેહરૂપી જેલની વ્યવસ્થા કુદરતી રીતે છે. આટલું સમજાય તો ક્રમે કરીને સર્વ દુઃખથી મુક્ત થઈ શકાય.

• • •

**પથ્થર પ્રતિમા બન્યો એ જોઈને હૈયું હરખાઈ ગયું, પણ પ્રતિમાને પૂજનારો પથ્થર જ રહ્યો એ જોઈને દિલ દુઃખી થઈ ગયું.**

# પુસ્તક સમાલોચના

**મિતેશભાઈ એ. શાહ**

**(નોંધ : આ વિભાગ માટે પુસ્તક કે ગ્રંથની બે નકલ મોકલવા વિનંતી છે.)**

**[૧]** પુસ્તકનું નામ : **જીવતરની વાટે અક્ષરનો દીવો**

**લેખકઃ** ડૉ. કુમારપાળ દેસાઈ ● **પ્રથમ આવૃત્તિ :** ડિસે.૨૦૧૪ ● **પૃષ્ઠઃ** ૩૭૨ ● **કિંમતઃ** રૂા.૫૦૦

**પ્રકાશક :** ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીરોડ, અમદાવાદ ફોન. ૨૨૧૪૯૬૬૦

પાકું બાઈન્ડિંગ, આકર્ષક મુખપૃષ્ઠ, સારી ક્વૉલીટીના કાગળનો ઉપયોગ થયેલ છે. આ પુસ્તકમાં ઝિંદાદિલીભર્યું જીવન જીવનાર અને મૂલ્યનિષ્ઠ સાહિત્યકાર જયભિખ્ખુના જીવનચરિત્રનું સુંદર આલેખન કરવામાં આવ્યું છે. ચરિત્રનાયક જયભિખ્ખુની આ વિકાસકથા વાંચતાં શીલઘડતર તેમ જ શબ્દઘડતરનો માર્ગ કેટલો વિકટ અને વિષમ હોય છે તેનો ખ્યાલ આવે છે. ખમીર તથા ખુમારી, ખુદ્દારી તથા ખુદાઈના જે ગુણો જયભિખ્ખુના જીવન-સર્જનમાં પ્રગટ થાય છે તે દર્શાવવાનો ચરિત્રકારનો ઉદ્યમ સ્તુત્ય છે. ચરિત્રકારે જયભિખ્ખુનું વ્યક્તિચરિત્ર આલેખવામાં અનેક સ્મરણો, ડાયરી અને પત્રોની નોંધો, એમના સંપર્કમાં આવેલ વિવિધ વ્યક્તિઓના અભિપ્રાયો વગેરે વસ્તુસામગ્રીનો ઉપયોગ કર્યો છે. આ પુસ્તક દ્વારા ડૉ. કુમારપાળ દેસાઈએ એક મળવા જેવી ને માણવા જેવી સારસ્વત વ્યક્તિતાનો, એમની સૌહાર્દપૂર્ણ સર્જકતાનો રસાત્મક ચરિત્રાલેખ સુલભ કરી આપ્યો છે. સચિત્ર માહિતી પુસ્તકને આકર્ષક બનાવે છે.

**[૨]** પુસ્તકનું નામ : **વાત વાતમાં**

**લેખક :** શ્રી ચંદ્રહાસ ત્રિવેદી ● **આવૃત્તિ :** પ્રથમ, ૨૦૧૪ ● **મૂલ્ય :** રૂ. ૮૦/- ● **પૃષ્ઠ :** ૬૦

**પ્રકાશક :** શ્રી ચંદ્રહાસ ત્રિવેદી, ફોન : ૦૭૯-૨૬૬૨૦૬૧૦


આ વિશિષ્ટ વાર્તાસંગ્રહમાં ૨૩ પ્રસંગકથાઓ છે. કથાનકને અંતે લેખકે ટૂંકમાં વાર્તાનો મર્મ-રહસ્ય-સારતત્ત્વને મૂક્યું છે. પુસ્તક એક જ બેઠકે વાંચી શકાય તેવું રસપ્રદ છે. લેખકે કેટલાય ધર્મો અને તત્ત્વધારાઓના મર્મની વાત આ પ્રસંગો સાથે વણી લીધી છે. આ કથાઓ દ્વારા મહાપુરુષોના જીવનચરિત્રના રહસ્યો પ્રસ્તુત કરવાનો લેખકે સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

**[૩]** પુસ્તકનું નામ : **ટૂંકામાં ટૂંકી યાત્રા**


**લેખક :** સુનીલ ગાંધી ● **આવૃત્તિ :** પ્રથમ, ૨૦૧૪ ● **મૂલ્ય :** રૂ. ૩૦૦/- ● **પૃષ્ઠ :** ૨૧૫

**પ્રકાશક :** એન. એમ. ઠક્કરની કંપની, મુંબઈ. ફોન : ૨૨૦૧૦૬૩૩

પાકું બાઈન્ડિંગ તેમજ સારા કાગળનો ઉપયોગ થયેલ છે. જીવો વાસ્તવિક આત્મકલ્યાણ કેવી રીતે સાધી શકે તેનું સચોટ માર્ગદર્શન આ પુસ્તકમાં આપવામાં આવ્યું છે. આત્મપ્રાપ્તિનો પ્રયત્ન શ્રી સુનિલભાઈ ગાંધીએ આ પુસ્તકમાં દર્શાવ્યો છે. આમાં તેઓએ કર્મસિદ્ધાંત, ક્રિયાકાંડ અને આત્મઓળખ વિશે ચર્ચા કરી છે. આ પુસ્તકમાં તેઓએ પોતાના આંતર અનુભવનું તારણ જુદાં જુદાં પાત્રો દ્વારા પ્રગટ કર્યું છે. એક રીતે કહીએ તો લેખકે પોતે કરેલી આત્મયાત્રાનો નિચોડ કથાના રૂપમાં પ્રસ્તુત કર્યો છે. ધર્મચર્ચાને કથારૂપે આલેખવાનો લેખકનો સ્તુત્ય પ્રયાસ છે.



# બાળ વિભાગ



સંકલન : મિતેશભાઈ એ. શાહ

## ચાબૂકનો માર

કવિ નિરાલાજીને મળવા એક વાર કોઈ એક ઉચ્ચ અધિકારી કાર લઈને આવ્યા હતા.

તેમણે પોતાની કાર નિરાલાજીના ઘર પાસેની સડકની વચ્ચોવચ પાર્ક કરી હતી. દરમ્યાન એક ગાડાવાળો ત્યાંથી પસાર થયો. તેણે બહુ સાચવીને પોતાનું ગાડું ચલાવ્યું, છતાં માર્ગ એટલો બધો સાંકડો હતો કે ગાડું કાર સાથે અથડાયું અને કારના આગળના ભાગે સાવ મામૂલી નુકસાન થયું.

પેલા અધિકારીએ નિરાલાજીના મકાનની બારીમાંથી આ જોયું. તેઓ તરત પેલા ગાડાવાળા પાસે જઈ પહોંચ્યા અને તેમણે ગાડાવાળાના હાથમાંથી ચાબૂક આંચકી લીધો અને એ જ ચાબૂકથી તેમણે ગાડાવાળાને ફટકારવા માંડ્યો.

આ બાજુ નિરાલાજી બારીમાંથી આ જોઈ રહ્યા હતા. તેમનાથી આ સહન થઈ શક્યું નહિ. તેઓ તે જ ક્ષણે દોડતા દોડતા સડક પર આવી પહોંચ્યા અને અધિકારીના હાથમાંથી ચાબૂક આંચકી લઈ, અધિકારીને જ ચાબૂક ફટકારવા માંડ્યા.

અધિકારી ચીસ પાડીને બોલી ઊઠ્યા, ‘‘અરે નિરાલાજી, મને કાં ચાબૂક ફટકારો છો ?’’

નિરાલાજીએ અધિકારીને જવાબ આપતા કહેવા માંડ્યું, ‘‘જે મનુષ્ય હોવા છતાં અને સભ્ય તથા સુશિક્ષિત હોવા છતાં અમાનુષી કાર્ય કરે છે તેની સાથે નિરાલાજીનો આવો જ વ્યવહાર રહે છે ! ગાડાવાળાને તમે ચાબૂક માર્યા તેની એને કેવી વેદના થતી હશે તેનો હવે તમને સાચો ખ્યાલ આવશે.’’

## નિરાશા અને આશા

સવારનો પહોર હતો. મહર્ષિ રમણ પોતાના આશ્રમમાં બેઠા બેઠા પત્રાવલીઓ તૈયાર કરી રહ્યા હતા અને સાથે સાથે મનમાં ધર્મનું ચિંતન પણ કરી રહ્યા હતા.

એ સમયે એક અજાણ્યો યુવાન મહર્ષિની પાસે આવ્યો અને પ્રણામ કરીને એમની સામે વિનયપૂર્વક બેઠો.

મહર્ષિએ યુવાન તરફ નજર કરી તો જણાયું કે તે યુવાનના મુખ પર કોઈ નિરાશાનો ભાવ ઊપસી રહ્યો હતો !

મહર્ષિ તરત જ સમજી ગયા કે આ યુવાન કોઈ દુઃખમાં સપડાઈ ગયો લાગે છે.

એમણે યુવાનને પૂછ્યું, ‘‘ભાઈ, તને શું દુઃખ છે ? આટલો બધો નિરાશ શા માટે ?’’

યુવાન બોલ્યો, ‘‘મહારાજ, હું એક ઑફિસમાં નોકરી કરતો એક નોકરિયાત છું. મારે મોટો વસ્તાર છે. પગાર ઘણો ઓછો છે. કુટુંબનો નિર્વાહ આટલા ઓછા પગારથી બરોબર ચાલતો નથી. આ સ્થિતિથી હું વાજ આવી ગયો છું. આપઘાત કરી જિંદગીનો અંત લાવવાની ઇચ્છા રાતદિવસ મને થયા કરે છે.’’

મહર્ષિએ કહ્યું, ‘‘તને હું કંઈ કહું તે પહેલાં તું મારું એક કામ કર. મેં તૈયાર કરેલાં આ બધાં જ પતરાળાં તું પેલા ઉકરડા પર ફેંકી આવ.’’

આ સાંભળી યુવાને આશ્ચર્ય પામીને પૂછ્યું,

"અરે ! ખૂબ મહેનતથી આપે આ પત્રાવલીઓ તૈયાર કરી છે, એને આપ ફેંકી દેવાનું કહો છો ? એ તો હજી ખાવા માટે ઉપયોગમાં આવે તેવી છે."

મહર્ષિ બોલ્યા, "તો, ભાઈ ! આવા મહામૂલા જીવનને ફેંકી દેવા તું કેમ તૈયાર થયો છે ? જીવનથી જે કંટાળે છે તેને જીવનનું મૂલ્ય કદી સમજાતું નથી. નિરાશાને તું ખંખેરી નાખ અને આશા સાથે આ મહામૂલી જિંદગીમાં આગળ પ્રયાણ કર ! નિરાશા એ જીવનનો અંધકાર છે અને આશા એ સાચી દિશામાં જીવવા માટેનો એક પરમ પ્રકાશ છે ! – આ વાત તારે સદા સ્મરણમાં રાખવી."

મહર્ષિના આ શબ્દોએ જાણે જાદુ કર્યો !

નિરાશાને ખંખેરીને આશાભર્યા કદમ ભરતો તે યુવાન ત્યાંથી રજા લઈ પોતાને ઘરે પાછો ફર્યો.

## ઔદાર્ય

જે સમયની આ વાત છે એ સમયે ભાવનગર રાજ્યના દીવાનપદે સર પ્રભાશંકર પટ્ટણી હતા.

એકવાર તેઓ બહારગામ હતા ત્યારે તેમની ગેરહાજરીમાં તેમના ઘરમાંથી તેમની પત્નીનાં ઘરેણાં ચોરાયાં. પોલીસ અધિકારીએ પટ્ટણીના ઘરના એક નોકરની આ ચોરી બાબતે ધરપકડ કરી અને તેને પોલીસથાણા પર લઈ જવાયો.

પટ્ટણીસાહેબ બહારગામથી ઘેર પાછા આવ્યા કે તરત તેમને આ વાતની જાણ થઈ.

પટ્ટણીસાહેબે તરત જ પેલા નોકરની પત્નીને બોલાવી અને એની પાસેથી તેમણે જાણી લીધું કે એના પતિએ જ ઘરેણાં ચોર્યાં છે.

પટ્ટણીસાહેબે આ સાચી વાત પોતાના મનમાં જ રાખી અને પોલીસઅધિકારીને પેલા નોકર સાથે પોતાની પાસે આવવાનો હુકમ કર્યો.

પોલીસઅધિકારી પેલા નોકરને સાથે લઈ પટ્ટણીસાહેબ સમક્ષ ખડો થયો.

પટ્ટણીસાહેબે કહ્યું, "આને છોડી દો. મને એના પર જરાયે શંકા નથી. ઘણા સમયથી તે મારે ત્યાં નોકરી કરે છે. એ ઘરેણાં ચોરે એવી કલ્પના સુદ્ધાં હું કરી શકું નહીં."

પોલીસઅધિકારીએ નોકરને મુક્ત કર્યો.

બધા ત્યાંથી ચાલ્યા ગયા એટલે પટ્ટણીસાહેબે એ નોકરને કહ્યું, "ભાઈ, જરાયે ગભરાતો નહિ. પહેલાંની જેમ જ કામ કરવા લાગ. લે, આ કબાટની ચાવી ! કબાટ ઉઘાડીને તેમાં મારું આ પૈસાનું પાકીટ મૂકી દે !"


નોકર તો પટ્ટણીસાહેબના પોતાના પરના અખૂટ વિશ્વાસને જોઈ જ રહ્યો. તે ગળગળો થઈ ગયો અને પટ્ટણીસાહેબના પગમાં પડ્યો. રડતાં રડતાં તે બોલ્યો, "મને માફ કરો સાહેબ ! મેં જ ઘરેણાં ચોર્યાં છે ! તમને હું એ પાછાં આપી દઈશ. તમે મારામાં મૂકેલા વિશ્વાસનો મેં ઘાત કર્યો છે એવા ખ્યાલથી હું કંપી ઊઠું છું. અરે રે ! તમારા વિશ્વાસ અને પ્રેમનો મેં આવો બદલો આપ્યો ? મને ઈશ્વર પણ માફ નહિ કરે !"

પટ્ટણીસાહેબે તેને હાથ ઝાલીને ઊભો કર્યો અને કહ્યું, "એમાં દુઃખી થવાનું કોઈ કારણ નથી. ભૂલ તો માનવી માત્રથી થાય, પણ હવે તું ફરીથી આવું ન કરતો. તારો આ પશ્ચાત્તાપ એ જ તને એક સજા છે. લે, આ પૈસા તારી પાસે રાખ, જેથી કોઈ તકલીફ આવતાં તારે ચોરી કરવાની જરૂર રહે નહિ."

આટલું કહીને તેમણે નોકરના હાથમાં થોડા પૈસા મૂક્યા.

■ ■ ■

**ગુરુ એટલે સંસ્કારની શાળા, પ્રેમનો પાતાળકૂવો, સ્નેહની સરિતા અને વાત્સલ્યની વર્ષા.**







## PEACE OF MIND

Once Buddha was walking from one town to another with a few of his followers. This was in the initial days. While they were travelling, they happened to pass a lake. They stopped there and Buddha told one of his disciples, “I am thirsty. Do get me some water from that lake there.”

The disciple walked up to the lake. When he reached it, he noticed that some people were washing clothes in the water and, right at that moment, a bullock cart started crossing through the lake. As a result, the water became very muddy, very turbid. The disciple thought, “How can I give this muddy water to Buddha to drink!” So he came back and told Buddha, “The water in there is very muddy. I don’t think it is fit to drink.”

After about half an hour, again Buddha asked the same disciple to go back to the lake and get him some water to drink. The disciple obediently went back to the lake. This time he found that the lake had absolutely clear water in it. The mud had settled down and the water above it looked fit to be had. So he collected some water in a pot and brought it to Buddha.

Buddha looked at the water, and then he looked up at the disciple and said, “See what you did to make the water clean. You let it be ... and the mud settled down on its own – and you got clear water... Your mind is also like that. When it is disturbed, just let it be. Give it a little time. It will settle down on its own. You don’t have to put in any effort to calm it down. It will happen. It is effortless.”

What did Buddha emphasize here? He said, “It is effortless.” Having ‘peace of mind’ is not a strenuous job; it is an effortless process. When there is peace inside you, that peace permeates to the outside. It spreads around you and in the environment, such that people around start feeling that peace and grace.

## THE STARFISH

Once a man was walking along a beach. The sun was shining and it was a beautiful day. Off in the distance he could see a person going back and forth between the surf’s edge and the beach. Back and forth this person went. As the man approached, he could see that there were hundreds of starfish stranded on the sand as the result of the natural action of the tide.

The man was stuck by the apparent futility of the task. There were far too many starfish. Many of them were sure to perish. As he approached, the person continued the task of picking up starfish one by one and throwing them into the surf.

As he came up to the person, he said: “You must be crazy. There are thousands of miles of beach covered with starfish. You can’t possibly make a difference.” The person looked at the man. He then stooped down and picked up one more starfish and threw it back into the ocean. He turned back to the man and said: “It sure made a difference to that one!”

# સમાજ-સંસ્થા દર્શન

## શ્રી પ્રભુ-ગુરુના ચિત્રપટોની સ્થાપના સાનંદ સંપન્ન

તા. ૧૮-૧-૨૦૧૫ના રોજ બપોરે ૩.૦૦ વાગ્યે પૂજ્યશ્રી સાથે લગભગ ચાલીસ જેટલા સાધક ભાઈ-બહેનો કોબાથી અમદાવાદ આદરણીય સેવાભાવી ભાઈશ્રી સમીરભાઈ સુબોધભાઈ શાહના નિવાસસ્થાને આવ્યા હતા; જ્યાં શ્રી સ્વ. ભોગીભાઈ, સ્વ. સુબોધભાઈ તથા શ્રી ચંદ્રકાંતભાઈ શિવલાલ શાહ (સાયકલવાળા) બૃહદ પરિવારે સૌનું ભાવભીનું સ્વાગત કર્યું હતું. તેમની સોસાયટીની સામે એક ઘર દેરાસરમાં સૌએ પરમાત્માના દર્શન કર્યા હતા. ભક્તિમાં પ્રથમ ત્રણ મંત્રના જાપ કર્યા હતા. બહેનશ્રી બેલાબેન સમીરભાઈ તથા બહેનશ્રી સંગીતાબેને ભાવપૂર્વક વિનયપાઠ લીધો હતો. તે પછી શ્રી દેવગુરુશાસ્ત્રપૂજાની જયમાલાની બારભાવનાનું પારાયણ કર્યું હતું. આદ. બા.બ્ર. શ્રી સુરેશજી, બા.બ્ર. શ્રી અલકાબહેન તથા બા.બ્ર. શ્રી જનકબહેન, શ્રી કપિલભાઈ, શ્રી નવનીતભાઈ મિશ્રા વગેરેએ ભાવવાહી ભક્તિ કરાવી સૌના ભાવ ઉલ્લસિત કર્યા હતા. પૂજ્યશ્રીએ તેમના માર્મિક બોધમાં જણાવ્યું હતું કે નિરંતર પ્રભુસ્મરણ અને પ્રભુપ્રાર્થના દ્વારા પરમાત્મા તથા શ્રી સદ્ગુરુને આપણા હૃદયમાં બિરાજમાન કરવાના છે.

ભક્તિ પછી શ્રી ૧૦૦૮ શ્રી પાર્શ્વનાથ ભગવાન, આચાર્યપ્રવર શ્રી કુંદકુંદસ્વામી તથા પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીના ચિત્રપટોની ઉલ્લાસપૂર્વક ભક્તિભાવ સહિત સ્થાપના કરવામાં આવી હતી.

સ્થાપના બાદ સૌએ ભોજનપ્રસાદી લીધી હતી. ઘણી સારી સંખ્યામાં મુમુક્ષુઓ આ પ્રતિષ્ઠામાં પધાર્યા હતા. સમગ્ર પરિવારમાં અપૂર્વ ઉલ્લાસભાવ હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન બા.બ્ર.બહેનશ્રી અલકાબહેન સુપેરે કર્યું હતું.

## સંસ્થા સંચાલિત નિઃશુલ્ક છાશકેન્દ્રો અંગે વિજ્ઞપ્તિ

આધ્યાત્મિક પ્રવૃત્તિઓની સાથે સાથે સંસ્થા દ્વારા સમાજકલ્યાણની પ્રવૃત્તિઓ પણ થતી રહે છે. ઘણા વર્ષોથી સંસ્થા દ્વારા, સંસ્થાની આસપાસના જરૂરતમંદ ગ્રામ્યજનો માટે નિઃશુલ્ક છાશવિતરણ કરવામાં આવે છે. આગામી એપ્રિલ માસથી સંસ્થા દ્વારા છાશકેન્દ્રો શરૂ થશે. આ છાશકેન્દ્રોના નિભાવ માટે આર્થિક સહયોગની આવશ્યકતા છે. આ અંગે રસ ધરાવતા દાતાઓએ સંસ્થાના કાર્યાલયનો સંપર્ક સાધવા વિનંતી છે.

## સંસ્થા સંચાલિત 'વિદ્યા-ભક્તિ-આનંદધામ' ગુરુકુળના વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ ફંડ

સંસ્થા સંચાલિત ગુરુકુળના બાળકો માટે 'શ્રી ધરમચંદ ના. શેઠ શિષ્યવૃત્તિ ફંડ'ની યોજના શ્રી કિશોરભાઈ ધરમચંદ શેઠ (રાણપુર) પરિવાર તરફથી કરવામાં આવી છે. આ શિષ્યવૃત્તિનો ઉપયોગ ધો.૧૦માં અભ્યાસ કરતા, બધી રીતે સુયોગ્ય અને આર્થિક દૃષ્ટિએ સાધારણ એવા બે વિદ્યાર્થીઓના શૈક્ષણિક સહાય માટે કરવામાં આવશે.

## રમતગમત ક્ષેત્રે ગુરુકુળના બાળકોની સિદ્ધિઓ

ગાંધીનગર ઈન્ટર સ્કૂલ ખેલકૂદ સ્પર્ધા (૨૦૧૪)માં સંસ્થા સંચાલિત ગુરુકુળના નીચેના વિદ્યાર્થીઓ વિજેતા થયા હતા :

- **૧૦૦ મીટર દોડ :** (૧) સોલંકી સાગર માવજીભાઈ - પ્રથમ સ્થાન
  (૨) બલદાણીયા અજય નરસિંહભાઈ - બીજું સ્થાન
- **લીંબુચમચી :** (૧) બલદાણીયા અજય નરસિંહભાઈ - પ્રથમ સ્થાન
  (૨) ધોરીયા ઋત્વિક વલ્લભભાઈ - બીજું સ્થાન
- **કોથળાદોડ :** (૧) પ્રજાપતિ પાર્થ રાજેશભાઈ - પ્રથમ સ્થાન
  (૨) ગઢવી અશ્વિન ઝવેરદાન - બીજું સ્થાન
- **ત્રિપગીદોડ :** (૧) સોલંકી સુનીલ દલસુખભાઈ - પ્રથમ સ્થાન
  જાળોંધરા સાગર મનસુખભાઈ - પ્રથમ સ્થાન
  (૨) મકવાણા રાકેશ બાબુભાઈ - બીજું સ્થાન
  મેર રાહુલ ડાહ્યાભાઈ - બીજું સ્થાન
- **ઊંચીકૂદ :** (૧) બલદાણીયા અજય નરસિંહભાઈ -પ્રથમ સ્થાન
  (૨) ખેરાળીયા અક્ષય વલ્લભભાઈ - બીજું સ્થાન

સંસ્થા ઉપરોક્ત વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવે છે.

## સંસ્થાના મેડિકલ સેન્ટરમાં આર્થિક સહયોગ આપનાર દાનવીર મહાનુભાવો

સંસ્થાના મેડિકલ સેન્ટરમાં આર્થિક સહયોગ આપનાર નીચેના દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે :

(૧) આદ.શ્રી રમાબેન એન. શાહ (અમેરિકા) રૂા.૪૨,૦૦૦
(મેડિકલ કેમ્પ (તા. ૧૫-૨-૨૦૧૫)માં દવાના વિતરણ માટે)

(૨) આદ.શ્રી મયૂરભાઈ દોશી, ગીતાબેન શાહ તથા સુનિતભાઈ દોશી, અમેરિકા રૂા.૧૫,૦૦૦
(હસ્તે : આદ.શ્રી સરલાબેન ધીરજલાલ દોશી)

(૩) આદ.શ્રી રૂપલબેન નવીનભાઈ પટેલ તથા આદ.શ્રી લતાબેન નવીનભાઈ પટેલ રૂા.૧૧,૦૦૦
(વ્હેટીસબર્ગ, યુ.એસ.એ.) (હસ્તે : આદ.શ્રી મહેન્દ્રભાઈ ખંધાર)

## ઇંગ્લેન્ડના સૌથી વિશાળ જૈન દેરાસરની પહેલીવાર મુકાલાતે પધારેલા પ્રિન્સ ઓફ વેલ્સને ‘અહિંસા એવોર્ડ’

ઈન્સ્ટિટ્યુટ ઑફ જૈનોલોજીના રજતજયંતી પ્રસંગે ઈંગ્લેન્ડના પોટ્સબારમાં આવેલા બ્રિટનના સૌથી મોટા જૈન દેરાસરમાં સર્વપ્રથમવાર આવેલા પ્રિન્સ ઑફ વેલ્સને ‘સ્પેશ્યલ’ અહિંસા એનિવર્સરી ઍવોર્ડ એનાયત કરવામાં આવ્યો. ઈન્સ્ટિટ્યુટ ઑફ જૈનોલોજીના ચૅરમેન શ્રી નેમુ ચંદરયા અને ઓસવાળ એસોસિએશનના પ્રમુખ રક્ષિત એચ. શાહે પ્રિન્સ ઑફ વેલ્સનું સ્વાગત કર્યું હતું. એ પછી જૈન મંદિરોના

શિલ્પશાસ્ત્રના નિષ્ણાત શ્રી અર્સના સંઘરાજકાએ પ્રિન્સ ઑફ વેલ્સને આ ભવ્ય અને અનુપમ દેરાસરના શિલ્પસ્થાપત્યની ઓળખ આપી હતી. એ પછી ઓસવાલ એસોસિએશન ઑફ યુ.કે.ના આ પ્રસંગ માટે નવી સજાવટ પામેલા એસેમ્બલી હૉલમાં પ્રિન્સ ઑફ વેલ્સ આ પ્રસંગે જૈન સમાજના તેમજ જુદા જુદા ધર્મના પ્રતિનિધિઓ અને હર્ટફર્ડશાયરના લૉર્ડ લેફ્ટેનન્ટ વેલ્વીન હેટફિલ્ડના મેટર અને તેમના પત્ની, હર્ટફર્ડશાયરના હાઈ શેરીફ અને મહાનુભાવોને મળ્યા હતા. એ પછી પ્રિન્સ ઑફ વેલ્સને અહિંસા ઍવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. આ ઍવોર્ડ દર બીજી ઑક્ટોબરે મહાત્મા ગાંધીના જન્મદિવસ નિમિત્તે બ્રિટનના જૈન સમાજ તરફથી હાઉસ ઑફ કોમન્સમાં એનાયત કરવામાં આવે છે અને માનવજાતિ, પ્રાણીઓ કે પર્યાવરણ તરફ અનુકંપા દાખવનારને એ આપવામાં આવે છે.

ઇન્સ્ટિટ્યુટ ઑફ જૈનોલોજીના 'જૈનપીડિયા' પ્રોજેક્ટના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર ડૉ. મેહુલ સંઘરાજકાએ પ્રિન્સ ઑફ વેલ્સનું અભિવાદન કરતાં કહ્યું, ''આ અહિંસા ઍવોર્ડ દ્વારા ઇન્ટરફેઇથ સંવાદિતા સાધવા માટેના અને જુદા જુદા ધર્મો વચ્ચે એકતા સાધવાના તમારા પ્રયાસોનું અમે અભિવાદન કરીએ છીએ.'' આ પ્રસંગે પ્રિન્સ ઑફ વેલ્સે એમની ઐતિહાસિક મુલાકાતની સ્મૃતિરૂપે રાખવામાં આવેલી તકતીનું અનાવરણ કર્યું હતું અને ઇન્સ્ટિટ્યુટ ઑફ જૈનોલોજીનો ગ્રંથ તેમને અર્પણ કરવામાં આવ્યો હતો. બ્રિટનની તમામ જૈન સંસ્થાઓનું પ્રતિનિધિત્વ કરતાં ઇન્સ્ટિટ્યુટ ઑફ જૈનોલોજીના ચેરમેન શ્રી નેમુ ચંદરયાએ કહ્યું હતું, ''બ્રિટનમાં જુદાં જુદાં ૩૦ જેટલાં જૈન સમાજો માત્ર 'જૈન' બેનર હેઠળ એકત્રિત થયા છે અને ઇન્સ્ટિટ્યુટ ઑફ જૈનોલોજી ગવર્નમેન્ટમાં અને ઇન્ટરફેઇથ બાબતોમાં એમનું પ્રતિનિધિત્વ કરે છે. ઇન્સ્ટિટ્યુટ ઑફ જૈનોલોજી જૈન ફિલોસોફી અને મૂલ્યો વિશે કલા, સંસ્કૃતિ અને શિક્ષણના માધ્યમથી જાગૃતિ લાવવા માટે પ્રયાસ કરે છે. અહિંસા, અનુકંપા અને દયા એ જૈનધર્મનું હૃદય છે.''

## વૈરાગ્ય સમાચાર



**[૧] અમદાવાદ :** શ્રીમદ્ રાજચંદ્ર નિજાભ્યાસ મંડપ તથા વિહારભવન ટ્રસ્ટ (અમદાવાદ-વડવા-ઈડર)ના માનનીય ટ્રસ્ટી**શ્રી સુપ્રિમભાઈ પ્રવીણચંદ્ર શાહ**નું તા. ૨૬-૧૨-૨૦૧૪ના રોજ ૫૬ વર્ષની વયે દેહાવસાન થયું છે. નાનપણથી જ ધાર્મિક સંસ્કારોનો વારસો તેમના માતા-પિતા તરફથી મળ્યો હતો. ટ્રસ્ટમંડળમાં જોડાઈને ઘંટીયા પહાડ - ઈડર, વડવા આશ્રમ તથા અમદાવાદમાં તેઓશ્રીએ પોતાની સેવાઓનો લાભ આપી સંસ્થાના વિકાસમાં બહુમૂલ્ય યોગદાન આપ્યું હતું. આ ઉપરાંત શ્રી પારૂલનગર જૈન સંઘ (અમદાવાદ), Rissios વગેરેના માધ્યમથી જૈનશાસનની પ્રભાવનાના કાર્યો કર્યાં. તેઓશ્રીનું ધૈર્યવાન, નીડર, નિષ્ઠાવાન, મહેનતુ અને પ્રામાણિક જીવન સૌ ધર્મપ્રેમી લોકો માટે પ્રેરણારૂપ બની રહેશે. તેઓશ્રીની પૂજ્યશ્રી યોગેશભાઈ પ્રત્યેની અતૂટ શ્રદ્ધા અને સમર્પણભાવ અનન્ય હતા. પ્રભુભક્તિ, ગુરુભક્તિ, સાધર્મિક ભક્તિ, અનુકંપા, શાસનસેવા જેવા સદ્ગુણોથી જીવનને મહેકતું કરનાર તેઓશ્રી સાચા અર્થમાં 'સુપ્રિમ' બન્યા. ઈડર ઘંટિયા પહાડ પર પૂજ્યશ્રી યોગેશભાઈ સાથે સત્સંગ કરતા અને અંતે 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ'ની ધૂન સાંભળતાં સાંભળતાં તેઓએ નશ્વર દેહનો ત્યાગ કર્યો. સ્વર્ગસ્થની પ્રાર્થનાસભામાં આપણી સંસ્થામાંથી પૂજ્ય બહેનશ્રી સહિત કેટલાક મુમુક્ષુઓએ હાજરી આપી હતી. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે અને તેઓશ્રીની અધ્યાત્મયાત્રા નિર્વિઘ્ને પૂર્ણ થઈ અંતે પરમપદને પ્રાપ્ત કરે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

# વીણેલા મોતી

સંકલન : કિરીટભાઈ એમ. શેઠ

- તન કી સફાઈ સબ કરે, મન કી કરે ન કોઈ; જો સફાઈ મન કી કરે, તો કાહે તન હોય.
- આંખે ચલી ગઇ તો રોશની ક્યા કામ કી ?
  યાદ કીયા ખુદા કો ન મિલે તો બંદગી ક્યા કામ કી ?
  દિલ કી બાત દિમાગ તક નહી પહોંચે, તો શાયરી ક્યા કામ કી ?
  મનુષ્યજન્મ મિલા ઔર મુક્તિ ન મિલે તો જિંદગી ક્યા કામ કી ?
- ગુરુચરણ મેં સુખ હૈ, જો માને મનસુખ; ગુરુમાં પ્રભુ રૂપ નિરખે, તો પામે સમકિત કેરુ સુખ.
- ઓ માનવ તું કેમ ડરે છે, શિદને ચિંતા સૌની કરે છે;
  પરિવર્તનશીલ આ સંસારે આજે છે તે કાલે નહીં રહેવાનું,
  ક્ષણે ક્ષણે આત્માને યાદ કરીશ તો ભાવમરણ અટકી જવાનું,
  મૃત્યુને મારી નાખી અજર, અમર, અવિનાશી થવાનું.
- જગતને જાણ્યું પણ જાતને ન જાણી, આ છે માનવ તારી કહાણી, એમ કહે છે પ્રભુ મહાવીરની વાણી.
- મૃત્યુ છે તે સૌનો મિત્ર છે. રોગી, ભોગી અને નીરોગીની રાખે છે સંભાળ,
  નવા વસ્ત્ર પહેરાવી દઇ સુખ આપે છે અપરંપાર.
- દેહથી આત્મા ભિન્ન છે, તે જ બ્રહ્મજ્ઞાન છે; બાકી સૌ બીજું બધું, વિનય વિવેકથી જાણ.
- રામ મહાવીર બાતેં કરે, ક્યોં ફિરતે હૈ જન; અંતરમાં ઝાંખી જૂએ તો, બની જાય અરિહંત.
- ભલે કરો તમો સઘળા કામ, નહીં ભૂલો આત્માનું ભાન.
- હસીમજાકનો સમય નથી, સમજી લેજો સૌ સાધકજન;
  બહુ હસશો તો રડવું પડશે, નહીં આવે દુ:ખોનો અંત.
- જડ-ચેતનનો જાણે જે ભેદ, તે વિરલા કરશે ભવછેદ;
  જો તું જીવતો વસ્તુ ખરી, જો તું શિવ તો બન્યો હરિ.
- મન કહે હું મર્કટ છું, પગ વગર પણ દોડું છું; વૈરાગ્ય અભ્યાસ મારા ગુરુ, બાકી કોઈથી ન ડરું.
- કદી ખબર પૂછે છે મારી, કેમ જાય છે ક્ષણ ક્ષણ અમારી;
  મોહમાયામાં ડૂબી ગયો, યમરાજની જાળમાં ફસાઈ ગયો.
- મન કી માની જે કરે, પીછે સે પસ્તાય; બોયે ઝાડ બબુલ કા, આમ કહાઁસે ખાય.
- ભલે કરો તમે સઘળા કામ, નહિ ભૂલો આત્માનું ભાન.
- આનંદ છે આત્માનો ભાઈ, સૌની સાથે કરે સગાઈ;
  નથી શત્રુ મિત્ર એને કાંઈ, સદાય રહે પ્રભુભક્તિ માંય.
- જીવન મરણ વચ્ચેનું અંતર, તેમાં રહો સદા અભ્યંતર;
  સુખદુ:ખ માને એક સમાન, તો જ થાય આત્માનું જ્ઞાન.
- ક્ષણની કિંમત જો સમજાય, તો જરૂરથી આવે આત્મવિચાર; એક ક્ષણ જ બસ છે, બાકી સૌ અસત્ છે.
- સત્ સરળ છે સમજાઇ જાય તો, અસંગતામાં કરો આનંદ;
  પ્રીતિ કરો એક આત્મા સાથે, બાકી સૌ વહેવારે સંબંધ.

Registered under RNI No. : GUJGUJ/2008/25883
Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal
Regd. No. : GAMC - 309/2015-2017 issued by SSP Ahmedabad valid upto 31-12-2017
Publication Date 15th of every month

## ઈંગ્લેન્ડના દેરાસરમાં શ્રી પ્રિન્સ ઓફ વેલ્સને 'અહિંસા એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો તે વેળાની તસવીર

(શ્રી પ્રિન્સ ઑફ વેલ્સને આવકારતાં શ્રી નેમુભાઈ ચંદરયા, શ્રી દિલીપભાઈ શાહ, શ્રી રક્ષિતભાઈ શાહ અને શ્રી કાંતિભાઈ શાહ)



**આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા**

'દિવ્યધ્વનિ' ફેબ્રુઆરી - ૨૦૧૫ના અંક માટે રૂા. ૧૧,૦૦૦/-નો આર્થિક સહયોગ

**૧ એક સદ્‌ગૃહસ્થ પરિવાર**

હસ્તે : આદ. શ્રી જયંતિભાઈ જોબાલિયા (પૂનાવાળા)

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

નોંધ : અગાઉ જાહેર કર્યા મુજબ ઓગસ્ટ - ૨૦૧૪થી આ આર્થિક સહયોગની રકમ રૂા. ૧૫૦૦૦/- કરવામાં આવેલ છે. આવતા મહિનાથી તે પ્રમાણે આવેલ સહયોગીઓના નામ 'દિવ્યધ્વનિ'માં આ જ રીતે ક્રમશઃ આપવામાં આવશે.

Printed & Published by Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra, Koba - 382 007. Dist. Gandhinagar (Gujarat). Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate, Bardolpura, Ahmedabad - 380 004. Editor : Shri Mitesh A. Shah